RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 02-07-2026 I VOL : 12 I Issue : 107 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઑફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સફળ લોકો બહાનાં નહીં, રસ્તા શોધે છે. સુખ વહેંચવાથી વધે છે.


3 
બેંગલુરુમાં હૃદય કંપાવનારી ઘટના: IT કંપનીના ડે-કેરમાં બાળકોને વૉશિંગ મશીનમાં નાંખ્યા...

4 
ટ્રમ્પ સરકાર અંદરથી તૂટી ગઈ છે : સીઝફાયર ડીલ તોડવામાં ઈઝરાયેલ વ્યસ્ત છે : ઈરાન

6 
'વેલકમ ટુ ધ જંગલ'ની કમાણી 100 કરોડને પાર:અક્ષય, સુનીલ અને પરેશની ત્રિપુટીએ...

7 
ફૂટબોલ વર્લ્ડકપમાં એમબાપ્પેના ડબલ ગોલથી ફ્રાન્સ જીત્યું


## એક નજર...

### ટ્રાન્સપરન્ટ આઉટફીટમાં મેઘા શુક્લાનો કાતિલ અવતાર



અભિનેત્રી સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે અને અવારનવાર તેની કિલર તસવીરો શેર કરીને ચાહકોને દિવાના બનાવે છે. હાલમાં જ, મેઘા શુક્લાએ બોલ્ડ પોઝ આપતી તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે, જેણે ઈન્ટરનેટ પર હલચલ મચાવી દીધી છે. આ તસવીરોમાં તેનો બોલ્ડ અને હોટ અંદાજ જોઈને ચાહકો ચોંકી ગયા છે.

## NEWS TRACK

### સિંધુ જળ ઉપર પાક. ઉકળી ઊઠ્યું : બિલાવલ ભુટ્ટોએ ભારતને એટમબોમ્બની ધમકી આપી દીધી

પાકિસ્તાને ફરી ખોખલી ધમકી ઉચ્ચારી છે. સિંધુ જળ સંધિ અંગે ભારત-પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધતી જ રહી છે. તેવામાં પાકિસ્તાન તરફથી સતત ઉશ્કેરણીજનક વિધાનો આવી રહ્યાં છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો જરદારીએ ભારત-પાક વચ્ચેની સિંધુ જળ સંધિ વિવાદ અંગે ભારત સામે આગ ઓકવા સાથે સીધી ધમકી આપી છે કે, પાકિસ્તાનને તેના જળ અધિકારો, નિર્બળ કરવાના કોઈ પણ પ્રયાસને પાકિસ્તાનના રાષ્ટ્રીય અસ્તિત્વ પરના હુમલા સમાન ગણવામાં આવશે. આટલું જ નહીં પરંતુ મંગળવારે ઈસ્લામાબાદમાં યોજાયેલા એક આંતરરાષ્ટ્રીય સેમિનારમાં સંબોધન કરતાં જણાવેલ કે ૧૯૬૦ માં થયેલી સિંધુ-જળ-સંધિ ભારતે વિલંબિત કરી છે. તેથી તે મુદ્દો માત્ર પર્યાવરણીય કે રાજદ્વારી નહીં રહેતાં પાકિસ્તાનની રાષ્ટ્રીય સલામતી અને પાકિસ્તાનનાં અસ્તિત્વ સાથે જોડાયેલો છે.

### પાકિસ્તાન બાદ હવે બાંગ્લાદેશને ચીન આપશે J-10C જેટ, ભારત પર 'સ્ટ્રિંગ ઓફ પર્લ્સ'નો ખતરો

ચીન અને બાંગ્લાદેશ વચ્ચે સંરક્ષણ સહયોગ (Defense Cooperation) ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. તાજેતરના વર્ષોમાં બાંગ્લાદેશે ચીન પાસેથી J-10C ફાઈટર જેટ, Type-15 ટેન્ક અને અન્ય આધુનિક હથિયારો ખરીદવાના મોટા કરાર કર્યા છે. આ ડીલ માત્ર બાંગ્લાદેશની સૈન્ય ક્ષમતા જ નથી વધારી રહી, પરંતુ ભારતની પૂર્વીય સરહદ પર એક નવો પડકાર પણ ઉભો કરી રહી છે. સંરક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે, ચીનની આ વ્યૂહરચના તેની 'સ્ટ્રિંગ ઓફ પર્લ્સ' (String of Pearls) નીતિનો એક ભાગ છે, જે અંતર્ગત તે ભારતના પડોશી દેશોને હથિયારો આપીને ભારતને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યું છે. બાંગ્લાદેશ આર્મીને તાજેતરમાં જ ચીની Type-15 (VT-5) લાઈટ ટેન્કનો નવો સોદો મળ્યો છે. આ ટેન્ક વજનમાં હલકી, ઝડપી અને પહાડી તેમજ, મુશ્કેલ વિસ્તારોમાં અત્યંત પ્રભાવશાળી છે. 105mm ગન અને આધુનિક ફાયર કંટ્રોલ સિસ્ટમ સાથેની આ ટેન્ક બાંગ્લાદેશની ભૌગોલિક સ્થિતિ (નદીઓ, દલદલ અને પહાડો) માટે એકદમ અનુકૂળ છે.

### MP-બિહારમાં વીજળી પડવાથી 8નાં મોત

# જમ્મુ-કાશ્મીરમાં વાદળ ફાટ્યું, અરુણાચલમાં પૂર

નવી દિલ્હી

જમ્મુ-કાશ્મીરના ડોડામાં બુધવારે સવારે 2 વખત વાદળ ફાટ્યું. ભલેસાના કલાલગીસર વિસ્તારમાં વાદળ ફાટવાને કારણે પૂર આવ્યું. પુષ્કળ કાટમાળ પહાડી પરથી વહીને રસ્તા પર આવી ગયો. જેના કારણે રસ્તાઓ બ્લોક થઈ ગયા. બીજી તરફ, અરુણાચલ પ્રદેશમાં પૂર અને ભૂસ્ખલનનો કહેર ચાલુ છે. અત્યાર સુધીમાં 4 લોકોનાં મોત થયા છે. અંજો જિલ્લાના સારતી ગામમાં ભૂસ્ખલનમાં એક વ્યક્તિનું મોત થયું. આ પહેલા કીયી પન્યોરમાં પૂરના પાણીમાં 3 લોકો તણાઈ ગયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર 2 લોકો ગુમ છે. 28 જિલ્લાના 90 હજારથી વધુ લોકો પ્રભાવિત થયા છે. આ તરફ, મધ્યપ્રદેશના હરદા-ખરગોનમાં વીજળી પડવાથી 3 લોકોનાં મોત થયા, જ્યારે બેતુલમાં એક જ પરિવારના ચાર લોકો દાઝી ગયા. બીજી તરફ, ચંપા નદીના ઉછાળામાં બાઈક સહિત બે યુવકો તણાઈ ગયા. બિહારમાં પણ



વીજળી પડવાથી 5 લોકોનાં મોત થયા. યુપીના સોનભદ્રમાં મંગળવારે સાંજે 4 વાગ્યે પિકનિક મનાવવા ગયેલા 3 લોકો વરસાદી નાળાના તેજ પ્રવાહમાં તણાઈ ગયા. એકનું મોત થયું. ઉત્તરાખંડમાં વરસાદને કારણે દેહરાદૂનમાં રિસપના નદી ગાંડીતૂર બની છે. ગંગાના વધતા જળસ્તરને જોતા ઋષિકેશમાં મંગળવાર સાંજથી 31 ઓગસ્ટ સુધી રાફ્ટિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## તમિલનાડુમાં વિજય સરકારને પાડવાનું ષડયંત્ર

નવી દિલ્હી

તમિલનાડુમાં અભિનેતા વિજયની સરકાર પાડવા માટે તમિલગા વેત્રી કડગમ (ટીવીકે)ના ધારાસભ્યોને 35 કરોડ રૂપિયાની લાંચ આપવાની ઓફરનો મામલો સામે આવ્યો છે. રાજ્યના ગુપ્તચર વિભાગે દાવો કર્યો છે કે તેણે રાજ્ય સરકારને અસ્થિર કરવાના કથિત ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે.

પક્ષના સૂત્રો અનુસાર, આ ષડયંત્રમાં કથિત રીતે ટીવીકેના 15 ધારાસભ્યોના એકસાથે રાજીનામાનું કાવતરું રચીને સરકારને પાડવાની યોજના સામેલ હતી. આ મામલે ટીવીકેના ઉથંગુરૈના ધારાસભ્ય ડો. એન. ઈલૈયા રાજાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેમને સ્પીકર વિરુદ્ધ આવનારા અવિશ્વાસ પ્રસ્તાવમાં મત આપવાના બદલામાં 35 કરોડની લાંચની ઓફર કરવામાં આવી હતી. ધારાસભ્યની ફરિયાદ બાદ અધિકારીઓએ તપાસ શરૂ કરી અને ચેન્નઈની એક કન્સલ્ટન્સી ફર્મના ત્રણ કર્મચારીઓ (તિરુનાવુક્કરાસુ, નરેશ અને ત્યાગરાજન)ની ધરપકડ કરી. . 29 જૂને ઈલૈયા રાજા દ્વારા ચેન્નઈ પોલીસ કમિશનર પાસે નોંધાવેલી ફરિયાદ મુજબ, થિરુનાવુક્કરાસુ નામના એક વ્યક્તિએ તેમનો ફોન પર સંપર્ક કર્યો હતો.

### ચોમાસુ સત્રમાં બિલ ફરી આવી શકે છે

# 30 દિવસ જેલમાં રહે તો PM-CMની ખુરશી જશે

નવી દિલ્હી

જો કોઈ વડાપ્રધાન, મુખ્યમંત્રી, કેન્દ્રીય મંત્રી કે રાજ્ય મંત્રી કોઈ ગંભીર ગુનાના કેસમાં ધરપકડ થયા પછી સતત 30 દિવસ સુધી ન્યાયિક કસ્ટડીમાં રહે છે, તો તેમને પદ છોડવું પડી શકે છે. આનાથી સંબંધિત બિલોને સરકાર ચોમાસુ સત્રમાં ફરીથી રજૂ કરી શકે છે. સૂત્રો અનુસાર, 130મા બંધારણીય સુધારા બિલ પર બનેલી સંસદની સંયુક્ત સંસદીય સમિતિ (JPC) આનાથી સંબંધિત જોગવાઈઓને હટાવવાના પક્ષમાં નથી. સમિતિ 17 જુલાઈએ પોતાના રિપોર્ટને મંજૂરી આપી શકે છે. જોકે, રિપોર્ટમાં એવા સુરક્ષા ઉપાયો ઉમેરી શકાય છે, જેથી રાજકીય બદલાની ભાવનાથી ખોટા કેસોમાં ધરપકડ કરીને કોઈ સરકારને અસ્થિર કરવા માટે આ કાયદાનો દુરુપયોગ ન થાય. ગૃહમંત્રી અમિત શાહે આનાથી સંબંધિત 3 બિલોને ગયા ચોમાસુ સત્રમાં સંસદના બંને



ગૃહોમાં રજૂ કર્યા હતા, જેના પછી તેમને JPCને મોકલવાનો પ્રસ્તાવ મંજૂર કરી લેવામાં આવ્યો હતો. 2014 પછી ઓછામાં ઓછા 13 વર્તમાન મંત્રીઓની CBI-ED દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આમાંથી 10 ધરપકડો PMLAની કડક જોગવાઈઓ હેઠળ થઈ હતી. મોટાભાગની ધરપકડો AAP શાસિત દિલ્હી અને TMC શાસિત પશ્ચિમ બંગાળમાં થઈ હતી.

## અયોધ્યા પહોંચેલા યુપી કોંગ્રેસ અધ્યક્ષ નજરકેદ: કોંગ્રેસના ઘણા નેતાઓ નજરકેદ

અયોધ્યા

અયોધ્યા રામ મંદિરમાં દાન ચોરીને લઈને રાજકારણ ગરમાયું છે. મંદિર ટ્રસ્ટની ઓફિસનો ઘેરાવ કરવા પહોંચેલા કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અજય રાયને પોલીસે સોમવારે મોડી રાત્રે 11.30 હોટલમાં નજરકેદ કર્યા હતા. થોડીવાર બાદ તેમને કૃષિ યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસ લઈ જવાયા હતા. કોંગ્રેસના સાંસદ કિશોરી લાલ શર્મા, તનુજ પુનિયા અને ઉજ્જવલ રમણ સિંહને નજરકેદ કરવામાં આવ્યા છે. અજય રાયના નેતૃત્વમાં કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ દાન ચોરી મામલે વિરોધ કરવા પહોંચ્યું હતું; તેમણે આજે, મંગળવારે ટ્રસ્ટ ઓફિસનો ઘેરાવ કરવાની જાહેરતા કરી હતી. આ દરમિયાન, કોંગ્રેસના કાર્યકરો બપોરે 12.30 વાગ્યે રામ જન્મભૂમિ મંદિર તરફ કૂચ કરી રહ્યા હતા. પોલીસે તેમને મંદિરથી એક કિલોમીટર દૂર ટેઢી બજારમાં રોક્યા હતા. આનાથી કાર્યકરો ગુસ્સે ભરાયા, અને તેમણે પોલીસ સાથે ઝપાઝપી શરૂ કરી હતી. પોલીસે તેમને હળવો બળપ્રયોગ કરીને અટકાયતમાં લીધા હતા. આ દરમિયાન અજય રાયની પત્ની રીના રાયે વારાણસીથી વીડિયો જાહેર કરીને કહ્યું- મારા પતિનો અવાજ દબાવવા માટે ભાજપ સરકાર કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. પોલીસ જીપમાં લઈ ગયા પછી હવે અમારા સહયોગીઓને ખોટી માહિતી આપીને ભટકાવવામાં આવી રહ્યા છે. 'દાન ચોરો' વિરુદ્ધ લડાઈ ચાલુ રહેશે. જો મારા પતિને કંઈ પણ થાય છે, તો સંપૂર્ણ જવાબદારી આ અધર્મી ભાજપ સરકારની રહેશે. આ પહેલા, સોમવારે પોલીસે SBIની અયોધ્યા ધામ બ્રાન્ચ પહોંચીને જેલમાં બંધ 8 આરોપીઓના બેંક ખાતા તપાસ્યા.

## PM મોદીએ સચિવો સાથે ઉચ્ચસ્તરીય બેઠક કરી



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સેવા તીર્થમાં ભારત સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોના સચિવો સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી. આ દરમિયાન તેમણે સરકારી યોજનાઓની લોકોના જીવન પર પડતી વાસ્તવિક અસર પર ધ્યાન કેન્દ્રિત કરવા અને મંત્રાલયો વચ્ચે સંકલન માટે પીએમ ગતિશક્તિ (PM GatiShakti) પ્લેટફોર્મના વ્યાપક ઉપયોગ પર ભાર મૂક્યો.

## છેલ્લા 6 મહિનામાં સોનું 20% અને ચાંદી 43% સસ્તી

અયોધ્યા

વર્ષના પહેલા 6 મહિના રોકાણકારો માટે ઉતાર-ચઢાવવાળા રહ્યા. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીના રેકોર્ડ સ્તરથી સોનું લગભગ 20% અને ચાંદી 43% સુધી સસ્તી થઈ ગઈ. જ્યારે, સેન્સેક્સમાં 11% અને નિફ્ટીમાં 8.6%નો ઘટાડો નોંધાયો. મજબૂત ડોલર અને અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરો ઘટાડવાના સંકેત ન મળવાથી સોના-ચાંદી પર દબાણ આવ્યું. બીજી તરફ, અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે શેરબજાર દબાણમાં રહ્યું. અમેરિકી ફેડરલ રિઝર્વના નવા ચેરમેન કેવિન વોર્શના કડક વલણ બાદ રોકાણકારોને વ્યાજ દરોમાં જલ્દી રાહત મળવાની આશા ઓછી થઈ ગઈ. તેની અસર સોનાની માગ પર પડી. ઈરાન યુદ્ધથી તણાવને કારણે ગ્લોબલ ગ્રોથ અને વધતી મોંઘવારીને કારણે શેરબજારનું સેન્ટિમેન્ટ નબળું પડ્યું. કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયાનું કહેવું છે કે શોર્ટ ટર્મમાં ETFમાંથી ઉપાડ અને ઉતાર-ચઢાવને કારણે સોનામાં 2% થી 5% સુધીનો વધુ ઘટાડો આવી શકે છે. જોકે, વર્ષના અંત સુધીમાં તેમાં 12% થી 15%નો ઉછાળો આવવાની અપેક્ષા છે. ઈક્વિનોમિક્સ રિસર્ચ પ્રા. લિ. ના સ્થાપક જી. ચોકાલિંગમનું કહેવું છે કે આગામી 6 મહિનામાં સ્મોલકેપ અને મિડકેપ શેર, સેન્સેક્સ અને નિફ્ટી જેવા લાર્જકેપ શેરો કરતાં વધુ સારું પ્રદર્શન કરી શકે છે. એસબીઆઈ સિક્યોરિટીઝના સુદીપ શાહના મતે, નિફ્ટી હાલમાં કન્સોલિડેશનમાં છે. 23,730-23,700નું સ્તર મહત્વપૂર્ણ સપોર્ટ હશે.

# ભારત પર વિદેશી દેવું વધ્યું!

## એક વર્ષમાં રૂ.2.18 લાખ કરોડનો વધારો, કુલ 72 લાખ કરોડ : RBIના રિપોર્ટમાં ખુલાસો

નવી દિલ્હી

ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે, પરંતુ આ દરમિયાન ભારતીય રિઝર્વ બેંક (RBI)ના તાજેતરના આંકડાઓએ દેશની બહારની નાણાકીય જવાબદારીઓનું નવું ચિત્ર રજૂ કર્યું છે. RBIના તાજેતરના અહેવાલ મુજબ, દેશનું કુલ વિદેશી દેવું (Total Foreign Debt) વધીને 762.8 અબજ ડોલર એટલે કે, અંદાજે 72.15 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. માર્ચ 2026ના અંત સુધીમાં ભારતનું વિદેશી દેવું, એક વર્ષ અગાઉની સરખામણીએ 26.3 અબજ ડોલર વધ્યું છે.

RBIના જણાવ્યા અનુસાર, યુએસ ડોલરની મજબૂતાઈએ વિદેશી દેવાના વાસ્તવિક વધારાને આંશિક રીતે છુપાવી દીધો છે. જો વેલ્યુએશન ઈફેક્ટ (Valuation Effect) ને હટાવી દેવામાં આવે તો, વિદેશી દેવામાં આ વધારો 26.3 અબજ ડોલર નહીં, પરંતુ અંદાજે 51 અબજ ડોલર હોત. કોઈપણ દેશ માટે માત્ર દેવાની રકમ જ મહત્વની નથી હોતી, પરંતુ તેની અર્થવ્યવસ્થાના કદની સરખામણીમાં દેવું કેટલું છે તે જોવામાં આવે છે. આ માપદંડ પર જોઈએ તો, ભારતનું વિદેશી દેવું-GDP ગુણોત્તર (Foreign Debt-to-GDP Ratio) વધીને 20.8 ટકા પર પહોંચી ગયું છે, જે એક વર્ષ પહેલા 19.8 ટકા હતું. જોકે, અન્ય ઉભરતી અને વિકસિત અર્થવ્યવસ્થાઓની સરખામણીમાં આ ગુણોત્તર હજુ પણ નિયંત્રિત ગણાય છે. રિપોર્ટમાં એક રસપ્રદ બાબત સામે આવી છે કે, વિદેશી દેવામાં આ તાજેતરના વધારા પાછળ મુખ્ય હાથ પ્રાઈવેટ સેક્ટર (Private Sector)નો છે,




જ્યારે સરકારનું વિદેશી દેવું ઘટ્યું છે. નોન-ફાઈનાન્સિયલ કોર્પોરેટ કંપનીઓ એકલી જ કુલ વિદેશી દેવામાં 36.4 ટકા હિસ્સો ધરાવે છે. વિદેશી બજારોમાંથી અપેક્ષાકૃત સસ્તું ફંડ મળવાને કારણે ભારતીય કંપનીઓ બહારથી વધુ ઉધારી લઈ રહી છે. એક વર્ષ કે તેથી ઓછા ટૂંકા ગાળાના (Short Term) વિદેશી દેવાનો હિસ્સો વધીને 19.6 ટકા થયો છે, જે ગયા વર્ષે 18.3 ટકા હતો. વૈશ્વિક પરિસ્થિતિ બગડે કે, ડોલર વધુ મજબૂત થાય ત્યારે ટૂંકા ગાળાના દેવાનું જોખમ ઝડપથી વધે છે. વિદેશી મુદ્રા ભંડારની સરખામણીમાં શોર્ટ ટર્મ દેવાનો ગુણોત્તર પણ વધીને 21.6 ટકા થયો છે, જે ગયા વર્ષે 20.1 ટકા હતો. ભારતના કુલ વિદેશી દેવામાં સૌથી મોટો હિસ્સો અમેરિકી ડોલરનો છે.

### સરકારને સાયબર ક્રાઈમ અને ફ્રોડ વધવાની આશંકા

# કેન્દ્ર સરકારની મોટી કાર્યવાહી, વોટ્સઅપનું વિવાદાસ્પદ ફીચર 'હૉલ્ડ', નોટિસ ફટકારાઈ

નવી દિલ્હી

વોટ્સઅપના નવા 'યુઝરનેમ' ફીચર સામે ભારત સરકારે કડક વલણ અપનાવ્યું છે. સરકારે તેની પેરેન્ટ કંપની મેટાને નોટિસ મોકલીને આ ફીચરનું લોન્ચિંગ હાલ પૂરતું 'હોલ્ડ' પર રાખવા અથવા અટકાવી દેવા આદેશ કર્યો છે. આ મામલે સરકાર સાથે સંપૂર્ણ ચર્ચા ન થાય ત્યાં સુધી તેને લોન્ચ ન કરવા કહેવામાં આવ્યું છે. 3 દિવસમાં જવાબ આપવા અલ્ટીમેટમ કેન્દ્ર સરકારે મેટા કંપનીને નોટિસનો વિગતવાર જવાબ આપવા માટે 3 દિવસનો સમય આપ્યો છે. સરકાર આ ફીચરના સિક્યોરિટી અને પ્રાઈવસી પાસાઓની બારીકાઈથી તપાસ કરી રહી છે. જો તપાસમાં કોઈ મોટી ખામી જણાશે તો આગામી સમયમાં કંપની સામે વધુ કડક પગલાં લેવાઈ શકે છે. શું છે આ નવું 'યુઝરનેમ' ફીચર? આ ફીચર ટેલિગ્રામ એપની જેમ કામ કરે છે. અત્યાર સુધી વોટ્સઅપ પર કોઈ નવી વ્યક્તિ સાથે વાત કરવા માટે મોબાઈલ નંબર શેર કરવો ફરજિયાત હતો. આ ફીચર આવ્યા બાદ યૂઝર્સ પોતાનો મોબાઈલ નંબર છુપાવીને માત્ર એક યુનિક 'યુઝરનેમ' દ્વારા પણ અન્ય લોકો સાથે ચેટ કરી શકશે. કંપનીનો દાવો છે કે આનાથી યૂઝર્સની પ્રાઈવસી વધુ મજબૂત બનશે. કેમ ચિંતામાં છે ભારત સરકાર? સરકારને આશંકા છે કે આ ફીચરનો ખોટો ઉપયોગ ઓનલાઈન ફ્રોડ અને સાયબર ક્રાઈમમાં




મોટો વધારો કરી શકે છે. જો કોઈ સ્કેમર અન્ય વ્યક્તિ, પ્રખ્યાત સેલિબ્રિટી કે પ્રતિષ્ઠિત કંપનીના નામે નકલી યુઝરનેમ બનાવી લે, તો સામાન્ય લોકો છેતરાઈ શકે છે. અગાઉ ટેલિગ્રામ પર પણ આવા ફેક પ્રોફાઈલ દ્વારા ઠગાઈના અનેક કિસ્સા સામે આવી ચૂક્યા છે. વોટ્સઅપના CEOએ શું કહ્યું? વોટ્સઅપના નવા સીઈઓ કુણાલ શાહે સોશિયલ મીડિયા પર લોકોને પોતાના યુઝરનેમ વહેલી તકે રિઝર્વ કરવા અપીલ કરી છે. બીજી તરફ, કંપનીએ બચાવ કરતા જણાવ્યું છે કે દરેક યુઝરનેમ એકદમ યુનિક હશે. કોઈ તેની નકલ ન કરી શકે તે માટે હાઈ-પ્રોફાઈલ નામો પહેલેથી જ બ્લોક રાખવામાં આવશે. આ સિવાય કંપની કોઈ પબ્લિક ડિરેક્ટરી પણ નહીં બનાવે, એટલે કે જેની પાસે તમારું યુઝરનેમ હશે તે જ તમને શોધી શકશે. ક્રિએટર્સ, બિઝનેસ અને સંસ્થાઓ જ્યાં શક્ય હશે ત્યાં, તેમના ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવું જ યુઝરનેમ વોટ્સએપ પર પણ લઈ શકશે. જાણીતી હસ્તીઓ અને મોટી બ્રાન્ડ્સના કેટલાક યુઝરનેમ પહેલેથી જ સુરક્ષિત (Reserved) રાખવામાં આવશે, જેથી કોઈ નકલી એકાઉન્ટ બનાવીને તેમની ઓળખનો દુરુપયોગ ન કરી શકે. વર્તમાન ચેટ્સ, કોન્ટેક્ટ્સ અને ગ્રુપ્સ પહેલાની જેમ જ કામ કરશે. જે લોકો પાસે પહેલેથી તમારો નંબર છે, તેમના માટે કંઈ બદલાશે નહીં. એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન, બ્લોક અને રિપોર્ટ જેવા તમામ સુરક્ષા ફીચર્સ પહેલાની જેમ જ કામ કરતા રહેશે. નવા લોકો સાથે વાત કરવા માટે મોબાઈલ નંબર શેર કરવો પડશે નહીં. યુઝર્સની પ્રાઈવસી પહેલા કરતા વધુ મજબૂત બનશે. સ્પામ અને અનિચ્છનીય મેસેજ ઘટાડવામાં મદદ મળશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## રીલ બનાવવાનો શોખ ભારે પડ્યો : ઈલેક્ટ્રિક બસના સ્ટિયરિંગ સામે મોબાઈલમાં રીલ બનાવી મુસાફરોના જીવ જોખમમાં મૂક્યા

વડોદરા

વડોદરા મહાનગરપાલિકા દ્વારા ટૂંક સમય પહેલા જ શરૂ કરવામાં આવેલી ઈલેક્ટ્રિક બસ સેવાને લઈને વિવાદ સર્જાયો છે. દોડતી બસમાં ડ્રાઈવર સ્ટિયરિંગ પર પૂરતું ધ્યાન આપવાના બદલે મોબાઈલમાં રીલ બનાવતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મુસાફરોની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. વીડિયો વાયરલ થતા પોતાના પેજ પરથી વીડિયો હટાવ્યો છે, પરંતુ આ એકાઉન્ટમાં મોટા ભાગના વિડિઓમાં આ ડ્રાઈવર સ્ટીયરિંગ પર રીલ બનાવવાનો શોખીન લાગી રહ્યો છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ વિડિયોમાં ઈલેક્ટ્રિક બસનો ડ્રાઈવર બસ ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ કરી રીલ બનાવતો જોવા મળે છે. ડ્રાઈવરની આ બેદરકારીથી બસમાં મુસાફરી કરતા લોકોના જીવ જોખમમાં મૂકી રીલ બનાવવી કેટલી જોખમી છે. જાહેર પરિવહનમાં ડ્રાઈવરે વાહન ચલાવતી વખતે સંપૂર્ણ ધ્યાન માર્ગ પર રાખવું જરૂરી હોવા છતાં મોબાઈલનો ઉપયોગ કરવામાં આવતાં સુરક્ષા નિયમોના પાલન અંગે પ્રશ્નો ઉઠ્યા છે. સોશિયલ મીડિયામાં વીડિયો ઝડપથી વાયરલ થતાં વડોદરા મહાનગર પાલિકા દ્વારા જાહેર પરિવહન તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. આજના સમયમાં સોશિયલ મીડિયાનું વધતું વળગણ લોકોને રીલ અને વાયરલ થવાની હોડ તરફ દોરી રહ્યું છે. કેટલાક લોકો અવનવા અખતરા કરતા હોય છે, જેના કારણે ક્યારેક પોતાનો તો ક્યારેક બીજાના જીવ પણ જોખમમાં મુકાય છે.

## અમરેલી જિલ્લામાં મેઘ મહેર: રાજુલા-જાફરાબાદ સહિત અનેક પંથકોમાં કડાકા-ભડાકા સાથે વરસાદ, નદીઓ વહેતી થઈ

અમરેલી

રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. બુધવારે(1 જુલાઈ) રાજ્યના 70 તાલુકાથી વધુ સ્થળોએ વરસાદી માહોલ છે. મેઘરાજાએ દક્ષિણ ગુજરાતમાં ધડબડાટી બોલાવવાની સાથે સૌરાષ્ટ્રમાં મેઘમહેર જોવા મળી રહી છે. જેમાં અમરેલીના રાજુલા, જાફરાબાદ, ખાંભા, લાઠી, ધારી સહિત ગ્રામ્ય વિસ્તારોમાં કડાકા-ભડાકા સાથે વરસાદ ખાબક્યો છે. ધોધમાર વરસાદને લઈને જાફરાબાદમાં ભાડીયો નદી બંને કાંઠે વહેતી થઈ છે. આમ, જિલ્લામાં સારો એવો વરસાદ થતાં ખેડૂતોમાં હરખ છવાયો છે.

રાજ્યમાં દક્ષિણ ગુજરાતની સાથે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ભારે વરસાદી માહોલ છે. જેમાં અમરેલી જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો છે. જેમાં રાજુલાના કોસ્ટલ બેલ્ટ અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. આમ, રાજુલા શહેર સાથે પીપાવાવ પોર્ટ, ખાખબાઈ, છતડીયા, હિંડોરણા, કાતર, કોટડી, બારપટોળી અને રાજુલાના ખેરા, પટવા, સમઢિયાળા, કડિયાળી, ડુંગર, માંડળ, મોરંગી, કુંભારીયા, દેવકા, ખાંભાલીયા સહિતના ગામોમાં સારો એવો વરસાદ થયો છે. આમ, ભારે બફરા બાદ વરસાદનું આગમાન થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જ્યારે વરસાદની શરૂઆત થતાં જગતનો તાતમાં પણ આનંદ જોવા મળી રહ્યો છે. ખાંભા ગીરના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘમહેરની સ્થિતિ છે. જેમાં ખાંભા શહેર અને ભાવરડી, તાલડા, ચોત્રા, ત્રાકુડા, ભાડેર, મોણવેલ, પીપરીયા, માલસીકા, ડાંગાવદર સહિત ગીરના ગામડાંઓમાં મેઘમહેરથી જગતના તાત ખુશખુશાલ જોવા મળી રહ્યા છે. જાફરાબાદના લોર, ફાચરીયા, કાગવદર, મીઠાપુર, દુધાળા, હેમાળ, લોર, પાટી માણસા સહિતના ગામોમાં વિજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી માહોલ જોવા મળ્યો છે. પાટી માણસા ગામે ધોધમાર વરસાદ થવાના કારણે ભાડીયો નદી બંને કાંઠે વહેતી થઈ છે. અમરેલી જિલ્લાના મોટાભાગના તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં બગસરા અને વડીયાના અનેક સ્થળોએ સારો એવો વરસાદ વરસ્યો છે.

## તળાજા શહેરમાં સવારે રસ્તા ચોખ્ખા અને રાત્રે ગંદકીથી ભરભૂર

તળાજા

તળાજા - તળાજા શહેરમાં સફાઈ કર્મીઓ સફાઈ કરે ટેમ્પલ બેલ કચરો ઉઘરાવે છતા રાત પડે અને શેરી મહોલ્લાના જાહેર સ્થળો પર કચરાના ઢગલા જોવા મળે છે જેની પાછળ ચોક્કસ મેન્ટાલીટીવાળી જના પણ કારણભૂત છે. જે જાહેરમાં કચરો નાખવા ટેવાયેલી છે પરંતુ તંત્ર પણ નિરસ છે કે આવા લોકો સામે મુકપ્રેક્ષક બને છે. સ્વચ્છ ભારત અભિયાનના તળાજાના લોકો જ ધજાગરા કરી રહ્યા હોવાનો ઘાટ સામે આવ્યો છે. સફાઈ કર્મી કામ કરી રહ્યા છે, કચરો લેવા માટે ઘરે ઘરે દુકાને ગાડીઓ દોડે છે, ટ્રેક્ટર સહિતના વાહનો દોડે છે છતાંય વહેલી સવારે સફાઈ થયેલ જાહેર રસ્તાઓ પર સાંજે કચરા-ગંદકીના ઢગલા જોવા મળે છે. સ્વચ્છતા માટે લાખ્ખો રૂપિયાનું આંધણ કરવા છતાંય પાલિકાના શાસક હોય કે વિપક્ષ અથવા તો અધિકારીથી સફાઈ કર્મીઓને મળે છે માત્ર ફરિયાદો. નગરવાસીઓને મનફાવે તેમ કોઈપણ જગ્યાએ કચરો નાખીને ગંદકી ફેલાવવા માટે અટકાવવામાં નથી આવતા. પાલિકા પાસે ગંદકી ફેલાવતા ઈસમો સામે કડક પગલા લેવાની સત્તા છે છતાંય અહીં કડક પગલા લેવામાં અધિકારીઓ અને સત્તાધીશો વામણા પુરવાર થઈ રહ્યા છે. કેટલીક દુકાનોવાળા દુકાનો બંધ કરતી વખતે રસ્તા ઉપર દિવસભરનો કચરો રોડ પર બિન્દાસ્ત એટલે ફેંકે છે કારણ કે તેઓને ખબર છે અહીં કોઈ રોકવા કે ટોકવા વાળુ નથી. ગોળા, ઠંડા પીણા, આઈસ્ક્રીમ, ભેળ પાણીપુરી કે નાસ્તાની લારીઓવાળા ધંધો પુરો થાય એટલે ગંદુ પાણી રોડ પર વહાવી દે છએ. ખાધેલ વસ્તુઓની ડિશ-ચમચીઓ રસ્તા પર ઉડતા જોવા મળે છે. અનેક ઘરમાંથી કાયમ માટે એઠવાડ, પલાળએલા ઝબલા, રસ્તા પર ફેંકવામાં આવે છે. આવા માહોલ વચ્ચે પાલિકા તાયફાઓ કરે થછએ કે ભીનો સૂકો સહિતના કચરાના નિકાલ માટે શપથ લે છે ને તેના ફોટાઓ બ્યૂરોક્રેસી ને મોકલીને સંતોષ માની લે છે.

## વડોદરામાં ચોમાસા વચ્ચે અનેક વિસ્તારોમાં તૂટેલા ગટરના ઢાંકણાથી લોકોને ભારે મુશ્કેલી

વડોદરા

વડોદરામાં ચોમાસાની ઋતુ શરૂ થતાં શહેરના અનેક માર્ગો પર તૂટેલા ગટરના ઢાંકણાં અકસ્માતનું જોખમ ઉભું કરી રહ્યા છે. આ મુદ્દે એક સામાજિક કાર્યકર પંકજ દર્વેએ ગટરના ઢાંકણાની ગુણવત્તા અને કામગીરીમાં ભ્રષ્ટાચારના આક્ષેપો કરતાં જવાબદાર અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટરોની કામગીરીની તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

કાર્યકરના જણાવ્યા મુજબ, હાલમાં કપૂરાઈ મુખ્ય માર્ગ પર ગટરનું ઢાંકણું તૂટેલું હોવાથી સ્થાનિક રહિશોએ અકસ્માત ટાળવા માટે પોતાની રીતે આડાશ ઊભી કરી છે. આવી સ્થિતિ માત્ર એક જ સ્થળે નહીં પરંતુ શહેરના અનેક વિસ્તારોમાં જોવા મળી રહી છે. ગટરના ઢાંકણાની મજબૂતાઈ તેમજ તેને બેસાડવા માટે તૈયાર કરવામાં આવતા સ્ટ્રક્ચરમાં બેદરકારી સામે આવી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે એક જ સ્થળે વારંવાર ગટરના ઢાંકણા તૂટી જતાં સમગ્ર પ્રક્રિયામાં મોટા કૌભાંડની ગંધ આવે છે. મહાનગરપાલિકા નવા ઢાંકણાં ખરીદતી હોવા છતાં એક જ સ્થળે વારંવાર ઢાંકણા તૂટી જવાના કારણોની તપાસ થવી જોઈએ. આ માટે સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની ફાઈલોની તપાસ કરી જરૂર જણાય તો કડક પગલાં ભરવા જોઈએ તેવી પણ તેમણે માંગ કરી છે.

ચોમાસામાં માર્ગો પર વરસાદી પાણી ભરાઈ જતાં તૂટેલા ગટરના ઢાંકણા દેખાતા નથી, જેના કારણે અકસ્માતનો ભય વધી જાય છે. નોંધનીય છે કે વડોદરામાં અગાઉ ગટરમાં પડી જવાથી એક વ્યક્તિનું મોત પણ થયું હતું.

### પાનસેરિયાનો ભેળસેળિયા અને નકલી દવા માફિયાઓને પણ કડક સંદેશ

# 'ગમે ત્યાં પિચકારી મારશો તો કાર્યવાહી થશે જ'- CM



■ ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા રાજ્યભરમાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થો વેચનારા તેમજ નકલી દવાઓ બનાવનારા તત્વો સામે રેડ અને કાયદેસરની કાર્યવાહી યથાવત રાખવામાં આવી છે, આવા તત્વોને કોઈ પણ સંજોગોમાં બક્ષવામાં નહીં આવે





અમદાવાદ

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્યવ્યાપી 'નમો સ્વચ્છતા અભિયાન'નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જાહેર મંચ પરથી સ્વચ્છતા અંગે કડક સંદેશ આપતાં કહ્યું કે, 'ગમે ત્યાં પિચકારી મારનારની વ્યવસ્થા થશે, થશે ને થશે જ.' તેમણે જાહેર સ્થળોએ કચરો ફેંકનાર અને ગંદકી ફેલાવનાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપતાં જણાવ્યું કે સ્વચ્છતા માત્ર અભિયાન નહીં, પરંતુ દરેક નાગરિકનો સ્વભાવ બનવો જોઈએ.

કાર્યક્રમ દરમિયાન આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ પણ સ્વચ્છતા અને આરોગ્ય સુરક્ષા અંગે સરકારના કડક વલણની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા રાજ્યભરમાં ભેળસેળયુક્ત ખાદ્યપદાર્થો વેચનારા તેમજ નકલી દવાઓ બનાવનારા તત્વો સામે રેડ અને કાયદેસરની કાર્યવાહી યથાવત રાખવામાં આવી છે. આવા તત્વોને કોઈ પણ સંજોગોમાં બક્ષવામાં નહીં આવે.

આરોગ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, સરકારી હોસ્પિટલોની દિવાલો અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડનાર લોકો સામે પણ કડક પગલાં લેવામાં આવશે. હોસ્પિટલોની દિવાલોને રંગવા અને જાળવણી પાછળ પ્રજાના નાણાં ખર્ચાય છે, તેથી જાહેર મિલકતનું રક્ષણ કરવું દરેક નાગરિકની જવાબદારી છે. રાજ્ય સરકારના આ અભિયાનનો મુખ્ય હેતુ માત્ર હોસ્પિટલો પૂરતો મર્યાદિત નથી, પરંતુ સમગ્ર રાજ્યમાં સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ લાવવાનો, જાહેર સ્થળોને સ્વચ્છ રાખવાનો અને આરોગ્ય સાથે સંકળાયેલા નિયમોનું કડક પાલન કરાવવાનો છે. સરકારે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે સ્વચ્છતા અને જાહેર આરોગ્ય સાથે કોઈ પણ પ્રકારની બેદરકારી હવે સહન કરવામાં આવશે નહીં.

## જોટાણાના લક્ષ્મીપુરા ગામે ONGCના વેલમાં ગેસ લીકેજ

### તીવ્ર દુર્ગંધથી 15 લોકોને શ્વાસની તકલીફ અને ચક્કર આવતા દોડધામ મચી

મહેસાણા

મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકામાં આવેલા લક્ષ્મીપુરા (ખારા) ગામે ONGCના એક ઓઈલ વેલમાં અચાનક ભારે અવાજ સાથે ગેસ લીકેજ થવાની ઘટના સામે આવી છે. ગેસ લીકેજને પગલે સમગ્ર પંથકમાં અને ગ્રામજનોમાં ભારે ભય અને ફફડાટનો માહોલ વ્યાપી ગયો હતો.જોતજોતામાં લીકેજ થયેલા ગેસની તીવ્ર દુર્ગંધ આખા લક્ષ્મીપુરા ગામમાં પ્રસરી ગઈ હતી.જેના કારણે સ્થાનિકોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો હતો.

ગેસની આ ઝેરી અને તીવ્ર દુર્ગંધના કારણે ગામના અંદાજે 15 જેટલા લોકોને માથું દુઃખવા,ચક્કર આવવા અને શ્વાસ લેવામાં ભારે તકલીફ પડવા જેવી શારીરિક અસરો થઈ હતી. તબિયત લથડતાં આ તમામ 15 લોકોને તાત્કાલિક ધોરણે ગામના જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.


બીજી તરફ, ગામની બિલકુલ નજીક આવેલા ONGCના આ વેલમાંથી ગેસ લીક થતો જોઈ ગ્રામજનોએ ભારે સતર્કતા અને સમજદારી દાખવી હતી. સમય બગાડ્યા વિના સ્થાનિક લોકોએ તાત્કાલિક આ અંગેની જાણ ONGCના ઉચ્ચ અધિકારીઓને કરી હતી. ઘટનાની ગંભીરતાને સમજીને મેસેજ મળતાની સાથે જ ONGCની ટેકનિકલ ટીમ યુદ્ધના ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી. ટીમે તાકીદે કામગીરી હાથ ધરીને વેલને સદંતર બંધ કરી દીધો હતો અને લીકેજ પર કાબૂ મેળવ્યો હતો.

## ખેડૂતોના હિતમાં વીજપોલ સહિતના પ્રશ્ને સરકાર લેશે લાંબાગાળાનો નિર્ણય

### દર રવિવારે મંત્રીઓ કરશે સ્વચ્છતા અભિયાન, શિક્ષણ, કૃષિ, આરોગ્ય અને પાણી સહિતના અનેક મુદ્દાઓની સમીક્ષા

ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય કેબિનેટ બેઠકમાં ખેડૂતોના પ્રશ્નોથી લઈને શિક્ષણ, કૃષિ, સ્વચ્છતા, આરોગ્ય, પાણી વ્યવસ્થાપન અને ઔદ્યોગિક વિકાસ સહિતના અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે ખેડૂતોના પ્રશ્નો અંગે સરકાર દ્વારા સતત બેઠકો યોજાઈ રહી છે અને વિવિધ વિભાગોના અભિપ્રાય લેવામાં આવી રહ્યા છે. ખાસ કરીને વીજપોલ વળતર સહિતના મુદ્દે લાંબા ગાળાનો, સર્વસ્વીકાર્ય અને ખેડૂતોના હિતને પ્રાથમિકતા આપતો નિર્ણય લેવામાં આવશે. સરકાર કોઈ



ઉતાવળમાં નિર્ણય નહીં લે, પરંતુ તમામ પાસાઓનો અભ્યાસ કર્યા બાદ દરેકને અનુકૂળ થાય તેવો નિર્ણય જાહેર કરશે.

મુખ્યમંત્રી દ્વારા રાજ્યમાં 'નમો સ્વચ્છતા અભિયાન'ને વધુ વ્યાપક બનાવવાની સૂચના પણ આપવામાં આવી છે. હવે રાજ્યના તમામ મંત્રીઓ દર રવિવારે એક કલાક સ્વચ્છતા અભિયાનમાં જોડાશે. મંત્રીઓ પોતાની કચેરીઓ અને વિભાગોમાં સફાઈ કરશે તેમજ ભાજપના કાર્યકરો અને સામાન્ય નાગરિકોને પણ આ અભિયાનમાં જોડવામાં આવશે. કેબિનેટમાં કૃષિ શિક્ષણને લગતો મહત્વપૂર્ણ નિર્ણય પણ લેવામાં આવ્યો છે. નેચર ફાર્મિંગમાં B.Sc. Agricultureની ડિગ્રીને હવે ઓનર્સ એગ્રીકલ્ચર સમકક્ષ માન્યતા આપવામાં આવશે. રાજ્યપાલ છેલ્લા કેટલાક સમયથી પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રસાર માટે સતત જિલ્લાઓના પ્રવાસ કરી રહ્યા છે. તેઓ આજે ભાવનગરમાં રાત્રિ રોકાણ કરશે અને વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. મુખ્યમંત્રીએ મહાનગરોમાં આવેલા કૃષિ પેદાશ વેચાણ કેન્દ્રોની કામગીરી અંગેનો વિગતવાર રિપોર્ટ પણ મગાવ્યો છે, જેથી તેની કામગીરીની સમીક્ષા કરીને જરૂરી સુધારા કરી શકાય.

કેબિનેટમાં વડોદરામાં યોજાયેલી રીજિયોનલ વાઈબ્રન્ટ સમિટની સફળતાની પણ સમીક્ષા કરવામાં આવી હતી. સમિટમાં રૂ. 3.34 લાખ કરોડથી વધુના રોકાણના પ્રસ્તાવો પ્રાપ્ત થયા હોવાનું જણાવાયું હતું, જેના કારણે 2 લાખથી વધુ રોજગારીની તકો સર્જાવાની સંભાવના છે.

### 26 વિભાગો માટે 900 સ્ટેપ્સ

## 'વિકસિત ગુજરાત @2047' હવે વિઝન નહીં, અમલીકરણનો રોડમેપ

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત @2047' ના વ્યુહાત્મક વિઝનને સાકાર કરવા માટે ગુજરાત સરકારે એક ઐતિહાસિક અને નિર્ણાયક કદમ ઉઠાવ્યું છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સફોર્મેશન (GRIT) અને સામાન્ય વહીવટ વિભાગના આયોજન પ્રભાગ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલા 'વિકસિત ગુજરાત @2047 ઈમ્પ્લિમેન્ટેશન રોડમેપ'નું ગૌરવપૂર્ણ અનાવરણ કર્યું હતું. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે, આ રોડમેપ માત્ર કાગળ પરના લક્ષ્યાંકો નથી, પરંતુ કયું કામ, કોણ કરશે અને કેટલા સમયમાં પૂરું કરશે તેની સચોટ જવાબદારી નક્કી કરતી અમલીકરણની જીવંત બ્લૂપ્રિન્ટ છે.




મુખ્યમંત્રીએ કાર્યક્રમમાં જણાવ્યું હતું કે સરકારનું અંતિમ લક્ષ્ય રાજ્યના નાગરિકોને વધુ સારી આજીવિકા, મજબૂત માળખાગત સુવિધાઓ અને સર્વસમાવેશી વિકાસ આપવાનું છે. તંત્ર દ્વારા 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ' ના કન્સેપ્ટ હેઠળ ઝીણવટભર્યું માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું છે.

તમામ સરકારી વિભાગો અને અધિકારીઓને કડક શબ્દોમાં તાકીદ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, 'હવે વહીવટમાં 'ચાલશે' જેવી શિથિલ માનસિકતા બિલકુલ નહીં ચલાવી લેવાય. કામગીરી 100 ટકા ગુણવત્તાયુક્ત હોવી જોઈએ અને ક્વોલિટી બાબતે કોઈપણ પ્રકારનું કોમ્પ્રોમાઈઝ સરકારે સ્વીકાર્ય નથી.'

### મહેસાણામાં રહેણાંક વિસ્તારમાં STP પ્લાન્ટનો ઉગ્ર વિરોધ

## પીવાનું પાણી દૂષિત થવાના ભય સાથે 20થી વધુ સોસાયટીના રહીશોએ મનપા કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું

મહેસાણા

મહેસાણામાં વિકાસ કાર્યોની વચ્ચે સ્થાનિક નાગરિકોના ઉગ્ર વિરોધનો સૂર ઉઠ્યો છે. શહેરના કમલપથ અને દેદિયાસણ વિસ્તારમાં રાધે એક્ઝોટિકા નજીક મહાનગરપાલિકા દ્વારા સૂચિત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી સામે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ પ્લાન્ટના વિરોધમાં આશરે 20 જેટલી રહેણાંક સોસાયટીઓના હજારો નાગરિકોએ એકઠા થઈને મહાનગરપાલિકા કચેરીએ ધામા નાખ્યા હતા અને મનપા કમિશનર તેમજ મેયરને આવેદનપત્ર સુપ્રત કરીને આ પ્રોજેક્ટ અન્ય સ્થળે ખસેડવાની ઉગ્ર માંગ કરી છે. સ્થાનિક રહીશો અને અરજદારોના જણાવ્યા અનુસાર, જે સ્થળે આ પ્લાન્ટનું નિર્માણ થઈ રહ્યું છે તેની બિલકુલ નજીક નર્મદાના પાણીનો અંડરગ્રાઉન્ડ સંપ એટલે કે મુખ્ય ટાંકી આવેલી છે. આ ટાંકી આસપાસની આશરે 100 જેટલી સોસાયટીઓને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડે છે. રહેણાંક વિસ્તારની વચ્ચે આ પ્લાન્ટ બનવાથી ભવિષ્યમાં પીવાનું પાણી દૂષિત થવાનો અને મોટા પાયે રોગચાળો ફાટી નીકળવાનો ભય સેવાઈ રહ્યો છે. આ ઉપરાંત, રાધનપુર રોડ અને મોઢેરા રોડ વચ્ચેના ભારે ટ્રાફિકવાળા જાહેર રસ્તાને અડીને આ પ્લાન્ટ બનવાથી ભવિષ્યમાં સર્જાનારી અસહ્ય દુર્ગંધ અને પ્રદૂષણને કારણે રાહદારીઓ તેમજ સ્થાનિક રહીશોના સ્વાસ્થ્યને મોટું નુકસાન થવાની ભીતિ છે.




રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ પ્લાન્ટનું કામ તાત્કાલિક અસરથી સ્થગિત કરી તેને કોઈ અન્ય સરકારી પડતર જમીન પર ખસેડવામાં નહીં આવે તો તેઓ કાયદાકીય માર્ગ અપનાવશે. બીજી તરફ, રહીશોની આ ઉગ્ર રજૂઆત બાદ મનપા તંત્ર પણ હરકતમાં આવ્યું છે. આ મામલે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દિપક પટેલે જણાવ્યું હતું કે, મોઢેરા રોડ પર બની રહેલા આ એસ.ટી.પી. પ્લાન્ટ અંગે રહીશોની તકલીફો અને રજૂઆતોને પગલે મનપા વહીવટી તંત્ર છેલ્લા ત્રણ દિવસથી સઘન ચર્ચા-વિચારણા કરી રહ્યું છે.

## વડોદરા ગ્રામ્ય પોલીસના 279 કર્મચારીઓની બદલી : અનેક કર્મચારીઓ એક જ સ્થળે 5 વર્ષ કરતા વધુ સમયથી ફરજ બજાવતા હતા

વડોદરા

વડોદરા ગ્રામ્ય પોલીસ વિભાગમાં પોલીસ અધિક્ષક દ્વારા મોટા પાયે આંતરિક બદલીના આદેશ કરવામાં આવ્યા છે. એક જ સ્થળે પાંચ વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા તેવા સહિતના 279 પોલીસ કર્મચારીઓની બદલી કરવામાં આવતા સમગ્ર પોલીસ બેડામાં ચર્ચાનો માહોલ જામ્યો છે. આ બદલીઓ બાદ કેટલાક કર્મચારીઓને પોલીસ સ્ટેશન અને એજન્સીમાં નવી જવાબદારી મળતાં ખુશી જોવા મળી રહી છે, જ્યારે કેટલાકને પોલીસ સ્ટેશનમાંથી ટ્રાફિક, રિઝર્વ, કંટ્રોલ રૂમ અને અન્ય શાખાઓમાં મુકાતા નારાજગી પણ વ્યક્ત થઈ રહી છે. વડોદરા ગ્રામ્ય પોલીસ વિભાગમાં લાંબા સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ તેમજ LRD જવાનોની આંતરિક બદલીનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલે 279 પોલીસ કર્મચારીઓના બદલીના હુકમો જાહેર કર્યા છે. બદલીના આદેશ મુજબ કેટલાક કર્મચારીઓને વિવિધ એજન્સીમાંથી પોલીસ સ્ટેશન, ટ્રાફિક શાખા, કંટ્રોલ રૂમ, રિઝર્વ અને અન્ય વિભાગોમાં ફરજ સોંપવામાં આવી છે. બીજી તરફ ટ્રાફિક, LIB, કંટ્રોલ રૂમ અને રિઝર્વમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓને પોલીસ સ્ટેશન અને તપાસ એજન્સીમાં મુકવામાં આવતા તેઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

### પાલિકા પાસે કાયમી પાણીની લાઈનની ઉગ્ર માંગ

## હનુમાનનગર સોસાયટીમાં છેલ્લા 10 દિવસથી પાણીનું ગંભીર સંકટ : ખાનગી બોર ફેલ થતાં 211 પરિવારો પાણી માટે મજબૂર

મહેસાણા

મહેસાણા મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ કુકસ રોડ પર આવેલી હનુમાનનગર સોસાયટીના રહીશો છેલ્લા એક સપ્તાહથી પાણીના ગંભીર સંકટનો સામનો કરી રહ્યા છે. સોસાયટીમાં પીવાના પાણીની સરકારી પાઈપલાઈન ન હોવાના કારણે અહીંના 211 જેટલા પરિવારો વર્ષોથી ખાનગી બોરના પાણી પર નિર્ભર હતા. જોકે, તાજેતરમાં જ આ ખાનગી બોરની મોટર અને પંપ સહિતની સિસ્ટમ અંદર ગરકાવ થઈ જતાં બોર સંપૂર્ણપણે બંધ પડી ગયો છે. આ અચાનક આવેલા સંકટના કારણે સ્થાનિક રહીશોને પીવા તેમજ ઘર વપરાશના પાણી માટે



વલખા મારવાનો વારો આવ્યો છે.

બોર ફેલ થવાના કારણે છેલ્લા 10 દિવસથી સોસાયટીમાં ટીપુંય પાણી આવ્યું નથી, જેને પગલે 400થી 500 જેટલા નાગરિકોની દૈનિક દિનચર્યા ખોરવાઈ ગઈ છે. હાલમાં સોસાયટીના રહીશો સંપૂર્ણપણે ખાનગી પાણીના ટેન્કરો પર નિર્ભર બની ગયા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સોસાયટીમાં રોજબરોજની જરૂરિયાત પૂરી કરવા માટે આખા દિવસમાં ઓછામાં ઓછા સાતથી આઠ ખાનગી ટેન્કરો મગાવવા પડે છે. સતત ટેન્કરો મારફતે પાણી મગાવવાના કારણે રહીશો હવે થાકી ગયા છે અને તેમના પર મોટો આર્થિક બોજ પણ આવી પડ્યો છે.ખાનગી બોરના રિપેરિંગ માટે અંદાજે રૂપિયા 4.50 લાખ જેટલો માતબર ખર્ચ થાય તેમ છે અને તેમાં લાંબો સમય લાગે તેમ હોવાથી સોસાયટીના રહીશો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

બેંગલુરુમાં હૃદય કંપાવનારી ઘટના

# IT કંપનીના ડે-કેરમાં બાળકોને વૉશિંગ મશીનમાં નાંખ્યા : ટોઈલેટ જેટથી સ્પ્રે કર્યું, 5ની ધરપકડ કરાયું

બેંગલુરુ

કર્ણાટકના બેંગલુરુ શહેરમાં એક અત્યંત ચોંકાવનારી અને માણસાઈને શર્મસાર કરે તેવી ઘટના સામે આવી છે. અહીં એક જાણીતી IT કંપનીના કેમ્પસમાં આવેલા શિશુ ગૃહ એટલે કે ડે-કેર સેન્ટરમાં માસૂમ બાળકો પર ક્રૂર અત્યાચાર ગુજારાતો હોવાનો ખુલાસો થયો છે. અહીં બાળકોને સજાના ભાગરૂપે વૉશિંગ મશીનમાં પૂરીને ચાલુ કરવાની તેમજ બાથરૂમમાં બંધ કરી દેવા જેવી અમાનવીય હરકતો કરાતી હતી. આ મામલે પોલીસે ડે-કેરના 5 આયા (Nanny-નેની)ની ધરપકડ કરીને તપાસ હાથ ધરી છે.

આ ઘટના બેંગલુરુના એક અગ્રણી IT પાર્ક સ્થિત ડે-કેર સેન્ટરમાં બની છે, જ્યાં નોકરી કરતા દંપતીઓ પોતાના નાના બાળકોને મૂકીને જતા હતા. વાલીઓએ આક્ષેપ કર્યો છે કે શિશુ ગૃહનો સ્ટાફ રડતા કે તોફાન કરતા માસૂમ બાળકોને ચૂપ રાખવા માટે અત્યંત ભયાનક રીત અપનાવતો હતો. બાળકોને ડરાવવા માટે



તેમને બંધ વૉશિંગ મશીનની અંદર મૂકીને ચાલુ કરાતું હતું. એટલું જ નહીં, ઘણીવાર તેમને અંધારા બાથરૂમમાં કલાકો સુધી પૂરી રખાતા હતા. કેટલાક બાળકોના વર્તનમાં અચાનક આવેલા ફેરફાર અને તેમના શરીર પરના ઈજાના નિશાનો જોઈને વાલીઓને શંકા ગઈ હતી. જ્યારે વાલીઓએ ડે-કેર મેનેજમેન્ટ પાસે સીસીટીવી ફૂટેજની માંગણી કરી, ત્યારે આ સમગ્ર કાળી કરતૂત સામે આવી હતી. ફૂટેજમાં સ્ટાફ મેમ્બર્સ માસૂમ બાળકો સાથે નિર્દયતાથી વર્તતા અને તેમને હેરાન કરતા સ્પષ્ટ જોવા મળ્યા હતા. આ ઘટના બાદ વાલીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. વાલીઓની ફરિયાદના આધારે સ્થાનિક પોલીસે ત્વરિત પગલાં ભરીને ડે-કેર સેન્ટરના 5 જવાબદાર સ્ટાફ મેમ્બર્સ સામે જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સંભાળ અને સંરક્ષણ) એક્ટ અને અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસ હાલ આ મામલે વધુ પુરાવા એકત્રિત કરી રહી છે અને કડક કાનૂની કાર્યવાહીની ખાતરી આપી છે.

બાગી સાંસદો અને સાથી પક્ષોનું વધશે મહત્વ

# 4 ફેક્ટર જે નક્કી કરશે મોદી કેબિનેટમાં એન્ટ્રી-એક્ઝિટ! ભલભલા મંત્રીઓની ચિંતા વધી

નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ મંત્રીમંડળ વિસ્તરણ અને ફેરબદલ ટૂંક સમયમાં થવા જઈ રહ્યું છે. તાજેતરમાં જ પીએમ મોદીએ કેન્દ્રીય સચિવો સાથે એક મહત્ત્વની બેઠક યોજીને તમામ વિભાગોનું રિપોર્ટ કાર્ડ મેળવ્યું હતું અને આગળનો રોડમેપ તૈયાર કર્યો હતો. આ બેઠકને આગામી મંત્રીમંડળ વિસ્તરણની તૈયારીઓ સાથે જોડીને જોવામાં આવી રહી છે.

મોદી સરકારમાં હાલમાં પ્રધાનમંત્રી સહિત કુલ 72 મંત્રીઓ છે, જ્યારે લોકસભાના સંખ્યાબળના આધારે મહત્તમ 81 મંત્રીઓ રાખી શકાય છે. આ રીતે 9 મંત્રી પદ પહેલેથી જ ખાલી છે. આ ઉપરાંત, કેન્દ્રીય મંત્રી જ્યોર્જ કુરિયને રાજીનામું આપી દીધું છે અને અન્ય એક મંત્રી રવનીત સિંહ બિટ્ટુ પણ ટૂંક સમયમાં પદ છોડી શકે છે, કારણ કે બંનેનો રાજ્યસભાનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે.



તેમજ કેન્દ્રીય મંત્રી પંકજ ચૌધરીને ઉત્તર પ્રદેશ અને હર્ષ મલ્હોત્રાને દિલ્હી ભાજપના પ્રદેશ અધ્યક્ષ બનાવવામાં આવ્યા હોવાથી તેમની કેબિનેટમાંથી છુટ્ટી થઈ શકે છે. આ તમામ સંજોગો જોતાં હાલમાં 10 જેટલા મંત્રી પદ ખાલી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સંસદના ચોમાસુ સત્ર પહેલા 5 જુલાઈએ અથવા તો પીએમ મોદી તેમના 3 દેશોના પ્રવાસેથી 11 જુલાઈએ પરત ફરે તે પછી ગમે ત્યારે આ મંત્રીમંડળનું વિસ્તરણ અને ફેરબદલ થઈ શકે છે. ખરાબ પર્ફોર્મન્સ ધરાવતા કેટલાક મંત્રીઓની આ વિસ્તરણમાં બાદબાકી પણ થઈ શકે છે.

આ વખતે કેબિનેટ વિસ્તરણમાં વિપક્ષી પક્ષોમાંથી બળવો કરીને આવેલા સાંસદો મોટો ફેક્ટર સાબિત થશે. તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના 20 બાગી સાંસદો NDAના સમર્થનમાં આવ્યા હોવાથી તેઓ નીતિશ કુમાર કે ચંદ્રાબાબુ નાયડુની પાર્ટી કરતાં પણ મોટો સહયોગી જૂથ બન્યા છે, જેથી તેમાંથી કોઈને મંત્રી પદ મળી શકે છે.

7ના મોત, 22ની હાલત ગંભીર

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર બસ-ટ્રેલર વચ્ચે ભયાનક અકસ્માત

નવી દિલ્હી

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર મંગળવાર અને બુધવારની મધ્યરાત્રિએ એક કાળજું કંપાવી દેનારો માર્ગ અકસ્માત સર્જાયો છે. હરિદ્વારથી ઈન્દોર જઈ રહેલી એક મુસાફરોથી ભરેલી બસ બેકાબૂ થઈને ટ્રેલર (ટ્રક) સાથે અથડાઈ હતી અને જોતજોતામાં તેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ દર્દનાક દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 7 થઈ ગયો છે, જ્યારે 22 જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. બસમાં કુલ 37 મુસાફરો સવાર હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર, રાત્રે આશરે 2:30 વાગ્યે કોલવા પોલીસ સ્ટેશન વિસ્તાર નજીક આ અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે આગ મિનિટોમાં જ આખી બસમાં ફેલાઈ ગઈ હતી અને બસનો મોટો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો.

એડિશનલ એસપી યોગેન્દ્ર ફોજદારે જણાવ્યું કે, આ દુર્ઘટના એક્સપ્રેસવે પર આવેલા રેસ્ટ એરિયા પાસે થઈ હતી. શરૂઆતની માહિતીમાં 2 લોકોના મોત અને 17 લોકો ઈજાગ્રસ્ત હોવાની આશંકા હતી, પરંતુ બાદમાં 6 મૃતદેહોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાની પુષ્ટિ થઈ હતી. ત્યારબાદ, સારવાર દરમિયાન ડૉક્ટરોએ વધુ



એક મુસાફરના મોતની પુષ્ટિ કરતાં કુલ મૃત્યુઆંક 7 પર પહોંચ્યો છે. દૌસાના એસપી પીયૂષ દીક્ષિત પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને રાહત તેમજ બચાવ કામગીરીની જાતે દેખરેખ રાખી રહ્યા છે. ફાયર બ્રિગેડની ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો.

ઘટનાના પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, રાત્રે અઢી વાગ્યાની આસપાસ હરિદ્વાર તરફથી આવી રહેલી બસ અચાનક નિયંત્રણ ગુમાવી બેઠી હતી અને આગળ જતાં ટ્રેલર સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર થતાં જ બસમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું.

નવા કાયદાની મુખ્ય જોગવાઈઓ અને વિધાનસભાનું ગણિત

# મુસ્લિમ સમુદાયને મળતી અનામત પર શુભેન્દુ સરકારની તરાપ, 66 જાતિ OBC ક્વૉટાથી બહાર

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળ વિધાનસભામાં અન્ય પછાત વર્ગ (OBC) અનામતના કાનૂની માળખામાં મોટા ફેરફાર કરતા બે મહત્વપૂર્ણ સુધારા બિલ પસાર કરવામાં આવ્યા છે. આ નવા કાયદા હેઠળ પશ્ચિમ બંગાળ પછાત વર્ગ આયોગને વધુ સત્તા આપવામાં આવી છે, જ્યારે અગાઉની તૃણમૂલ કોંગ્રેસ (TMC) સરકારના શાસનકાળ દરમિયાન ઓબીસી જ્ઞાતિઓની યાદીને અપાયેલી વૈધાનિક માન્યતાને સંપૂર્ણપણે રદ્દ કરી દેવામાં આવી છે. નવી વ્યવસ્થા અનુસાર, હવે રાજ્યમાં એસસી (SC) અને એસટી (ST) સિવાયના માત્ર 66 વિશિષ્ટ સમુદાયોને જ ઓબીસી કોટાનો લાભ મળશે. આ નવા કાયદા હેઠળ 77 મુસ્લિમ



સમુદાયોને ઓબીસી યાદીમાંથી બહાર કરી દેવાયા છે. જે કલકત્તા હાઈકોર્ટના મે 2024ના આદેશના પાલન અંતર્ગત લેવાયેલો મોટો નિર્ણય છે.

નવા નિયમો મુજબ, હવે પશ્ચિમ બંગાળમાં માત્ર 66 જ્ઞાતિઓ જ ઓબીસી અનામતના દાયરામાં રહેશે, જેમાં 54 હિન્દુ અને 12 મુસ્લિમ સમુદાયોનો સમાવેશ થાય છે. પછાત વર્ગ કલ્યાણ મંત્રી ગૌરીશંકર ઘોષે વિધાનસભામાં 'પશ્ચિમ બંગાળ પછાત વર્ગ (સેવાઓ અને પદોમાં જગ્યાઓનું અનામત) (સુધારા) વિધેયક, 2026' અને 'પશ્ચિમ બંગાળ પછાત વર્ગ આયોગ (સુધારા) વિધેયક, 2026' રજૂ કર્યા હતા. જેને ગૃહમાં મતદાન પ્રક્રિયા બાદ બહુમતીથી પસાર કરાયા હતા. આ સુધારાનો મુખ્ય હેતુ મમતા સરકારે 2012માં કરેલા ફેરફારોને ઉલટાવવાનો છે. અગાઉ ઓબીસી કેટેગરી-એ હેઠળ 65 અને કેટેગરી-બી હેઠળ 78 સમુદાયોની યાદી હતી, જેને હવે કાનૂની રીતે નાબૂદ કરવામાં આવી છે. મંત્રી ગૌરીશંકર ઘોષે જણાવ્યું કે, સરકારે ચૂંટણી ઢંઢેરામાં આપેલું વચન પૂરું કરીને 1993ની મૂળ ઓબીસી યાદીને પુનઃસ્થાપિત કરી છે.

ચોરીની આખી સિસ્ટમ જણાવી

# રામ મંદિરમાં દાન ચોરી કરનારા જેલમાં કેદ આરોપીઓએ કબૂલ્યા અનેક રહસ્યો

નવી દિલ્હી

અયોધ્યામાં પ્રભુ શ્રી રામ મંદિરના ચઢાવામાંથી કરોડો રૂપિયાની ચોરીના મામલે તપાસ એજન્સીઓ એક્શન મોડમાં આવી ગઈ છે. કોર્ટની વિશેષ મંજૂરી મળ્યા બાદ પોલીસની ટીમે જિલ્લા જેલમાં બંધ આરોપીઓની અંદાજે બે કલાક સુધી આકરી પૂછપરછ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પૂછપરછ દરમિયાન આરોપીઓએ ચોરી કરવાની પદ્ધતિ (મોડસ ઓપરેન્ડી), રકમ છુપાવવાના સ્થળો અને મંદિર પરિસરની સુરક્ષા વ્યવસ્થાની ખામીઓ અંગે અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. પોલીસ હવે આરોપીઓના દાવાઓના આધારે બેંક ખાતાઓ, મિલકતો અને નાણાકીય વ્યવહારોની ઊંડી તપાસ કરી રહી છે.

પૂછપરછ દરમિયાન સામે આવેલો સૌથી મોટો દાવો ચોરીની પદ્ધતિને લઈને છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આરોપીઓએ કબૂલાત કરી છે કે જ્યારે દાનની રકમની ગણતરી થતી હતી, ત્યારે એક વ્યક્તિ તેમાંથી નોટોના બંડલ સરકાવી લેતો હતો અને બાકીના સાથીદારો તેની આસપાસ એવી રીતે કવચ (ઘેરો) બનાવીને ઊભા રહી જતા જેથી સીસીટીવી કેમેરા કે અન્ય કર્મચારીઓની નજર



તેના પર ન પડે. રકમ કાઢ્યા બાદ તેને તરત બહાર લઈ જવાને બદલે પહેલા મંદિર પરિસરના જ એક બાથરૂમમાં છુપાવી દેવાતી હતી. ત્યારબાદ તક મળતાં જ આ આખી રકમ પરિસરની બહાર મોકલી અંદરોઅંદર વહેંચી લેવાતી હતી. આરોપીઓને પરિસરમાં લાગેલા કેમેરાના લોકેશન અને બ્લાઈન્ડ સ્પોટ્સની પણ પૂરેપૂરી માહિતી હતી. આ કેસમાં પોલીસે બેંક ઓફ બરોડા (BoB) ને નોટિસ પાઠવીને માહિતી માંગી હતી, જેનો બેંકે લેખિત જવાબ આપ્યો છે. બેંકે સ્પષ્ટ કર્યું છે કે તેની ભૂમિકા માત્ર ક્યુઆર (QR) કોડ અને ઓનલાઈન માધ્યમથી મળતા દાન પૂરતી મર્યાદિત છે, જે સીધી બેંકિંગ સિસ્ટમમાં જમા થાય છે.

તૃણમૂલ સાંસદે શુભેન્દુ સરકાર પાસે હાઈકોર્ટે માંગ્યો જવાબ

# તૃણમૂલ સાંસદ મહુઆ મોઈત્રા પર ઈંડા ફેંકાયા, ઓફિસમાં પણ તોડફોડ... ભાજપ પર કર્યો આક્ષેપ

પશ્ચિમ બંગાળ

ટીએમસી (TMC) સાંસદ મહુઆ મોઈત્રાએ આરોપ લગાવ્યો છે કે, ભાજપ (BJP) સમર્થકોએ તેમની પાર્ટી ઓફિસને નિશાન બનાવીને ઈંડા અને રીંગણ ફેંક્યા છે. આ ઘટના બાદ તેમણે પોલીસ પર પણ મોડા પહોંચવાનો અને મૂકપ્રેક્ષક બની રહેવાનો આરોપ લગાવ્યો છે. આ મામલો એવા સમયે સામે આવ્યો છે, જ્યારે કલકત્તા હાઈકોર્ટે ઈંડા ફેંકવા જેવી ઘટનાઓ પર કડક વલણ અપનાવતા દરેક મામલામાં FIR નોંધવાનો નિર્દેશ આપ્યો છે. પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સાંસદ મહુઆ મોઈત્રાએ ભાજપ સમર્થકો પર



ગંભીર આરોપો લગાવ્યા છે. મહુઆ મોઈત્રાનો દાવો છે કે, નાદિયાના કાલીગંજ સ્થિત અખિલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસની પાર્ટી ઓફિસમાં તેમના પર ઈંડા અને રીંગણ ફેંકવામાં આવ્યા. તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપ સમર્થકો સતત પાર્ટી ઓફિસના ત્રીજા માળને નિશાન બનાવીને ઈંડા અને રીંગણ ફેંકી રહ્યા હતા. મહુઆ મોઈત્રાએ સોશિયલ મીડિયા પર આ ઘટનાની માહિતી આપતા જણાવ્યું કે, પોલીસ ઘણી મોડી ઘટનાસ્થળે પહોંચી, પરંતુ ત્યાં હાજર હોવા છતાં, તેમણે કોઈ અસરકારક કાર્યવાહી ન કરી અને મૂકપ્રેક્ષક બની રહી. ફેસબુક લાઈવમાં તેમણે આરોપ લગાવ્યો કે, કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી નિભાવવાને બદલે પોલીસ માત્ર તમાશો જોતી રહી. જો કે, આ ઘટના પર હજી સુધી ભાજપ તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી. બીજી તરફ, પોલીસે પણ જાહેરમાં આ મામલે કોઈ વિગતવાર નિવેદન જાહેર કર્યું નથી.

દિલ્હી હાઈકોર્ટે 'મેસર્સ રિટસ હેરિટેજ અને અન્ય વિરુદ્ધ સંગીતા ગુપ્તાના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો

# મકાન માલિકોને હાઈકોર્ટનો ઝટકો : ભાડુઆતની સિક્યોરિટી ડિપોઝિટમાંથી બેફામ પૈસા નહીં કાપી શકે

નવી દિલ્હી

દિલ્હી હાઈકોર્ટના એક મહત્વપૂર્ણ ચુકાદાએ મકાનમાલિકોની મનમાની પર રોક લગાવતા ભાડૂઆતોને મોટી રાહત આપી છે. કોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે, ભાડૂઆત દ્વારા જમા કરાવવામાં આવેલી સિક્યોરિટી ડિપોઝિટમાંથી દીવાલોનો કલરકામ, સામાન્ય તૂટ-ફૂટ, નાના-મોટા સમારકામના નામે પૈસા ન કાપી શકાય.

કોર્ટના જણાવ્યા પ્રમાણે આ રકમમાંથી કપાત માત્ર ત્યારે જ કરી શકાય છે જ્યારે નુકસાન જાણીજોઈને કરવામાં આવ્યું હોય અથવા તે અત્યંત ગંભીર પ્રકૃતિનું હોય.

હવે સિક્યોરિટી ડિપોઝિટમાંથી બેફામ પૈસા કાપી શકાશે નહીં

કાયદા પ્રમાણે ભાડૂઆત પાસેથી માત્ર એવા જ નુકસાનનું વળતર વસૂલ કરી શકાય છે જે સામાન્ય વપરાશ કરતાં વધુ હોય. મકાન માલિકે એ પણ સાબિત કરવું પડશે કે નુકસાન ખરેખર ભાડૂતના કારણે જ થયું છે. આ સાથે જ રિપેરિંગ પાછળ થયેલો ખર્ચ વાજબી અને જરૂરી હતો તે પણ દર્શાવવું પડશે. કોઈપણ પુરાવા વિના સિક્યોરિટી ડિપોઝિટમાંથી બેફામ પૈસા કાપી શકાશે નહીં.

તાજેતરમાં જ દિલ્હી હાઈકોર્ટે 'મેસર્સ રિટસ હેરિટેજ અને અન્ય વિરુદ્ધ સંગીતા ગુપ્તાના કેસમાં આ જ મુદ્દે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. અદાલતે સ્પષ્ટ કર્યું છે કે, કઈ પરિસ્થિતિઓમાં મકાન માલિક ભાડૂઆત પાસેથી રિપેરિંગ અને રિનોવેશનનો ખર્ચ વસૂલ કરી શકે છે. માલિકે દાવો કર્યો હતો કે, મકાનને થયેલા ગંભીર નુકસાન બાદ તેણે તેના રિપેરિંગ પાછળ 7 લાખનો ખર્ચ કર્યો હતો. જેમાંથી ભાડે આપવામાં આવેલા બીજા અને ત્રીજા માળના રિપેરિંગ પાછળ 4.5 લાખનો ખર્ચ થયો હતો.

આ દાવા પર મકાનમાલિકોએ અદાલતમાં બિલ, રસીદો, ઈન્વોઈસ અને મકાન ખાલી થયા પછીના ફોટોગ્રાફ્સ પણ રજૂ કર્યા હતા. તેમનું કહેવું હતું કે, ભાડૂઆત ખાલી કરીને ગયા બાદ સંપત્તિના રિપેરિંગ અને રિનોવેશન પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવો પડ્યો હતો. જોકે, કોર્ટે પોતાના ચુકાદામાં એ વાત પણ સ્વીકારી કે, જો ભાડૂઆતના કારણે મકાનને સામાન્ય કરતાં વધુ બાહ્ય કે આંતરિક નુકસાન થયું હોય, તો તેની ભરપાઈ ભાડૂઆત પાસેથી વસૂલ કરી શકાય છે.

# કેતનની હત્યારી સિયાનું નવું તરકટ, ચેતન સાથે પ્રેમાલાપ અંગે કર્યો ચોંકાવનારો ખુલાસો

## યોજના મુજબ ટ્રેકિંગ દરમિયાન સિયાએ કેતન સાથે રહેવાનું હતું, નક્કી થયા મુજબ સિયાનું કિલ્લા પર એક જગ્યાએ બેસવું એ ચેતન માટે સંકેત હતો

મુંબઈ

પુણેના 25 વર્ષીય રિયલ એસ્ટેટ ઉદ્યોગપતિ કેતન અગ્રવાલની લોહગઢ કિલ્લા પરથી નીચે ફેંકીને કરાયેલી કથિત હત્યાના મામલામાં પોલીસ તપાસમાં અનેક નવા અને ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, મુખ્ય આરોપી 20 વર્ષીય સિયા ગોયલે તેના પરિવારને એવું કહીને ગેરમાર્ગે દોર્યો હતો કે, કેતન સાથે સગાઈ થયા પછી તેણે ચેતન ચૌધરી સાથેના તમામ સંબંધો તોડી નાંખ્યા છે. પરિવારને પણ આ વાત પર વિશ્વાસ હતો, પરંતુ તપાસમાં કંઈક અલગ જ બહાર આવ્યું છે. તપાસ દરમિયાન પોલીસને ડિજિટલ પુરાવા મળ્યા છે, જે દર્શાવે છે કે, સગાઈના થોડા સમય પછી ચેતન ફરીથી સિયાની જિંદગીમાં પાછો આવ્યો હતો. સિયા માટે કેતન સાથે લગ્ન સ્વીકારવા મુશ્કેલ બની રહ્યા હતા, અને તે આ સંબંધમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધી રહી હતી. આ દરમિયાન સિયા ગોયલ અને ચેતન ચૌધરીએ મળીને કેતન અગ્રવાલની હત્યાનું કથિત કાવતરું ઘડી કાઢ્યું હતું. આ મામલો 18 જૂનનો છે, જ્યારે પુણેના રહેવાસી કેતન અગ્રવાલનું લોહગઢ કિલ્લા પરથી પડવાને કારણે મોત થયું હતું. પોલીસે દાવો કર્યો છે કે, આ અકસ્માત નહીં પરંતુ કાવતરું હતું, જેમાં કેતનની મંગેતર સિયા ગોયલ અને તેના કથિત પ્રેમી ચેતન ચૌધરીને આરોપી બનાવવામાં આવ્યા છે. બંનેના લગ્ન આ જ વર્ષે નવેમ્બરમાં નક્કી થયા હતા. લગ્ન નક્કી થતા પહેલા જાન્યુઆરીમાં બંનેની કુંડળી મેળવવામાં આવી હતી, જેમાં 27 ગુણ મળ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, સગાઈ પછીના લગભગ 2 મહિના સુધી સિયાએ સંબંધ નિભાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચેતનના સંપર્કમાં આવ્યા પછી સ્થિતિ બદલાઈ ગઈ. બંને સતત એકબીજાના સંપર્કમાં હતા. તપાસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, હત્યા પહેલા બંને વચ્ચે 2,004 ફોન કોલ્સ થયા હતા અને બંનેએ લગભગ 238 કલાક સુધી વાતચીત કરી હતી.

પોલીસ તપાસમાં આરોપીઓની ઓનલાઈન સર્ચ હિસ્ટ્રી અને ડિજિટલ પ્રવૃત્તિઓમાંથી પણ ઘણા પુરાવા મળ્યા છે. આરોપીઓએ ઈન્ટરનેટ પર હત્યા કરવાની રીતો શોધી હતી, અને ઘણા વીડિયો પણ જોયા હતા. ત્યારબાદ તેમણે નક્કી કર્યું કે, લોહગઢ કિલ્લા પરથી ધક્કો મારવો, એ સૌથી ઓછું જોખમી રહેશે. પોલીસે એવો પણ દાવો કર્યો છે કે, 14 જૂને પણ હત્યાનો એક પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તે સફળ થયો ન હતો. ત્યારબાદ બંનેએ ઘટનાસ્થળની રેકી કરીને આખી યોજના ફરીથી તૈયાર કરી હતી.


# 80 વર્ષની મહિલાની સીટ બદલવા બદલ ઈન્ડિગોને રૂા.55,000નો દંડ

બેંગાલુરુ

એવિએશન કંપની ઈન્ડિગોની અસંવેદનશીલતાએ ૮૦ વર્ષની એક મહિલા માટે મુશ્કેલી સર્જી હતી. આ વૃદ્ધ મહિલાની બે સર્જરી થઇ હોવાથી તેમણે ભાડા ઉપરાંત વધુ નાણાં ચુકવીને પ્રથમ હરોળમાં સીટ બુક કરાવી હતી. મહિલાએ વ્હીલ ચેરની સેવા પણ બુક કરાવી હતી.

જો કે વિમાનમાં સવાર થતા પહેલા તેમની સીટ બદલીને ૨૮મી હરોળમાં ધકેલી દેવામાં આવી હતી. આ ઘટના ડિસેમ્બર, ૨૦૨૩ની છે. કર્ણાટકનાં રહેવાસી અનુસ એ અમીને બેંગાલુરુથી અમદાવાદ આવવા માટે ઈન્ડિગોની ટિકિટ બુક કરાવી હતી.

મહિલા ૮૦ વર્ષનાં હોવાથી અને બે સર્જરી થઇ ગઇ હોવાથી તેમણે વધુ નાણા



ચુકવીને પ્રથમ હરોળમાં સીટ બુક કરાવી હતી અને તેમણે વ્હીલચેરની સેવા પણ બુક કરાવી હતી. પ્રીમિયમ સીટ માટે તેમણે કુલ ૧૩૯૦૬ રૂપિયાની ચુકવણી કરી હતી. તેમને ૧-બી સીટ ફાળવવામાં આવી હતી.

જો કે જ્યારે મહિલા એરપોર્ટ પર પહોંચ્યા તો ખબર પડી કે તેમની સીટ બદલાઇ ગઇ છે. તેમને પ્રથમ હરોળમાં ૧-બી સીટને બદલે ૨૮મી હરોળમાં ૨૮-બી સીટ આપવામાં આવી હતી.

આ અંગે તેમણે એરલાઇનનાં સ્ટાફ સાથે વાત કરી હતી. સ્ટાફે મહિલાને જણાવ્યું હતું કે તેમની પાસે ૨૮બી સીટ પર યાત્રા કરવા સિવાય અન્ય કોઇ વિકલ્પ નથી.


મહિલાને અમદાવાદ પહોંચવું જરૂરી હોવાથી તે ૨૮-બી સીટ પર બેસવા તૈયાર થઇ ગયા હતાં. આ સીટ પર પગ લાંબા કરવા માટે જગ્યા ખૂબ જ ઓછી હોવાથી તેમના પગમાં અસહ્ય પીડા થઇ હતી.

યાત્રા પૂર્ણ થયા પછી મહિલાએ ઈન્ડિગોને લીગલ નોટિસ મોકલી ૮૦,૦૦૦ રૂપિયાનાં વળતરની માંગ કરી હતી. જો કે એરલાઇને આ નોટિસ પર ધ્યાન આપ્યું ન હતું. ત્યારબાદ મહિલાએ કન્ઝ્યુમર ફોરમનો સંપર્ક સાધ્યો હતો.

## તંત્રી લેખ...

# યુરોપ દાઝી રહ્યું છે: કાળઝાળ ગરમી તેમ જ ઓમેગા ઈફેક્ટ

મે માસના અંતમાં યુરોપમાં શરૂ થયેલા હીટવેવ જુના તમામ રોકોર્ડ તોડીનાખ્યા છે. બેલ્જીયમ, ફ્રાન્સ,જર્મની,આર્યલેન્ડ, ઈટલી, નેધરલેન્ડ,સ્પેન અને યુનાઈટેડ કિંગડમમાં ગઈ તારીખ ૨૪ મેથી ફરી વળેલા ગરમીના મોજાંએ લોકોને ત્રાહીમામ પોકરાવી દીધું છે. લોકો ત્રાસદાયક ગરમી સહન કરવા ટેવાયેલા ના હોઈ બિમાર પડી ગયા હતા અને કેટલાકના મોત પણ થયા હતા. પશ્ચિમ યુરોપમાં ગરમીની અસર વધુ તીવ્ર હતી. યુરોપ જે ગરમીના મારથી ત્રસ્ત છે તેટલી ગરમી તો ભારતના અનેક



શહેરોમાં પડે છે. પરંતુ ભારતમાં કાયમી ગરમી હોય છે. લોકો ગરમીનો સામનો કરવા ટેવાયેલા છે એમ કહી શકાય. વર્તમાન સિઝનમાં ભારતના શહેરોમાં ૪૮ ડિગ્રી ગરમી નોંધાઈ ચૂકી છે. યુરોપ માટે કાળઝાળ ગરમી અસહ્ય બની ગઈ છે. યુરોપમાં હવામાન નવેસરથી જોવા મળી રહ્યું છે. એટલેકે જ્યારે બરફ પડવાનો સમય છે ત્યારે સખત ગરમી પડી રહી છે. યુરોપમા દેશો થોડા સૂર્ય તાપ માટે તડપતા હોય છે અને સનબાથ માટેના દિવસોની રાહ જોતા હોય છે તેમના માટે ગરમીનો પ્રકોપ બિમાર પાડી દે તેવો છે. પોર્ટુગલમાં સૌથી વધુ ૪૦ ડિગ્રી સેન્ટીગ્રેડ ગરમી નોંધાઈ છે તો સ્પેનમાં ૩૮ ડિગ્રી (૧૦૦ ફેરનહીટ)ગરમી નોંધાઈ છે. યુરોપમાં ૧૭ જુન પછી શરૂ થયેલો બીજો હીટવેવ વધુ ખતરનાક સાબિત થયો છે. સમગ્ર પશ્ચિમ અને મધ્ય યુરોપમાં હેલ્થ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વર્લ્ડ મેટ્રોલોજીકલ ઓર્ગેનાઈઝેશને યુરોપના દેશોને ચેતવણી આપતા કહ્યું છે કે ગરમી પર કોઈ કાબુ રહી શકતો નથી અને હવામાનના સરક્યુલેશનની પેટર્ન બદલાઈ છે જેના કારણે થોડો સમય ગરમીનો માર ચાલુ રહેશે. વર્તમાન હીટ વેવના કારણે યુરોપના માત્ર ફ્રાન્સમાંજ ૪૮ લોકોના મોત થયા છે. સ્પેનમાં ગરમીના કારણે ૨૧૨ના મોત થયા છે. પર્યાવરણના આ ખતરનાક ટર્ન ઓમેગા બ્લોક તરીકે ઓળખાય છે. ક્લાઈમેટ મોનીટરના જણાવ્યા અનુસાર ઓમેગા બ્લોકના કારણે ગરમી ફોર્સથી ફેંકાય છે. ઓમેગા બ્લોક એટલે એ પવનની એક એવી અટકેલી લહેરખી હોય છે જે ઓમેગા આકારમાં ($\Omega$) હોય છે. જે હવાને કેદ રાખે છે અને તેમાં નવી હવાને અવરજવર થવા દેતી નથી. હવા કેદ થવાથી ગરમી બહાર નીકળી શકતી નથી અને નવી હવા અંદર જઈ શકતી નથી. જ્યારે તે ગરમી બહાર ફેંકે છે ત્યારે જે તે વિસ્તારમાં બહુ તીવ્રતાથી ફેંકે છે. યુરોપમાં કેટલો સમય તીવ્ર ગરમી ચાલશે તે કહી શકાય એમ નથી. સૂર્યપ્રકાશ જ્યારે પૃથ્વી પર પડે છે ત્યારે તેને અવરોધતું કોઈ પરિબળ આડે નહીં હોવાથી ગરમી તીવ્ર હોય છે. કાળઝાળ ગરમીમાં યુરોપના લોકો એરકન્ડીશન્ડ લેવા પડાપડી કરી રહ્યા છે. પંખા અને એ.સીના વેચાણમાં બમણો વધારો થયો છે. ફ્રાન્સમાં જેવી દુકાન ખુલે છે કે તરતજ લોકો અંદર એ.સી અને પંખાની ખરીદવા આવી જાય છે. કેટલાક વિડિયો એવા ફરતા થયા છે કે જેમાં દુકાનોમાં એ.સી અને પંખા ખલાસ થઈ ગયા હોવાનું દેખાય છે. કેટલાક લોકો ગરમીથી બચવા નદીના પાણીમાં નહાવા પડતા હોય છે. ફ્રાન્સના સ્પોર્ટસ પ્રધાન મેરીનો કહ્યું હતું કે નદીમાં નહાવા પડેલા ૫૫ જેટલા લોકોનું ડૂબી જવાથી મોત થયું છે. સખત ગરમીના કારણે ફ્રાન્સની હેલ્થકેર સિસ્ટમને ઘેરી અસર પડી છે.

પેરીસમાં આલ્કોહોલના વેચાણ પર નિયંત્રણ મુકાયું છે. ગરમી સંબંધીત બિમારી સામે હોસ્પિટલોમાં ખાસ વ્યવસ્થા ઉભી કરાઈ છે. ગયા શુક્રવારથી આલ્કોહોલના વેચાણ પર નિયંત્રણ શરૂ કરાયું છે. ફ્રાન્સની ૮૦૦૦ સ્કુલોમાં વિદ્યાર્થીઓ અનિયમિત બની ગયા છે. ફ્રાન્સમાં પ્રવાસના કેટલાક સ્થળો બપોરે બંધ કરી દેવામાં આવે છે. નેશનલ વેધર સર્વિસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર માહિતી આપતા જણાવ્યું છે કે, દેશના પૂર્વીય બે-તૃતીયાંશ ભાગમાં આ જીવલેણ ગરમીનો પ્રકોપ જોવા મળશે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આ હીટવેવ 4 જુલાઈ એટલે કે અમેરિકાના સ્વતંત્રતા દિવસના લોન્ગ વીકેન્ડ સુધી સતત ચાલુ રહેવાની આશંકા છે. હવામાન વિભાગના મતે, ગરમીની ખરી ચિંતા માત્ર તાપમાન નથી પરંતુ 'હીટ ઈન્ડેક્સ' છે. હીટ ઈન્ડેક્સ એ એવું માપદંડ છે જેમાં વાસ્તવિક તાપમાનની સાથે હવામાં રહેલા ભેજને પણ ગણતરીમાં લેવાય છે. આથી જ થર્મોમીટરમાં ભલે તાપમાન 38 ડિગ્રી સેલ્સિયસ દેખાય, પણ માનવ શરીરને તે 46 ડિગ્રી જેટલું આકરું લાગશે. મોટાભાગના વિસ્તારોમાં હીટ ઈન્ડેક્સ 100થી 110 ડિગ્રી ફેરનહાઈટ અને કેટલાક સ્થળોએ 115 ડિગ્રી સુધી પહોંચી શકે છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# રૂપિયો જ્યારે સંબંધથી વધારે મૂલ્યવાન થઈ જાય, ત્યારે લાગણીના દરવાજા બંધ થઈ જાય છે – આજના ભૌતિકવાદી સમાજનું વરવું સત્ય

- પવન માકન (ગ્રૂપ એડિટર, ધાની મીડિયા)

માણસ સોના-ચાંદીના સિક્કા ગણવામાં એટલો મશગૂલ થઈ ગયો છે કે તે પોતાની આસપાસના જીવતા-જાગતા માણસોની કિંમત ભૂલી ગયો છે. આજના આધુનિક અને અત્યંત સ્વાર્થી યુગ પર પ્રહાર કરતી આ પંક્તિઓ કોઈ સામાન્ય શબ્દો નથી, પરંતુ વર્તમાન સમાજની એ કડવી વાસ્તવિકતા છે જેને આપણે દરરોજ આપણી આસપાસ ઘટતી જોઈએ છીએ. આ એક એવો અરીસો છે, જે આપણને બતાવે છે કે કઈ રીતે કાગળના થોડા ટુકડાઓ માટે માણસ પોતાના લોહીના સંબંધોનું પણ ગળું ઘોંટતા અચકાતો નથી.

### 1. જ્યારે ત્રાજવામાં એક તરફ 'પૈસો' અને બીજી તરફ 'પ્રેમ' આવે છે

એક સમય હતો જ્યારે ભારતીય સંસ્કૃતિમાં સંબંધોને સર્વોપરી માનવામાં આવતા હતા. પાડોશીના સુખ-દુઃખમાં આખું ગામ દોડી જતું અને પરિવારમાં કોઈ એક કમાનાર હોય તો પણ આખું ઘર પ્રેમથી ચાલતું. પરંતુ આજે ચિત્ર બદલાયું છે. આજે સંબંધોની શરૂઆત જ એ સવાલથી થાય છે કે 'સામેવાળી વ્યક્તિ પાસે કેટલો બેંક બેલેન્સ છે?'

જ્યારે સંબંધોનો પાયો જ નફા-નુકસાન અને વ્યાજ પર મુકાવા લાગે, ત્યારે ત્યાં લાગણીઓનો કોઈ અવકાશ રહેતો નથી. જે ક્ષણે બે વ્યક્તિઓ વચ્ચે 'રૂપિયો' મુખ્ય કડી બની જાય છે, તે જ ક્ષણે વર્ષો જૂના હેત, આદર અને સ્નેહના દરવાજા કાયમ માટે બંધ થઈ જાય છે.

### 2. લોહીના સંબંધોમાં વ્યાપાર અને કોર્ટના પગથિયાં

આજે અખબારોના પાના અને કોર્ટના રૂમ આવી વાર્તાઓથી ભરેલા છે જ્યાં સગા ભાઈઓ જમીનના એક ટુકડા માટે એકબીજાના લોહીના તરસ્યા બન્યા હોય, અથવા દીકરાઓ વૃદ્ધ માતા-પિતાની મિલકત પોતાના નામે કરાવીને તેમને વૃદ્ધાશ્રમનો રસ્તો બતાવી દેતા હોય. આ બધું શું દર્શાવે છે? આ એ જ સ્થિતિ છે જ્યાં માણસ માટે રૂપિયો એટલો મોટો થઈ ગયો છે કે તેને સામે ઉભેલા પોતાના જ પિતા કે ભાઈની આંખોના આંસુ દેખાતા બંધ થઈ જાય છે.

જ્યારે હૃદયમાં માત્ર અને માત્ર લોભ વસી જાય છે, ત્યારે માણસની સંવેદનશીલતા મરી જાય છે. તે ભલે કરોડોના બંગલામાં રહેતો હોય, પણ લાગણીઓની દ્રષ્ટિએ તે કંગાળ બની જાય છે.

### 3. બંધ થઈ ગયેલા લાગણીના દરવાજા ક્યારેય ખુલતા નથી

પૈસાની એક ખૂબી છે - તે ખોવાયેલા પાછા મળી શકે છે. આજે ગયેલી લક્ષ્મી કાલે બમણી થઈને આવી શકે છે. પરંતુ તૂટેલો ભરોસો અને મરી ગયેલી લાગણીઓ ક્યારેય પાછી લાવી શકાતી નથી. જ્યારે કોઈ વ્યક્તિને એ અહેસાસ થાય છે કે તેનો ઉપયોગ માત્ર આર્થિક સ્વાર્થ માટે કરવામાં આવ્યો હતો, ત્યારે તેની અંદરનો માણસ તૂટી જાય છે. એ પછી તમે ગમે તેટલી દોલત તેના ચરણોમાં ધરી દો, તેના દિલના બંધ થયેલા દરવાજા ફરી ક્યારેય ખુલી શકતા નથી.

આજે સમાજમાં એકલતા અને ડિપ્રેશન વધવાનું મોટું કારણ આ જ છે. આપણી આસપાસ ભીડ તો બહુ છે, પણ એ ભીડમાં સાચા દિલથી પૂછનાર કોઈ નથી કે 'તમે કેમ છો?' બધાને બસ એ જ રસ છે કે 'તમારી કમાણી કેટલી છે?'

### અંતર્નાદ અને ચિંતન

આ લેખ માત્ર એક વાંચવા જેવો વિચાર નથી, પણ દરેક માણસે રાત્રે સૂતા પહેલા પોતાની જાતને પૂછવા જેવો સવાલ છે. પૈસો જિંદગી જીવવા માટેનું સાધન હોઈ શકે, જિંદગીનો હેતુ નહીં. છેલ્લે તો સ્મશાન સુધી લાકડાં પણ માણસો જ આપવાના છે, નોટોના બંડલ નહીં. ચાલો, રૂપિયાની પાછળ એટલી આંધળી દોટ ન મૂકીએ કે જ્યારે પાછા વળીને જોઈએ ત્યારે પાછળ કોઈ આપણું પોતાનું ઊભું જ ન હોય. સંબંધોની આ પવિત્રતા સાચવી રાખવી એ જ સાચી અમીરાત છે.

# તમારા સ્વાર્થ અને ખુશીની કિંમત... કોઈના ઘરનો ચિરાગ ના હોઈ શકે! પ્રેમ પવિત્ર છે, તેને પાપ છુપાવવાનું હથિયાર ન બનાવો

વિશેષ ચિંતન (સ્પેશિયલ ડેસ્ક)

"ના મંજૂર હોય સંબંધ તો હિંમતથી ના કહી દો, પણ પોતાના સ્વાર્થ માટે કોઈની જિંદગી ન કચડો..."

આ એવા શબ્દો છે જે આજે ગુજરાતના લાખો લોકોના સોશિયલ મીડિયા ટાઈમલાઈન પર ફરી રહ્યા છે. સિયા, કેતન અને ચેતનની આ ઘટનાએ માત્ર એક પરિવારનો ચિરાગ નથી બુઝાવ્યો, પરંતુ આજના ભૌતિકવાદી યુગમાં સંબંધોની પવિત્રતા, નિષ્ઠા અને માનવતા સામે પણ બહુ મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કરી દીધા છે. સોશિયલ મીડિયા પર આજે ★JusticeForKetan ની ગૂંજ સંભળાઈ રહી છે, જે સમાજના આક્રોશ અને પીડાને વાચા આપે છે.

### સંબંધોમાં 'સ્વાર્થ' અને 'છેતરપિંડી'ની પરાકાષ્ઠા

પ્રેમ એ દુનિયાની સૌથી પવિત્ર અને સુંદર લાગણી છે. બે વ્યક્તિઓ વચ્ચેનો ભરોસો એ સંબંધનો પાયો હોય છે. પરંતુ જ્યારે આ પવિત્ર લાગણીનો ઉપયોગ પોતાના પાપ, પોતાની ભૂલો કે પોતાના અંગત સ્વાર્થને છુપાવવા માટે એક 'હથિયાર' તરીકે કરવામાં આવે, ત્યારે તે પ્રેમ નથી રહેતો, પણ એક જઘન્ય અપરાધ બની જાય છે.

આ કિસ્સાએ સમાજને વિચારતો કરી દીધો છે કે, કોઈ વ્યક્તિ પોતાની ક્ષણિક ખુશી કે સગવડ માટે કોઈ નિર્દોષની જિંદગી સાથે આટલી હદ સુધી રમત કેવી રીતે રમી શકે? કોઈના ઘરનો વહાલસોયો દીકરો, કોઈની આંખોનો તારો, કોઈના ભવિષ્યની આશા... કોઈના અંગત સ્વાર્થની બલિવેદી પર હોમાઈ જાય તે કેટલું વ્યાજબી છે?

હિંમતથી 'ના' કહેતા શીખો, જિંદગીઓ ન કચડો
આજના યુવાનો માટે આ ઘટના એક બહુ મોટો પાઠ છે. જો તમને કોઈ સંબંધ મંજૂર નથી, જો તમે કોઈ વ્યક્તિ સાથે આખી જિંદગી વિતાવવા નથી માંગતા, અથવા તમારી જિંદગીમાં પહેલેથી જ કોઈ અન્ય વ્યક્તિ (ચેતન) નું સ્થાન છે, તો હિંમત રાખીને સામે પક્ષે (કેતનને) સ્પષ્ટ અને પ્રામાણિકતાથી 'ના' કહી દો. સત્ય ભલે ગમે તેટલું કડવું હોય, તે ક્ષણિક દુઃખ આપશે, પણ કોઈની જિંદગી બરબાદ થતા બચાવી લેશે.

પરંતુ, સત્ય છુપાવીને, ખોટા નાટકો કરીને અને પોતાના અહંકાર કે સામાજિક પ્રતિષ્ઠા ખાતર કોઈ નિર્દોષ માણસની લાગણીઓ અને જિંદગીને કચડી નાખવી એ કાયદાની નજરમાં ભલે ગમે તે હોય, પણ કુદરત અને માનવતાની નજરમાં ક્યારેય માફીને પાત્ર નથી.

### સોશિયલ મીડિયા પર ન્યાયની પોકાર

કેતનના આકસ્મિક વિદાયથી આજે લાખો લોકો સ્તબ્ધ છે. સોશિયલ મીડિયા પર લોકો સિયા અને ચેતનના આ કથિત વલણ સામે ભારે ફિટકાર વર્ષાવી રહ્યા છે. લોકો સવાલ પૂછી રહ્યા છે કે આખરે ક્યાં સુધી 'કેતન' જેવા નિર્દોષ યુવાનો આ પ્રકારના માનસિક ત્રાસ અને દગાનો ભોગ બનતા રહેશે?

અંતર્નાદ:

આ ઘટના સમાજની આંખો ખોલનારી છે. પૈસા, પ્રોપર્ટી કે ક્ષણિક લસ્ટ કરતાં પણ વ્યક્તિની ભાવનાઓ અને તેનો જીવ વધુ કિંમતી છે. ચાલો, એક એવા સમાજનું નિર્માણ કરીએ જ્યાં સંબંધોમાં સચ્ચાઈ હોય, દગો નહીં. જ્યાં હિંમતથી 'ના' કહેવાની આઝાદી હોય, પણ કોઈની જિંદગી સાથે રમત રમવાનો અધિકાર કોઈને ન હોય. ન્યાયની આ ઘડીમાં આખો દેશ કેતનના પરિવારની સાથે છે.

# અમેરિકી AI કંપની એન્થ્રોપિકે ચીનની અલીબાબા સામે AI કેનિબલિઝમનો આરોપ લગાવ્યો

એડવર્સરીયલ ડિસ્ટિલેશન એટેકમાં મજબૂત પ્લેટફોર્મ પાસેથી વિગતો મેળવીને, જવાબો મેળવીને તેનો ઉપયોગ નબળા અથવા ઓછી ક્ષમતા ધરાવતા ક્લોન એઆઈ મોડલ્સને તાલીમ આપવા અથવા તેને સુધારવા માટે કરવામાં આવે છે. આ પદ્ધતિ હુમલાખોરોને મોડલના આર્કિટેક્ચરની સીધી ઍક્સેસ વિના, લાર્જ લેંગ્વેજ મોડલ્સની તાર્કિક ક્ષમતા, કોડિંગ અને એજન્ટિક બિહેવિયર જેવી અદ્યતન ક્ષમતાઓની નકલ કરી આપે છે : અલીબાબા અને તેની Qwen AI લેબ સાથે જોડાયેલા ઓપરેટરોએ ક્લોડ મોડલ્સ સાથે ૨.૮૮ કરોડથી વધુ સંવાદો (exchanges) કરવા માટે આશરે ૨૫,૦૦૦ નકલી એકાઉન્ટ્સનો ઉપયોગ કર્યો હતો. આ સંવાદો ૨૨ એપ્રિલ અને ૫ જૂન ૨૦૨૬ વચ્ચેના છ અઠવાડિયાના સમયગાળા દરમિયાન એઆઈ મોડલને સબમિટ કરવામાં આવેલી પ્રતિક્રિયાઓ અને પ્રોમ્પ્ટ્સના સ્વરૂપમાં હતા દુનિયાભરમાં અત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની બોલબાલા છે. એક તરફ દુનિયાભરના દેશો, ટેક કંપનીઓ, દિગ્ગજ કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી તગડો નફો કરતી થઈ છે, તેના ઉપયોગથી વધુને વધુ વિકાસ કરતી થઈ છે ત્યાં એક નવી જ સમસ્યા સામે આવી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે માણસોની નોકરી જતી રહેશે, રોજગારી ઘટી જશે જેવી સમસ્યાઓ હવે હાલ સાઈડલાઈન થઈ ગઈ છે. હાલમાં આર્ટિફિશિયલ ઈન્ટિલિજન્સ દ્વારા એકબીજા ઉપર હુમલા કરવામાં આવતા હોવાનું સામે આવ્યું છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમના એકબીજા ઉપરના આ હુમલાનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેનિબલિઝમ અથવા તો એઆઈ કેનિબલિઝમ નામ આપવામાં આવ્યું છે. ટેક્નોલોજીની આ અદ્વિતિય ક્રાંતિના મેદાનમાં પણ હવે યુદ્ધ શરૂ થયાના પડઘમ સંભળાઈ રહ્યા છે. તાજેતરમાં અમેરિકા અને ચીન આ ક્ષેત્રમાં પણ જંગે ચડયાના અહેવાલો સામે આવ્યા છે. અમેરિકાની દિગ્ગજ એઆઈ કંપની એન્થ્રોપિક કે જે ક્લોડ એઆઈના કારણે અત્યંત શક્તિશાળી પ્લેટફોર્મ ગણાય છે તેને ચીની કંપનીઓ સામે મોરચો માંડયો છે. અમેરિકી કંપનીએ હવે ચીની કંપનીઓ સામે સાઈબર ક્રાઈમ બાદ એઆઈ કેનિબલિઝમનો આરોપ મૂક્યો છે. સૂત્રોના મતે અહેવાલો છે કે, કથિત રીતે ચીનની એઆઈ કંપનીઓ દ્વારા અમેરિકન એઆઈ કંપની એન્થ્રોપિક (Anthropic) ને ટાર્ગેટ કરવામાં આવી રહી છે.

જાણકારોના મતે આ અંગે સત્તાવાર ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. આ ફરિયાદની વિગતો સામે આવતા જ વિશ્વભરમાં આંચકો અનુભવાયો છે. ફરિયાદમાં એન્થ્રોપિકે જણાવ્યું હતું કે, ચીનની ટેક જાયન્ટ અલીબાબાની 'Qwen AI' લેબ દ્વારા ક્લોડ એઆઈ ઉપર હુમલા કરવામાં આવ્યા છે. ચીની કંપની ક્વેન એઆઈ દ્વારા ક્લોડ એઆઈના વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા મોડલ્સમાંથી વિવિધ સ્કિલ્સ ચોરવા માટે અત્યાર સુધીનો સૌથી મોટો 'એડવર્સિરીયલ ડિસ્ટિલેશન એટેક' (Adversarial Distillation Attack) કરવામાં આવ્યો છે. અમેરિકી કંપનીના આ નિવેદન અને ફરિયાદને પગલે ટેક્નોલોજી વિશ્વમાં ભૂકંપ આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, યુએન સેનેટમાં એન્થ્રોપિક દ્વારા અલિબાબાના એઆઈ પ્લેટફોર્મ સામે ફરિયાદ કરવામાં આવી હતી. તેના ઉપર હવે સુનાવણી ચાલી રહી છે. ખાસ વાત એ છે કે, આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર આગામી યુએસ સેનેટની સુનાવણી પહેલા, એન્થ્રોપિકે ૧૦ જૂનના રોજ સેનેટ કમિટી ઓન બેન્કિંગ, હાઉસિંગ અને અર્બન અફેર્સના યુએસ સેનેટર્સ ટિમ સ્કોટ અને એલિઝાબેથ વોરેનને એક પત્ર મોકલ્યો હતો. આ પત્રમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે અલીબાબાની એઆઈ વિંગ ક્વેન એઆઈ દ્વારા ક્લોડ મોડલ પર લાખો 'એઆઈ ડિસ્ટિલેશન' હુમલા કરવામાં આવ્યા હતા. તેના કારણે ક્લોડની કામગીરીને વ્યાપક અસર થઈ રહી છે અને તેના ઉપર ડેટાચોરીનું મોટું જાખમ સર્જાયેલું છે. આ મુદ્દે વિવાદ વકરી રહ્યો છે.

ચિંતાજનક બાબત એ છે કે, એન્થ્રોપિક દ્વારા લખવામાં આવેલા પત્રમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે અલીબાબા અને તેની Qwen AI લેબ સાથે જોડાયેલા ઓપરેટરોએ ક્લોડ મોડલ્સ સાથે ૨.૮૮ કરોડથી વધુ સંવાદો (exchanges) કરવા માટે આશરે ૨૫,૦૦૦ નકલી એકાઉન્ટ્સનો ઉપયોગ કર્યોહતો. આ સંવાદો ૨૨ એપ્રિલ અને ૫ જૂન ૨૦૨૬ વચ્ચેના છ અઠવાડિયાના સમયગાળા દરમિયાન એઆઈ મોડલને સબમિટ કરવામાં આવેલી પ્રતિક્રિયાઓ અને પ્રોમ્પ્ટ્સ (આદેશો)ના સ્વરૂપમાં હતા. એન્થ્રોપિકે આ હુમલાઓને ક્લોડની ક્ષમતાઓને ગેરકાયદેસર રીતે ચોરી કરવાના પ્રયાસ તરીકે ગણાવ્યા છે અને તેને કંપની સામે અત્યાર સુધીનો સૌથી મોટો ડિસ્ટિલેશન એટેક કહ્યો છે. આ એટેકને પગલે હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વર્લ્ડ ચીની કંપનીઓ સામે રેડઝોન ઊભો થાય અથવા તો તપાસના આદેશ આપવામાં આવે તેવી શક્યતાઓ છે.

મહત્ત્વની વાત એ છે કે, એન્થ્રોપિક ઉપર ચીની એઆઈ કંપનીઓ દ્વારા આ પહેલો ડિસ્ટિલેશન હુમલો કરાયો છે તેવું નથી. ભૂતકાળમાં એન્થ્રોપિક પર ચીની કંપનીઓ દ્વારા ઘણી વખત એઆઈ ડિસ્ટિલેશન એટેકના કિસ્સાઓ બનેલા છે. આ જ વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૬માં, એન્થ્રોપિકે જાહેરમાં અન્ય ચીની એઆઈ લેબ્સ દ્વારા આવા જ, જોકે નાના પાયાના ડિસ્ટિલેશન એટેકની ફરિયાદ કરી હતી. કંપનીએ ત્યારે જણાવ્યું હતું કે, ડીપસીક (DeepSeek) તરફથી આશરે ૧,૫૦,૦૦૦ સંવાદો, મૂનશોટ એઆઈ (Moonshot AI) તરફથી ૩૪ લાખથી વધુ સંવાદો અને મિનિમેક્સ (MiniMax) તરફથી આશરે ૧.૩ કરોડ સંવાદો નોંધ્યા હતા. આ અભિયાનો અલીબાબાના કથિત ૨.૮૮ કરોડ સંવાદો કરતા નોંધપાત્ર રીતે નાના હતા. તેમ છતાં આ વર્ષે જ ચીની એઆઈ કંપનીઓ અને પ્લેટફોર્મ દ્વારા અમેરિકી એઆઈ કંપનીઓમાં ઘુસવાના અને તેનું ક્લોનિંગ કરવાના સક્રિય પ્રયાસો કરાયા હોવાનો દાવો છે.

બીજી વાત એવી છે કે, સેનેટને મોકલાયેલા તે પત્રમાં, એન્થ્રોપિકે દાવો કર્યો છે કે ચીન તરફથી કથિત ડિસ્ટિલેશન અભિયાનમાં ખાસ કરીને ક્લોડની સૌથી મહત્ત્વની અને વ્યવસાયિક રીતે સંવેદનશીલ ક્ષમતાઓને નિશાન બનાવવામાં આવી હતી. આ ડિસ્ટિલેશન એટેકમાં સોફ્ટવેર એન્જિનિયરિંગ, કોડિંગ, એજન્ટિક રીઝનિંગ, સ્વાયત્ત નિર્ણય લેવાની પ્રક્રિયા અને કાર્યોના સંચાલનનો સમાવેશ થાય છે. કંપનીના જણાવ્યા અનુસાર, લાંબા ગાળાના અને જટિલ કાર્યો કરવાની ક્લોડની ક્ષમતા તેમજ તેની અદ્યતન વિચારવાની ક્ષમતાને પણ નિશાન બનાવવામાં આવી હતી. ક્લોડનો દાવો છે કે, ચીની કંપનીઓ દ્વારા આ ક્ષમતાઓનું ક્લોનિંગ કરીને અમેરિકા કરતા વધારે સક્ષમ એઆઈ પ્લેટફોર્મ વિકસાવવાની કવાયત કરવામાં આવી રહી છે. ચીની કંપનીઓ સતત અમેરિકાની ટોચની એઆઈ કંપનીઓ ઉપર સાઈબર એટેક અને ડિસ્ટિલેશન એટેક કરી રહ્યા છે જેથી અહીંયાનું કામ ખોટકાય અને ત્યાં તેઓ માહિતીનું ક્લોનિંગ કરીને વધારે મજબૂત બની શકે. એન્થ્રોપિકે એવું પણ જણાવ્યું હતું કે ચીની કંપનીના એટેકને કારણે તેની સર્વિસ ટર્મ્સ અને જિયોગ્રાફિક ઍક્સેસ કોડના પ્રતિબંધોનું પણ ઉલ્લંઘન થયું છે. ઉલ્લેખનીય છે કે, ક્લોડ સત્તાવાર રીતે ચીનમાં ઉપલબ્ધ નથી અને તેના કારણે જ આવા એટેક કરવામાં આવી રહ્યા છે. આ સાથે જ ચીની કંપનીઓએ એઆઈ બૌદ્ધિક સંપદાની ચોરી અંગે યુએસ સરકારની વારંવારની ચેતવણીઓને કથિત રીતે અવગણી કાઢી છે.

મહત્ત્વની વાત એવી પણ છે કે, એન્થ્રોપિક દ્વારા પત્ર મોકલવામાં આવ્યાના થોડા સમય બાદ, ૧૨ જૂનના રોજ, યુએસ ડિપાર્ટમેન્ટ ઑફ કોમર્સ કંપનીના સૌથી નવા એઆઈ મોડલ્સ, 'માયથોસ' (સૂઆર્રજ) અને 'ફેબલ' (ખચમની) ના ઍક્સેસ પર પ્રતિબંધો મૂકી દીધા હતા. આ પાછળ એવી ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે ચીન અને અન્ય કેટલાક દુશ્મન અને વિરોધી દેશોમાં સૈન્ય અને ગુપ્તચર સંસ્થાઓ દ્વારા તેનો ઉપયોગ થઈ શકે છે.

ત્યારબાદ એન્થ્રોપિકે તે મોડલ્સની વૈશ્વિક ઍક્સેસ બંધ કરી દીધી હતી. તે જ સમયે, અન્ય કેટલીક ચીની કંપનીઓની સાથે અલીબાબાને પણ યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સની ચીની સૈન્ય કંપનીઓની યાદીમાં ઉમેરવામાં આવી હતી. જો કે, અલીબાબા હાલમાં તે ડેઝિગ્નેશનને પડકારી રહી છે.

એન્થ્રોપિકે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે યુએસના પ્રભુત્વને બચાવવા માટે સરકાર અને ઉદ્યોગ વચ્ચે સંકલિત વ્યવસ્થા થકી લેવાતા પગલાં, મોટા જોખમની ગુપ્ત માહિતીની વહેંચણી અને કડક દંડની માંગણી કરી છે. ઉલ્લેખનીય છે કે, કંપનીએ એઆઈ બૌદ્ધિક સંપદાની ચોરી સામે લડવાના યુએસ સરકારના પ્રયાસોને પોતાનું સમર્થન પણ જાહેર કર્યું છે અને આ મુદ્દે કોંગ્રેસ તેમજ પ્રશાસન સાથે મળીને કામ કરવાની તેની પ્રતિબદ્ધતાનો પણ પુનરોચ્ચાર કર્યો છે. અહેવાલો અનુસાર આ આરોપોના સમાચાર સામે આવ્યા બાદ અલીબાબાના શેરના ભાવમાં આશરે ૩ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે આ વિવાદે રાષ્ટ્રીય સુરક્ષા, બૌદ્ધિક સંપદા સંરક્ષણ અને વૈશ્વિક એઆઈ હથિયારોની હોડ (છૈં ચસિજ ચિબી) પરની ચર્ચાને ફરીથી વેગ આપ્યો છે.

# ટ્રમ્પ સરકાર અંદરથી તૂટી ગઈ છે : સીઝફાયર ડીલ તોડવામાં ઈઝરાયેલ વ્યસ્ત છે : ઈરાન

તહેરાન



ડોનાલ્ડ ટ્રમ્પની ટીમ સાથે થયેલી ડીલને ઈરાન, અમેરિકા-ઈઝરાયલના પ્રચંડ પરાજય સમાન માને છે.

સ્વિત્ઝર્લેન્ડના પ્રવાસેથી પાછા ફર્યા પછી ઈરાનની સંસદના અધ્યક્ષ અને મુખ્ય મંત્રણાકાર મોહમ્મદ બાઘેર ઘાલીબાફે આ દાવો કરતાં કહ્યું કે, ઈઝરાયલ પૂરો પ્રયત્ન કરે છે કે તહેરાન અને વોશિંગ્ટન વચ્ચે તાજેતરમાં થયેલી સમજૂતી એટલે કે ૧૪ પોઈન્ટવાળી ઈસ્લામાબાદ સમજૂતી (એમઓયુ) સફળ ન થાય.

ઘાલીબાફે વધુમાં કહ્યું હતું કે, આ શાંતિ સમજૂતી પશ્ચિમના દેશો માટે ભારે મોટો ફટકો છે. બીજી તરફ ઈઝરાયલે લેબેનોનમાં કાર્યવાહી વધારી છે. તે તેઓ આ સમજૂતીથી ગભરાઈને કરી છે. એટલું જ નહીં પરંતુ અમેરિકી સરકારમાં પણ અંદરથી ફૂટ થઈ છે.

ન્યૂઝ એજન્સી ઈર્નાના જણાવ્યા પ્રમાણે ઘાલીબાફે મંગળવારે એક ટીવી ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, વાસ્તવમાં ઈઝરાયલ આ સમજૂતીની વિરુદ્ધમાં જ છે. કારણ કે આ સમજૂતીમાં કહેવામાં આવ્યું છે કે, લેબેનોનમાં પણ યુધ્ધ બંધ થશે અને પોતાના દેશની જમીન ઉપર લેબેનોનો ફરી કબજો આપશે. લોકો પોતાના ઘરે પાછા ફરી શકશે અને (ઈઝરાયલના) કબજા નીચેના વિસ્તારમાંથી ઈઝરાયલ સેના હટશે.

ઘાલીઆફે વધુમાં કહ્યું હતું કે, ઈઝરાયલ આ શાંતિ સમજૂતી વિરુદ્ધ એટલા માટે છે કે આ સમજૂતી અમેરિકા અને યહુદી શાસનની હાર સમાન માનવામાં આવે છે. તેથી ઈઝરાયલ પુરેપુરી તાકાત લગાડી આ સમજૂતી તૂટી પડે તેવી કાર્યવાહી કરી રહ્યું છે.

તેઓએ વધુમાં કહ્યું કે, સમજૂતી સધાઈ તે પછી ઈઝરાયલની સરકારે તેની સેનાકીય કાર્યવાહી વધારી દીધી છે, જેથી આ સમજૂતીનો અમલ કરવો મુશ્કેલ બની રહે.





# ખંભાત પંથકમાં ધોધમાર વરસાદથી પાણી ભરાયા : નગરા ગામે વેરાઈ માતાજી ચોક વિસ્તારમાં જળબંબાકાર

ખંભાત પંથકમાં લાંબા સમયની પ્રતીક્ષા બાદ ધોધમાર વરસાદ વરસ્યો છે. ભારે વરસાદને કારણે ઠેર-ઠેર પાણી ભરાયા હતા. ખાસ કરીને નગરા ગામે વેરાઈ માતાજીના ચોક વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી.

ભીમતળાવ, જીણજ, કંસારી અને નાના કલોદરા સહિતના ગામોમાં પણ વરસાદ નોંધાયો હતો. જોકે, ખંભાત શહેરી વિસ્તારમાં માત્ર છૂટાછવાયા છાંટા જ વરસ્યા હતા.

વરસાદ ખેંચાતા ચિંતિત બનેલા ખેડૂતોમાં આ વરસાદથી આનંદની લાગણી છવાઈ છે. લાંબા સમય બાદ પડેલા આ વરસાદથી પાક લેવાની તેમની આશાઓ ફરી જીવંત થઈ છે અને ખેતીના કામોને ગતિ મળી છે.

ઉલ્લેખનીય છે કે, ગતરોજ વેરાઈ માતાજીના મંદિરે વરસાદ માટે વિશેષ પૂજા વિધિ અને હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ₹575 કરોડનું હેરોઈન ઘૂસાડવાના કેસમાં 18 પાકિસ્તાની અને 1 અફઘાનીને 20 વર્ષની સજા

**■ 8 ઓક્ટોબર 2022ના રોજ જખૌ દરિયા કિનારા પાસેથી રૂપિયા 250 કરોડની કિંમતનું 50 કિલો હેરોઈન ઝડપાયું હતું**

કચ્છ

કચ્છની દરિયાઈ સરહદનો ઉપયોગ કરીને કરોડો રૂપિયાના નશીલા પદાર્થોની હેરાફેરી કરવાના આંતરરાષ્ટ્રીય નેટવર્ક પર ન્યાયતંત્રએ લાલ આંખ કરી છે. ભુજની સ્પેશિયલ NDPS કોર્ટે દેશની આંતરિક સુરક્ષા અને યુવાધનને બરબાદ કરવાના આ ગંભીર ષડયંત્રમાં સામેલ 19 ડ્રગ માફિયાઓને સખત સજા ફટકારી છે. સજા પામેલા ગુનેગારોમાં 18 પાકિસ્તાની અને એક અફઘાની નાગરિકનો સમાવેશ થાય છે, જેમને કોર્ટે 20 વર્ષની સખત કેદની સજા આપી છે. ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા જુદા જુદા ત્રણ સફળ ઓપરેશન્સ હાથ ધરીને આ અંદાજે રૂપિયા 575 કરોડનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું.

આ કેસોની વિગતવાર વાત કરીએ તો, પ્રથમ ઘટના જાન્યુઆરી 2020ની છે.




ગુજરાત ATSએ 6 જાન્યુઆરી 2020ના રોજ ગુપ્ત માહિતીના આધારે જખૌ નજીક સમુદ્રમાં એક પાકિસ્તાની ફિશિંગ બોટને આંતરી હતી, જેમાંથી રૂપિયા 175 કરોડની કિંમતનું હેરોઈન મળી આવ્યું હતું. આ મામલામાં પકડાયેલા ચાર પાકિસ્તાની ઘૂસણખોરો, ઈસ્માઈલ મોહમ્મદ જામ, અનીશ ઈશા ભાટી, અબુબકર હાસમ કુંગરા અને અશર્રફ ઉસ્માન ભાટીને અદાલતે ગુનેગાર ઠેરવ્યા છે. ઉલ્લેખનીય છે કે, આ કેસના પાંચમા આરોપીનું ટ્રાયલ દરમિયાન અવસાન થતાં તેની સામેની કાયદાકીય કાર્યવાહી પડતી મૂકવામાં આવી હતી.

ડ્રગ્સ હેરાફેરીનો આવો જ બીજો મોટો પ્રયાસ એપ્રિલ 2021માં નાકામ કરવામાંવામાં આવ્યો હતો. 14 એપ્રિલ 2021ના રોજ એટીએસની ટીમે જખૌના દરિયાઈ વિસ્તારમાંથી રૂપિયા 150 કરોડની બજાર કિંમત ધરાવતા 30 કિલો હેરોઈન સાથે 8 પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરી હતી. આ તમામ આરોપીઓ પાકિસ્તાનના હૈદરી બંદરથી ડ્રગ્સનો જથ્થો ભરીને ભારતમાં સપ્લાય કરવાના ઈરાદે દરિયાઈ સરહદ ઓળંગીને ઘૂસ્યા હતા. કોર્ટે આ આઠેય આરોપીઓ, મુર્તજા, યામીન, મુસ્તફા, નસરુલ્લા, હુસૈન, સાલેમામદ, મહંમદ યાસિન અને રફીક આમદને પણ 20 વર્ષની જેલની સજા ફટકારી છે.

જ્યારે ત્રીજો કેસ ઓક્ટોબર 2022નો છે, જેમાં ATSએ સૌથી મોટો સપાટો બોલાવ્યો હતો. 8 ઓક્ટોબર 2022ના રોજ જખૌ દરિયા કિનારા પાસેથી રૂપિયા 250 કરોડની કિંમતનું 50 કિલો હેરોઈન ઝડપાયું હતું. આ કેસની તપાસ દરમિયાન પાકિસ્તાની નાગરિકો ઉપરાંત ડ્રગ્સના આ આંતરરાષ્ટ્રીય નેટવર્કમાં એક અફઘાની કનેક્શન પણ સામે આવ્યું હતું. કોર્ટે આ કેસના સંદર્ભમાં અલી મોહમ્મદ, મમતાજ, શેર મોહમ્મદ, મોતીયા, ઈબ્રાહિમ, ઝાહિદ અબ્દુલ્લા તેમજ અફઘાનિસ્તાનના હેકમતુલ્લા નુરુલ્લાહને ગુનેગાર ઠેરવીને જેલભેગા કરવાનો આદેશ કર્યો છે.

ભુજ સેશન્સ કોર્ટે આ ત્રણેય હાઈ-પ્રોફાઈલ કેસોની સુનાવણી ચાલી હતી. કોર્ટે તમામ 19 વિદેશી નાગરિકોને NDPS એક્ટની કલમ 8 (c) અને કલમ 23 (c) હેઠળ દોષિત જાહેર કર્યા હતા. કાયદાની આ બંને કલમો હેઠળ તમામને 20-20 વર્ષની જેલ અને સાથે પ્રત્યેક આરોપીને રૂપિયા 2-2 લાખનો આર્થિક દંડ ફટકારવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે, કોર્ટે આ બંને કલમો હેઠળની સજા અલગ-અલગ ભોગવવાનો આદેશ કર્યો છે.

# ઈડર-વડાલી હાઈવે પર ગંભીર અકસ્માત: 1 યુવાનનું કરૂણ મોત, અન્ય એક ઈજાગ્રસ્ત

સાબરકાંઠા

ઈડર-વડાલી હાઈવે પર મંગળવારે રાત્રે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. આ કાળજું કંપાવી દેનારા અકસ્માતમાં એક યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક સારવાર માટે વડાલી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

મળતી વિગતો મુજબ, GJ09DG9098 નંબરની બાઈક પર સવાર થઈને બે વ્યક્તિઓ મંગળવારે રાત્રિના સમયે ઈડર-વડાલી હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન કોઈ અજાણ્યા વાહનના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી અને અકસ્માત સર્જીને ત્યાંથી નાસી છૂટ્યો હતો.



આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક સવાર એક વ્યક્તિએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા જીગ્નેશભાઈ સોમાભાઈ બુંબડિયાને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે વડાલી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં પહોંચ્યા બાદ પણ દર્દીની મુશ્કેલીઓ ઓછી થઈ ન હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મંગળવારે બપોરે જ હોસ્પિટલના ફરજ પરના ડોક્ટર વય નિવૃત્ત થયા હોવાના કારણે હોસ્પિટલમાં ડોક્ટરનો અભાવ જોવા મળ્યો હતો. પરિણામે, ગંભીર હાલતમાં રહેલા જીગ્નેશભાઈને પ્રાથમિક સારવાર મળ્યા બાદ પણ વધુ સારવાર માટે લગભગ 30 થી 40 મિનિટ સુધી રાહ જોવી પડી હતી અને ત્યારબાદ તેમને હિંમતનગર ખાતે રિફર કરવામાં આવ્યા હતા.

**ડો. અશોક યાદવનું સન્માન, એમ્બ્યુલન્સ અને સાધનોની સફાઈ કરી**

# જાંબુઘોડા 108 ટીમે ડોક્ટર દિવસ ઉજવ્યો

જાંબુઘોડા, પંચમહાલ

જાંબુઘોડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે 1 જુલાઈના રોજ ડોક્ટર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જાંબુઘોડા 108ના સ્ટાફ દ્વારા ડોક્ટર અશોક યાદવનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં 108 એમ્બ્યુલન્સ વાનની સ્વચ્છતા અને તેમાં વપરાતા ઈમરજન્સી સાધનોની સફાઈ પણ કરવામાં આવી હતી.

108 એમ્બ્યુલન્સ વાનમાં ઈમરજન્સી સમયે ઉપયોગમાં લેવાતા અંબુ બેગ, સેક્શન મશીન, સ્પ્લિન્ટ, સર્વાઈકલ કોલર જેવા અનેક સાધનોની ઝીણવટભરી સાફ-સફાઈ અને સ્વચ્છતા કરવામાં આવી હતી.

ડોક્ટર અશોક યાદવને મોં મીઠું કરાવી પુષ્પગુચ્છ અર્પણ કરીને ડોક્ટર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં જાંબુઘોડા સામૂહિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટર અશોક યાદવ, 108ના ઈમરજન્સી મેડિકલ ટેકનિશિયન ભરત માલીવાડ અને તૃપ્તિ સંગાડા, તેમજ પાયલોટ પ્રથમ બારીયા અને રાજેશ બારીયા સહિતનો સ્ટાફ જોડાયો હતો. ડોક્ટર યાદવે 108 ટીમના આ કાર્યની સરાહના કરી હતી.





**મોટી સંખ્યામાં ખેડૂતો અને મહિલાઓ કેરાલા પોલીસ મથકે ઉમટી પડ્યાં**

# ખેડૂત આગેવાનનું અપહરણ કરનાર આરોપીઓ ન ઝડપાતા મામલો ગરમાયો

ધંધુકા

ખેડૂત આગેવાન શૈલેષ મેરના અપહરણ અને હુમલાના આરોપીઓની ધરપકડ ન થતા મામલો ગરમાયો છે. આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડવાની માંગ સાથે શૈલેષ મેરના સમર્થકો, ખેડૂતો અને મોટી સંખ્યામાં મહિલાઓએ કેરાલા પોલીસ મથકે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિરોધ પ્રદર્શન દરમિયાન, ઉપસ્થિત લોકોએ આરોપીઓને ઝડપથી પકડી કડક કાયદેસરની કાર્યવાહી કરવાની અને જાહેરમાં તેમનો વરઘોડો કાઢવાની માંગ કરી હતી. પોલીસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર સાથે મોટી સંખ્યામાં લોકો પોલીસ મથકે એકઠા થતા વાતાવરણ તંગ બન્યું હતું. સમગ્ર મામલો જોઈએ તો એક દિવસ પહેલા કેરાલા ગામે ખેડૂત આંદોલનના આગેવાન શૈલેષ મેરનું રાત્રિના સમયે અજાણી કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણ બાદ તેમને છરીના ઘા મારવામાં આવ્યા હતા. આ મામલે કેરાલા જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ઈજાગ્રસ્ત શૈલેષ મેરને નીલકંઠ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા, જ્યાં મોટી સંખ્યામાં સમર્થકો પહોંચ્યા હતા. સમર્થકોએ આરોપીઓને 24 કલાકમાં પકડી તેમનો વરઘોડો કાઢવાની માંગ કરી હતી. આંદોલનના આગેવાન પિન્ટુભાઈએ જણાવ્યું હતું કે, આરોપીઓને પકડવા માટે પોલીસને 24 કલાકનો સમય આપવામાં આવ્યો હતો. જોકે, નિર્ધારિત સમય પૂરો થયા છતાં હજુ સુધી કોઈ આરોપીની ધરપકડ કરવામાં આવી નથી, જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પિન્ટુભાઈએ વધુમાં જણાવ્યું હતું કે, જો આરોપીઓની વહેલી તકે ધરપકડ નહીં કરવામાં આવે તો પોલીસ મથકનો ઘેરાવ અને આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.



# ઈડરની ગૌવાવ નદીમાં ગેરકાયદે રેતી ખનન

*ઈડર તાલુકાના વડીયાવીર ગામ પાસે આવેલી ગૌવાવ નદીમાં વડીયાવીરથી ભૂતિયા, દેત્રોલી અને બડોલી સીમમાંથી પસાર થતા પટમાં સવારથી જ ડમ્પરો, જેસીબી અને ટ્રેક્ટરો દ્વારા રેતી ખનન શરૂ થઈ જાય છે, આ અંગે અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ પરિણામ મળ્યું નથી*

ઈડર

ઈડર તાલુકાની ગૌવાવ નદીમાં મોટા પાયે ગેરકાયદે રેતી ખનન થઈ રહ્યું છે. ગ્રામજનો દ્વારા જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી ન થતા સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે. ઈડરના ચાંડપ ગામ પાસેથી રોજના અનેક ઓવરલોડ ડમ્પરો ઈડર મામલતદાર કચેરી પાસેથી પસાર થતા હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

ઈડર તાલુકાના વડીયાવીર ગામ પાસે આવેલી ગૌવાવ નદીમાં વડીયાવીરથી ભૂતિયા, દેત્રોલી અને બડોલી સીમમાંથી પસાર થતા પટમાં સવારથી જ ડમ્પરો, જેસીબી અને ટ્રેક્ટરો દ્વારા રેતી ખનન શરૂ થઈ જાય છે. આ અંગે અવારનવાર રજૂઆતો કરવા છતાં કોઈ પરિણામ મળ્યું નથી. વડીયાવીર અને ભૂતિયા ગામના ગ્રામજનોએ ગત 25 મેના રોજ ભૂસ્તરશાસ્ત્રી, હિંમતનગરને લેખિત રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં




ભિલોડાના મકબુલભાઈ મજારખાન મકરાણી છેલ્લા એક માસથી રાત-દિવસ જેસીબી, હિટાચી અને ડમ્પરો દ્વારા રેતીનું ખનન કરી રહ્યા હોવાનો ઉલ્લેખ કરાયો હતો. ગ્રામજનોએ તેમની લીઝ કાયદેસર છે કે કેમ તે અંગે કચેરી પાસેથી વિગતો માંગી હતી, પરંતુ આજદિન સુધી કોઈ જવાબ મળ્યો નથી. ગ્રામજનો દ્વારા ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરીને જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીને પુરાવા મોકલવામાં આવી રહ્યા છે, આ લીઝ બાબતે અગાઉ પોલીસ ફરિયાદ અને કોર્ટ ફરિયાદ પણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. ગ્રામ પંચાયત, ગ્રામજનો અને ખેડૂતોની સંમતિ લીધા વિના જો આ લીઝ રિન્યુ કરવામાં આવી હોય, તો તેને તાત્કાલિક બંધ કરવાની માંગ ગ્રામજનો કરી રહ્યા છે. આ વર્ષે ઓછો વરસાદ હોવાથી નદી-નાળા ભરાયા નથી, જેના કારણે નદીમાં ખનન થવાથી ભૂગર્ભ જળસ્તર વધુ નીચા જવાનો ભય વ્યક્ત કરાયો છે.

# ખંભોળજ રોડ પર બાઈકે બે પદયાત્રીઓને ટક્કર મારી

ઉમરેઠ, આણંદ

આણંદ જિલ્લાના ખંભોળજ પોલીસ સ્ટેશન હદમાં ગત રવિવારે (28 જૂન 2026 ) રાત્રે અંદાજે 9.30 વાગ્યે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂનમ નિમિત્તે ડાકોર મંદિર દર્શન કરવા પગપાળા જઈ રહેલા બે પદયાત્રીઓને એક મોટરસાયકલ ચાલકે પાછળથી ટક્કર મારી હતી. આ ઘટનામાં એક પદયાત્રીને ગંભીર ઈજા થઈ છે, જ્યારે બીજાને સામાન્ય ઈજા પહોંચી છે.

ઉમરેઠ તાલુકાના ધોળી ગામના ફરિયાદી સંજયસિંહ ઉદેસિંહ ચૌહાણ (ઉં.વ. 40 ) અને તેમના કાકાના દીકરા લાલસિંહ ચૌહાણ ખંભોળજ-ઓડ રોડ પર આવેલા અર્થ પોલ્ટ્રી ફાર્મ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે સારસા તરફથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા હિરો સ્પેલન્ડર પ્રો (નંબર: GJ-09-CN-0285) ના ચાલકે તેમને પાછળથી અડફેટે લીધા હતા. ટક્કર વાગતા જ બંને પદયાત્રીઓ રોડ પર પટકાયા હતા.




આ અકસ્માતમાં લાલસિંહ ચૌહાણને માથાના ભાગે ગંભીર ફ્રેક્ચર અને હેમરેજ જેવી જીવલેણ ઈજાઓ થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. સંજયસિંહને ડાબા હાથની કોણીએ સામાન્ય ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જનાર મોટરસાયકલ ચાલક પણ નીચે પડી ગયો હતો અને તેને પણ ઈજાઓ થઈ હતી.

ગંભીર રીતે ઈજાગ્રસ્ત લાલસિંહને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે આણંદની આઈરીશ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સ્થિતિ ગંભીર હોવાનું જણાવાયું છે. ખંભોળજ પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી હેડ કોન્સ્ટેબલ વિજયકુમાર ઠાકોરભાઈને આગળની તપાસ સોંપી છે.

**ગોધરા મુસ્લિમ સમાજે SP ને આવેદનપત્ર આપ્યું**

# પયગંબર વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરનાર નાઝિયા ઇલાહી સામે કાર્યવાહીની માંગ કરાઈ

પંચમહાલ (ગોધરા)

ગોધરા મુસ્લિમ સમાજે મોહમ્મદ પયગંબર સાહેબ વિશે સોશિયલ મીડિયા પર કથિત રીતે વિવાદાસ્પદ ટિપ્પણી કરનાર નાઝિયા ઈલાહી વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ કરી છે. આ મામલે આજે ગોધરાના મુસ્લિમ સંગઠનો, વિવિધ ટ્રસ્ટના હોદ્દેદારો અને ઉલેમા એકરામ દ્વારા પંચમહાલ-ગોધરાના પોલીસ અધિક્ષક (SP) ને એક લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ગોધરાના પૂર્વ કોર્પોરેટર પપ્પુભાઈ સૈયદ અને સ્થાનિક અગ્રણી મોહમ્મદ ગીતેલીની આગેવાનીમાં મુસ્લિમ સમાજનું એક પ્રતિનિધિમંડળ એસપી કચેરીએ પહોંચ્યું હતું. તેમણે નાઝિયા ઈલાહી સામે કાયદેસરની કાર્યવાહી કરવા વિનંતી કરી હતી.

સ્થાનિક નેતાઓના આરોપ મુજબ, નાઝિયા ઈલાહી દ્વારા સસ્તા પ્રચાર મેળવવા માટે અગાઉ પણ મુસ્લિમોની મસ્જિદો અને મદરસાઓ તોડી પાડવા જેવા ઉશ્કેરણીજનક નિવેદનો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ આર્થિક બહિષ્કારની વાતો કરવામાં આવી હતી.




હાલમાં, નાઝિયા ઈલાહી પર મોહમ્મદ પયગંબર સાહેબ વિશે અપમાનજનક શબ્દો ઉચ્ચારીને વિશ્વભરના મુસ્લિમોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં, તેણી પયગંબર મોહમ્મદ સાહેબ અને હઝરત આયશાના લગ્ન જીવન તેમજ તેમની ઉંમરને લઈને અત્યંત આપત્તિજનક અને બીભત્સ શબ્દોનો પ્રયોગ કરતી જોવા મળે છે. વીડિયોમાં તે પયગંબર સાહેબના અંગત જીવન વિશે 'ઈન્ટરકોર્સ' અને 'અશ્લીલતા' જેવા ગંભીર આક્ષેપો લગાવતી હોવાનું જણાવાયું છે.

મુસ્લિમ સમાજે આવેદનપત્રમાં સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાનો ઉલ્લેખ કરતા જણાવ્યું છે કે, આવી સંવેદનશીલ બાબતોમાં કોઈ ફરિયાદની રાહ જોયા વિના પોલીસ પ્રશાસને પોતાની મેળે (સુઓમોટો) સંજ્ઞાન લઈ તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ.



### ફિલ્મમેકર રાજ નિદિમોરુ સાથે ગયા વર્ષે લગ્ન કર્યા હતા

# 39 વર્ષની ઉંમરે મા બનશે સમંથા રૂથ પ્રભુ, બેબી બંપ ફ્લોન્ટ કરી શેર કરી ખાસ પોસ્ટ

મુંબઈ

સાઉથ સ્ટાર સામંથા રૂથ પ્રભુએ સોશિયલ મીડિયા પર પોતાના બેબી બમ્પની તસવીર શેર કરી છે. તેણે પ્રેગ્નેન્સીના સમાચારની પુષ્ટિ કરતા રમુજી અંદાજમાં આ ફોટો સાથે 'માય સિક્સ પેક' લખ્યું છે. સામંથા અને તેના પતિ, ફિલ્મ મેકર રાજ નિદિમોરુ તેમના પહેલાં બાળકનું સ્વાગત કરવાના છે. ફોટો શેર કરીને લખ્યું- 'માય સિક્સ પેક' સામંથાએ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી આ ફોટો પોસ્ટ કર્યો. તસવીરમાં તે પોતાનો બેબી બમ્પ ફ્લોન્ટ કરતી જોવા મળી રહી છે. ફોટોના કેપ્શનમાં તેણે લખ્યું, 'માય સિક્સ પેક. આઈ વિલ સી યુ વેન આઈ સી યુ.' તેની આ પોસ્ટ પછી સોશિયલ મીડિયા પર લોકો તેને અભિનંદન આપી રહ્યા છે. ફિલ્મની સક્સેસ મીટમાં આપ્યું નિવેદન સામંથા રૂથપ્રભુ તાજેતરમાં રિલીઝ થયેલી તેની ફિલ્મ 'મા ઈંતિ બંગારમ'ની સક્સેસ મીટમાં પતિ રાજ નિદિમોરુ સાથે પહોંચી હતી. ઈવેન્ટમાં મીડિયા સાથે વાતચીત કરતા સામંથાએ પ્રેગ્નન્સી કન્ફર્મ કરતા કહ્યું, 'મા ઈંતિ બંગારમ' પછી હું મારા બાકીના પ્રોજેક્ટ્સ પૂરા કરીને મારી સ્થિતિને ધ્યાનમાં રાખીને એક નાનો બ્રેક લઈશ. મારે મેટરનિટી લીવ લેવી જ પડશે. આ પછી હું મારા ચાહકો માટે બીજી એક ફિલ્મ સાથે પાછી ફરીશ.' સામંથા રૂથપ્રભુની ફિલ્મ 'મા ઈંતિ બંગારમ' 19 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થઈ. આ ફિલ્મને દર્શકો તરફથી ખૂબ પ્રશંસા મળી રહી છે. ફિલ્મની સફળતાની ઉજવણી કરવા માટે, તાજેતરમાં સામંથા એક ફેન મીટ-અપનો ભાગ બની હતી, જ્યાં તેણે વ્હાઈટ ટી-શર્ટ સાથે ડેનિમ પહેર્યું હતું. ઈવેન્ટમાંથી બહાર આવતા દરેકની નજર તેના બેબી બમ્પ પર હતી, જે ફીટેડ ટી-શર્ટમાં સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. 6 મહિના પહેલા રાજ નિદિમોરુ સાથે લગ્ન કર્યા સામંથા રૂથપ્રભુએ 1 ડિસેમ્બર 2025ના રોજ 'ધ ફેમિલી મેન'ના ડિરેક્ટર રાજ નિદિમોરુ સાથે લગ્ન કર્યા. આ એક ખાનગી લગ્ન હતા, જેમાં સામંથા-રાજના નજીકના સંબંધીઓ અને મિત્રો જ સામેલ થયા હતા. આ કપલે સદગુરુના ઈશા ફાઉન્ડેશનના લિંગા ભૈરવી મંદિરમાં પ્રાચીન યોગિક પરંપરા અનુસાર ભૂત શુદ્ધિ વિવાહ કર્યા હતા. સામંથા રૂથપ્રભુએ લગ્નની તસવીરો પોસ્ટ કરીને સત્તાવાર જાહેરાત કરી હતી. 50 વર્ષના રાજ નિદિમોરુ, ફિલ્મમેકર છે. તેની અને ડીકે (કૃષ્ણા દસરાકોઠાપલ્લી)ની ફિલ્મમેકર જોડી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણી લોકપ્રિય છે. બંનેએ યુકેમાંથી સોફ્ટવેર એન્જિનિયરિંગ કર્યા પછી 2002ની ફિલ્મ 'શાદી ડોટ કોમ' સાથે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ બંનેએ વર્ષ 2003થી સ્વતંત્ર ફિલ્મમેકર તરીકે ફિલ્મ 99 લખી, પ્રોડ્યુસ કરી અને ડિરેક્ટ કરી.

**સામંથા અને તેના પતિ, ફિલ્મ મેકર રાજ નિદિમોરુ તેમના પહેલાં બાળકનું સ્વાગત કરવાના છે**

# રિયા ચક્રવર્તીને 'ગોલ્ડ ડિગર'- 'ડાયન'નું ટેગ મળ્યું

## 27 દિવસનો જેલવાસ, બોલિવૂડના બંધ દરવાજા ને અનલિમિટેડ ટ્રોમા; એક્ટ્રેસનું 7 વર્ષ બાદ 'ફિલ્મી' કમબેક

મુંબઈ

એક સમય હતો જ્યારે રિયા ચક્રવર્તી ફિલ્મો કરતાં વિવાદોને કારણે વધુ ચર્ચામાં હતી. તેનાથી સંબંધિત સમાચારોમાં અભિનય ઓછો અને આરોપો, દલીલો, ટ્રોલિંગ અને તપાસ વધુ જોવા મળતી હતી. પરંતુ આ વાર્તાની શરૂઆત ત્યાંથી થતી નથી. તેની શરૂઆત એક એવી છોકરીથી થાય છે જે આર્મી પરિવારમાંથી મુંબઈ આવી હતી અને એક્ટ્રેસ બનવા માંગતી હતી. પછી રસ્તામાં રિજેક્શન મળ્યું. યશરાજની ફિલ્મ હાથમાંથી નીકળી ગઈ. બોલિવૂડમાં ફ્લોપનો સિક્કો લાગ્યો. મહેશ ભટ્ટ સાથેના સંબંધો પર સવાલો ઉઠ્યા. પછી 2020 આવ્યું અને જીવન સંપૂર્ણપણે બદલાઈ ગયું. 27 દિવસ જેલ, કામ બંધ થયું, સોશિયલ મીડિયા ટ્રાયલ, માનસિક સંઘર્ષ અને આ અહેસાસ કે કદાચ હવે ક્યારેય કેમેરા સામે પાછા ફરવું નહીં પડે. પરંતુ વાર્તા અહીં અટકી નહીં. રિયાએ નવી રીતથી શરૂઆત કરી. બિઝનેસ શરૂ કર્યો, પોતાનું પ્લેટફોર્મ બનાવ્યું અને હવે ઘણા વર્ષો પછી ફરીથી એક્ટિંગમાં વાપસીની તૈયારી કરી રહી છે. આ માત્ર કમબેક નથી, પરંતુ બીજા અધ્યાયની વાર્તા છે. રિયા ચક્રવર્તીનો જન્મ 1 જુલાઈ, 1992ના રોજ બેંગ્લોરમાં થયો હતો. તેના પિતા લેફ્ટનન્ટ કર્નલ ઈન્દ્રજીત ચક્રવર્તી 25 વર્ષથી સેનામાં સેવા આપી રહ્યા છે. તેની માતા ગૃહિણી છે અને નાનો ભાઈ શોવિક ચક્રવર્તી MBA કરવા માંગતો હતો, પરંતુ તેનું સ્વપ્ન પૂર્ણ થઈ શક્યું નહીં. રિયાએ 2009માં MTV રિયાલિટી શો 'TVS સ્કૂટી ટીન દિવા' થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. જોકે, તે આ શોની વિજેતા બની શકી નહીં, તેને રનર-અપ બનીને સંતોષ માનવો પડ્યો. આ પછી, રિયા MTV પર ઘણા શો હોસ્ટ કરતી જોવા મળી. યશરાજની ફિલ્મમાંથી રિજેક્ટ થઈ, પછી સાઉથ ફિલ્મોનો રસ્તો પસંદ કર્યો રિયાએ ઈન્ડસ્ટ્રીમાં સ્થાન બનાવવા માટે ઓડિશન આપ્યા. યશરાજની ફિલ્મ 'બેન્ડ બાજા બારાત' માટે પણ ઓડિશન આપ્યું, પરંતુ પસંદગી ન થઈ. પાછળથી ફિલ્મ હિટ સાબિત થઈ. આ શરૂઆતનું રિજેક્શન હતું, પરંતુ તેણે બીજો રસ્તો પસંદ કર્યો. તેણે તેલુગુ ફિલ્મ 'તુનીગા તુનીગા'થી શરૂઆત કરી અને પછી હિન્દી ફિલ્મો તરફ આગળ વધી.



# ખોટા એંગલથી વીડિયો લેવા પર નેહા ધૂપિયા પાપારાઝી પર લાલઘૂમ:કહ્યુ- આ બધુ બંધ કરો

## પાપારાઝીએ તેના ગ્રે હેર પર કોમેન્ટ કરી, જેના જવાબમાં ભડકતા તેણે કહ્યું છે, 'બોલી લીધું? કરી લીધું? આ બદતમીઝીથી બેક શોટ કોણ લે છે તમારામાંથી? કોણ લે છે?

મુંબઈ

ગોલ્ડ સ્ટ્રીમિંગ એવોર્ડ સેરેમનીમાં નેહા ધૂપિયા પાપારાઝી પર ભડકી ગઈ છે. એક્ટ્રેસે બેક શોટ લેવા અને તેને પોસ્ટ કરવા પર નારાજગી વ્યક્ત કરી અને પાપારાઝીને કડક શબ્દોમાં ચેતવણી પણ આપી. સેરેમનીમાંથી નેહા ધૂપિયા એવોર્ડ લઈને નીકળી રહી હતી. ત્યારે જ પાપારાઝીએ તેના ગ્રે હેર પર કોમેન્ટ કરી, જેના જવાબમાં ભડકતા તેણે કહ્યું છે, 'બોલી લીધું? કરી લીધું? આ બદતમીઝીથી બેક શોટ કોણ લે છે તમારામાંથી? કોણ લે છે? ન કરો. મારું નથી કરવાનું, કોઈનું નથી કરવાનું. બોલી-બોલીને થાકી ગયા છીએ.' આગળ એક્ટ્રેસે કહ્યું, 'આ અમારું કામ નથી. અમે બહાર આવીએ છીએ, ત્યારે તમે લોકો ત્યાં આ બધું કરો છો, બેગ ઉઠાવીને, બુક ઉઠાવીને, પાછળથી ચાલતા, આ બધું હવે નહીં ચાલે. આ બધું બંધ કરો. અમે તમને ખૂબ જ આદરથી વાત કરીએ છીએ, આ બધું ન કરો, બિલકુલ આ બધું ન કરો.'

થોડા સમય પહેલા જ નેહા ધૂપિયાનો સોનાક્ષી સિંહા અને ઝહીર સાથે દોડતો એક વીડિયો વાઈરલ થયો હતો, જેમાં તેના બેક શોટનો ઉપયોગ થયો હતો. થોડા સમય પહેલા જ મલાઈકા અરોરાનો એક વીડિયો વાયઈલ થયો હતો, જેમાં તે પાપારાઝી પર ગુસ્સે થતી જોવા મળી હતી. એક ઈવેન્ટ પછી મલાઈકા એક વ્યક્તિ સાથે વાત કરી રહી હતી, પરંતુ પાપારાઝી પ્રાઈવસી આપવાને બદલે સતત તેનો વીડિયો લઈ રહ્યા હતા. આ જોઈને એક્ટ્રેસ ભડકી ગઈ અને કહ્યું- અહીં જ આવી જાઓ. જ્હાનવી કપૂરે ઈન્ડિયન એક્સપ્રેસને આપેલા ઈન્ટરવ્યુમાં ખોટા એંગલથી વીડિયો બનાવવામાં આવતા હોવા પર કહ્યું હતું કે, 'પાપારાઝીએ એક્ટ્રેસની પ્રાઈવસીનું સન્માન કરવું જોઈએ, કેટલાક પાપારાઝી આવું કરે છે પરંતુ કેટલાક આવું કરતા નથી. કેટલાક સામાન્ય વીડિયોમાં પણ ખોટા એંગલથી લઈને ફોટોનું કવર લગાવી દે છે અને તેને સનસનાટીભર્યા બનાવી દે છે, ખાસ કરીને આવું ત્યારે થાય છે જ્યારે તે વીડિયો કોઈ એક્ટ્રેસનો હોય.' નેહા શર્માએ પણ ખોટા એંગલથી ફોટા પાડવા બદલ પાપારાઝીઓ સામે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. તેણે કહ્યું, 'કેટલાક એવા દિવસો આવે છે જ્યારે તમે નથી ઈચ્છતા કે કોઈ તમને જુએ. તમે બ્રેક લેવા માંગો છો જે મેં છેલ્લા દિવસોમાં લીધો.






# જુલાઈમાં મનોરંજનનો રસથાળ: 'આલ્ફા'થી લઈ 'ઈક્કા' સુધી આવી રહી છે કોમેડી-એક્શન ફિલ્મ

## જુલાઈ મહિનામાં બોલિવૂડની બિગ બજેટ ફિલ્મનો દમદાર જલસો પડવાનો છે

મુંબઈ

જુલાઈ મહિનામાં બોલિવૂડની બિગ બજેટ ફિલ્મનો દમદાર જલસો પડવાનો છે. આ ફિલ્મોના બેક ટુ બેક રિલીઝમાં કઈ ફિલ્મ ચાલશે અને કઈ પિટાશે એ તો ફેન્સનો પ્રતિસાદ નક્કી કરશે. પણ આ વર્ષે જુલાઈ મહિનો એકથી એક બિગ સ્ક્રિન ફિલ્મનો રહેવાનો છે. એક કે બે નહીં પણ સાત ફિલ્મ એક જ મહિનામાં રિલીઝ થવા જઈ રહી છે. 'મૈં વાપસ આઉંગા' પણ ફિલ્મ સારી છે અને બોક્સઓફિસ ધીમે ધીમે કમાણીનો સ્કોર વધારી રહી છે. આલિયા ભટ્ટનો એક્શન અવતાર લઈને આવી રહી છે ફિલ્મ 'આલ્ફા'. જેમાં બોબી દેઓલ વિલનના રોલમાં છે અને શરવરી વાઘ આલિયા સાથે સ્ટેપ સ્ટેપ એક્શન અવતારમાં જોવા મળશે. કોઈ ચોક્કસ મિશનને લઈને ફાઈટ થઈ રહી છે પણ આખરે મિશન શું છે એ ફિલ્મનો કોર પાર્ટ છે. સ્પાઈ થ્રિલર ફિલ્મ સંપૂર્ણ રીતે વુમન સેન્ટ્રીક છે. આ ફિલ્મમાં બોબી દેઓલની સાથે અનિલ કપૂર પણ અલગ અંદાજમાં જોવા મળશે. ફિલ્મનું દમદાર ટ્રેલર સામે આવ્યા બાદ લોકો એક અંગ્રેજી ફિલ્મને યાદ કરવા લાગ્યા હતા. જોવાનું એ છે કે આલિયાનો એક્શન અવતાર ફેન્સને ગમે છે કે નહીં. હુમા કુરેશીની એક્શન ડ્રામા ફિલ્મ 'બેબી ડુ આઈ ડુ' આવી રહી છે. ફિલ્મની નાનકડી ઝલક સામે આવી છે, જેમાં હુમા બેક ટુ બેક ફાયરિંગ કરીને હત્યા કરી રહી છે. સામે આવેલા ટ્રેલર પરથી સ્ટોરી શું છે અને ફિલ્મનો મુખ્ય પ્લોટ શું છે એની ખાસ કોઈ રીતે જાણ થતી નથી. એટલી વાત સ્પષ્ટ થાય છે કે ફિલ્મ ક્રાઈમ થ્રિલર વીથ ડ્રામા છે. આ ફિલ્મમાં હુમાનો એક અલગ અવતાર જોવા મળશે. આ ફિલ્મમાં વુમન પાવરફૂલ પોઈન્ટ સ્પષ્ટ જોવા મળશે. વિરાટ કર્ણા અને નાભા નતેશની ફિલ્મ 'નાગબંધમ' આવી રહી છે. આ એક માઈથોલોજીકલ ફિલ્મ છે. ફિલ્મનો પ્લોટ ધાર્મિક છે અને શિવ એના કેન્દ્રમાં હોય એવું લાગી રહ્યું છે. શિવકથાનો કોઈ પ્રસંગ કે અલગ વાર્તા? એ ફિલ્મ જોયા બાદ ખ્યાલ આવશે. આ ફિલ્મ રિલીઝ થતાની સાથે જ તમિલ, તેલુગુ અને હિન્દીમાં જોવા મળશે. અભિષેક નામાએ આ ફિલ્મ તૈયાર કરી છે. વીએફએક્સ અને જીઆઈ પાત્રોની ભરમાર વચ્ચે વાર્તાને ન્યાય મળે છે કે નહીં એ જોવાનું છે.

# 'વેલકમ ટુ ધ જંગલ'ની કમાણી 100 કરોડને પાર:અક્ષય, સુનીલ અને પરેશની ત્રિપુટીએ દર્શકોને આકર્ષ્યા

નવી દિલ્હી

અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલ સ્ટારર કોમેડી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' એ બોક્સ ઓફિસ પર રિલીઝના માત્ર 4 દિવસમાં 100 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. ટ્રેડ ટ્રેકિંગ વેબસાઈટ સેકનિલ્ક અનુસાર, ફિલ્મે 4 દિવસમાં વર્લ્ડવાઈડ 106.48 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કરી લીધું છે.

ભારતીય બજારમાં પણ ફિલ્મનું પ્રદર્શન સતત મજબૂત રહ્યું છે અને અહીં તેનું નેટ કલેક્શન 72.25 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. ઘરેલું બજારમાં ફિલ્મનું મજબૂત પ્રદર્શન ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર પહેલા દિવસથી જ સારી પકડ જમાવી છે. પહેલા ગુરુવારે 3.75 કરોડ રૂપિયાની ઓપનિંગ પછી ફિલ્મની કમાણીમાં સતત વધારો જોવા મળ્યો. શુક્રવારે ફિલ્મે 15.25 કરોડ રૂપિયા અને શનિવારે 20 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો. જ્યારે, રવિવારે ફિલ્મે સૌથી વધુ 24.75 કરોડ રૂપિયાની કમાણી કરી. સોમવારે પણ ફિલ્મે 8.5 કરોડ રૂપિયા ઉમેરીને ભારતમાં પોતાનું કુલ નેટ કલેક્શન 72.25 કરોડ રૂપિયા સુધી પહોંચાડી દીધું છે. ભારતમાં તેનું કુલ ગ્રોસ કલેક્શન 86.53 કરોડ રૂપિયા થઈ ગયું છે. ઓવરસીઝ માર્કેટમાં મજબૂત કમાણી ભારતીય બજારની સાથે-સાથે વિદેશોમાં પણ ફિલ્મને દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. વિદેશી બજારો (ઓવરસીઝ)માં ફિલ્મે તેના ચોથા દિવસે એટલે કે સોમવારે 3 કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કર્યું. આને મળીને ફિલ્મનું કુલ ઓવરસીઝ ગ્રોસ કલેક્શન 19.95 કરોડ રૂપિયા થઈ ગયું છે. ઘરેલું અને આંતરરાષ્ટ્રીય માર્કેટની કુલ કમાણીને મળીને 'વેલકમ ટુ ધ જંગલ'એ રિલીઝના 4 દિવસની અંદર જ દુનિયાભરમાં 106.48 કરોડ રૂપિયાનો કુલ ગ્રોસ બિઝનેસ પૂરો કરી લીધો છે. 'વેલકમ ટુ ધ જંગલ' વર્ષ 2007માં આવેલી સુપરહિટ ફિલ્મ 'વેલકમ' અને 2015માં આવેલી 'વેલકમ બેક'ની આગામી કડી છે. આ આ ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ છે.



પાક્કો ગુજરાત
ગુરુવાર | 02 જુલાઈ 2026 | અમદાવાદ

### ICC દ્વારા જાહેર T20 રેન્કિંગમાં ભારતીય ક્રિકેટ ચાહકો માટે ખુશીના સમાચાર

# ICC T20 રેન્કિંગમાં નંબર-1નો તાજ ઈશાન કિશનના શિરે

મુંબઈ

ICC દ્વારા બુધવારે જાહેર કરવામાં આવેલી લેટેસ્ટ T20 આંતરરાષ્ટ્રીય બેટ્સમેનોની રેન્કિંગમાં ભારતીય ક્રિકેટ ચાહકો માટે ખુશીના સમાચાર આવ્યા છે. ભારતના ડાબોડી વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશને ઈતિહાસ રચતાં પ્રથમ વખત વિશ્વના નંબર-1 T20 બેટ્સમેન બનવાનું બહુમાન મેળવ્યું છે. તેણે પોતાના જ સાથી ખેલાડી અભિષેક શર્માને પાછળ છોડીને આ ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. અભિષેક શર્મા લગભગ 1 વર્ષ સુધી T20 રેન્કિંગમાં નંબર-1ના સ્થાને બિરાજમાન હતો, પરંતુ હવે આ તાજ ઈશાન કિશને પોતાના નામે કર્યો છે. હાલમાં બંને ભારતીય બેટ્સમેનો વચ્ચે માત્ર 7 રેટિંગ પોઈન્ટનો જ તફાવત છે, જે દર્શાવે છે કે વિશ્વ ક્રિકેટના આ ટૂંકા ફોર્મેટમાં ભારતીય ખેલાડીઓનું દબદબો યથાવત છે.

વર્લ્ડ કપ અને આયરલેન્ડ સિરીઝનું મળ્યું ઈનામ ઈશાન કિશનને આ સર્વોચ્ચ સ્થાન તાજેતરમાં જ આયરલેન્ડ સામે બેલફાસ્ટમાં રમાયેલી 2 મેચોની T20 સિરીઝ અને તે પહેલાં યોજાયેલા T20 વર્લ્ડ કપમાં સતત શાનદાર પ્રદર્શન કરવા બદલ મળ્યું છે. વર્લ્ડ કપ ટૂર્નામેન્ટ દરમિયાન ઈશાને અંદાજે 200ના વિસ્ફોટક સ્ટ્રાઈક રેટથી 317 રન ફટકાર્યા હતા. ખાસ કરીને પાકિસ્તાન સામે કોલંબોમાં રમાયેલી રોમાંચક મેચમાં રમેલી મેચવિનિંગ ઈનિંગ માટે તેને 'પ્લેયર ઑફ ધ મેચ' જાહેર કરાયો હતો. આ જ ફોર્મના જોરે તે કારકિર્દીની સર્વશ્રેષ્ઠ રેટિંગ મેળવવામાં સફળ રહ્યો છે. આ સાથે જ ઈશાન કિશન ભારતના એવા પસંદગીના દિગ્ગજોની ક્લબમાં સામેલ થઈ ગયો છે જેણે ICC T20 બેટ્સમેનોની રેન્કિંગમાં નંબર-1નું સ્થાન મેળવ્યું હોય. ભારતીય પુરુષ ક્રિકેટના




ઈતિહાસમાં વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ અને અભિષેક શર્મા બાદ આવું કરનાર ઈશાન ચોથો બેટ્સમેન બન્યો છે. અન્ય રેન્કિંગ અને ઓલરાઉન્ડર્સની સ્થિતિ આયરલેન્ડના ખેલાડીઓ: ભારત સામેની સીરીઝના પ્રદર્શનના આધારે આયરલેન્ડના લોર્કન ટકર 4 સ્થાનની છલાંગ લગાવીને 77માં અને રોસ અડેરે 84મું સ્થાન મેળવ્યું છે. બોલિંગમાં આયરલેન્ડના ઝડપી બોલર મેથ્યુ હમ્ફ્રિઝ 25માં ક્રમે પહોંચ્યો છે. લરાઉન્ડર્સ: ભારતના શિવમ દુબેએ ઓલરાઉન્ડરોની યાદીમાં 3 સ્થાનનો સુધારો કરીને 7મું સ્થાન મેળવ્યું છે. ટેસ્ટ રેન્કિંગમાં પણ

મોટો ફેરફાર: બુમરાહ ફરી નંબર-1

T20 ઉપરાંત ICCની નવી ટેસ્ટ રેન્કિંગમાં પણ મોટા ઉલટફેર જોવા મળ્યા છે: બેટીંગ: ઓસ્ટ્રેલિયાનો વિસ્ફોટક બેટ્સમેન ટ્રેવિસ હેડ પ્રથમ વખત વિશ્વનો નંબર-1 ટેસ્ટ બેટ્સમેન બન્યો છે. જ્યારે ઈંગ્લેન્ડનો હેરી બ્રૂક બીજા અને જો રૂટ ત્રીજા સ્થાને સરકી ગયા છે. નોટિંગહામ ટેસ્ટમાં શાનદાર જીત બાદ ન્યૂઝીલેન્ડનો રચિન રવિન્દ્ર 7માં અને ડેરિલ મિચેલ 11માં સ્થાને પહોંચ્યા છે. બોલિંગ: ટેસ્ટ બોલરોની રેન્કિંગમાં ભારતના ઘાતક ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ફરી એકવાર વિશ્વના નંબર-1 બોલર તરીકેનું પોતાનું સ્થાન પાછું મેળવી લીધું છે. ન્યૂઝીલેન્ડનો મેટ હેનરી આ યાદીમાં બીજા ક્રમે છે. વેસ્ટ ઈન્ડિઝનો યુવા બોલર શમાર જોસેફ સંયુક્ત રીતે 14માં સ્થાને પહોંચી ગયો છે.

## વૈભવ સૂર્યવંશીના ડેબ્યૂ પહેલા થથડી ગઈ ઈંગ્લેન્ડની ટીમ

મુંબઈ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચની T20 સિરીઝ શરૂ થાય તે પહેલા જ 15 વર્ષનો ભારતીય બેટ્સમેન વૈભવ સૂર્યવંશી ચર્ચાના કેન્દ્રમાં છે. હજુ સુધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ ન કરનારા આ વિસ્ફોટક ખેલાડીની પ્રતિભાની ગુંજ ઈંગ્લેન્ડના ડ્રેસિંગ રૂમ સુધી પહોંચી ગઈ છે. ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકે વૈભવના જોરદાર વખાણ કર્યા છે અને તેની સામે ખાસ રણનીતિ તૈયાર હોવાની વાત સ્વીકારી છે. ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રૂકે શું કહ્યું? મેચ પહેલા મીડિયા સાથેની વાતચીતમાં કેપ્ટન હેરી બ્રૂકે વૈભવને અસાધારણ ખેલાડી ગણાવ્યો હતો. બ્રૂકે કહ્યું કે, માત્ર 15 વર્ષની ઉંમરે વૈભવે જે સિદ્ધિઓ મેળવી છે તે અવિશ્વસનીય છે. જો તે મેચમાં રમશે તો અમારી ટીમ તેની સામે પૂરી તૈયારી અને ખાસ વ્યૂહરચના સાથે મેદાનમાં ઉતરશે, જેથી અમારા જીતવાની શક્યતા વધી શકે.




IPL 2026 માં પોતાના આક્રમક અંદાજથી ધમાલ મચાવ્યા બાદ વૈભવ સૂર્યવંશીને ભારતીય ટીમમાં સ્થાન મળ્યું હતું. જો કે, આયર્લેન્ડ પ્રવાસ પર તેને રમવાની તક મળી ન હતી. ઈંગ્લેન્ડ સામેની પ્રથમ મેચની પ્લેઈંગ 11 માં પણ તેના સ્થાનને લઈને હજુ સસ્પેન્સ યથાવત છે. કેટલાક પૂર્વ ક્રિકેટરો તેને તરત જ તક આપવાની તરફેણમાં છે, જ્યારે કેટલાક માને છે કે યોગ્ય સમયની રાહ જોવી જોઈએ. વિરોધી ટીમની ખાસ નજરવૈભવને ભારતીય ક્રિકેટનો આગામી મોટો સુપરસ્ટાર માનવામાં આવી રહ્યો છે. આ જ કારણે ડેબ્યૂ પહેલા જ વિરોધી ટીમ તેના રમતનું આકલન કરી રહી છે. જો પ્રથમ T20 મેચમાં વૈભવને રમવાની તક મળશે તો ઈંગ્લેન્ડની ટીમ આ યુવા બેટ્સમેનને શરૂઆતથી જ દબાણમાં લાવવાનો પૂરો પ્રયાસ કરશે.

### 44 વર્ષની ઉંમરે 1,462 દિવસ પછી કમબેક કર્યું હતું

## વિમ્બલ્ડનમાં સેરેના વિલિયમ્સ પહેલા રાઉન્ડમાંથી બહાર

વિમ્બલ્ડન

વિમ્બલ્ડન ટેનિસ ટુર્નામેન્ટમાં 23 વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સેરેના વિલિયમ્સની સફર પહેલા જ રાઉન્ડમાં સમાપ્ત થઈ ગઈ છે. 44 વર્ષીય અમેરિકન દિગ્ગજ સેરેનાએ લગભગ ચાર વર્ષ (1,462 દિવસ) પછી ટુર્નામેન્ટમાં કમબેક કર્યું હતું. તેને ઓસ્ટ્રેલિયાની 20 વર્ષીય ખેલાડી માયા જોઈન્ટે 6-3, 6-7, 6-3થી હરાવી. ઉંમરથી 24 વર્ષ નાની ખેલાડી સામે હારી સેરેના મેચની શરૂઆતમાં સેરેના વિલિયમ્સ થોડી થાકેલી અને લયથી બહાર દેખાઈ. પહેલા સેટમાં ઓસ્ટ્રેલિયાની માયા જોઈન્ટે તેમની નબળાઈઓનો ફાયદો ઉઠાવ્યો અને આ સેટ સરળતાથી 6-3 થી પોતાના



નામે કર્યો. બીજા સેટમાં સેરેનાએ શાનદાર કમબેક કર્યું. બે વાર બ્રેક પોઈન્ટ પર પાછળ રહ્યા પછી તેણે રમતને ટાઈ-બ્રેકર સુધી ખેંચી અને બીજો સેટ 7-6થી જીતી લીધો. જોકે, ત્રીજા સેટમાં શારીરિક થાક તેના પર હાવી થઈ ગયો અને માયાએ છેલ્લો સેટ 6-3થી જીતીને મેચ પોતાના નામે કરી લીધી. સેરેનાએ નિવેદનમાં કહ્યું- 'વિમ્બલ્ડનમાં પરત આવવું ખરેખર ખૂબ સારું હતું. મને અહીં આવવાની અપેક્ષા નહોતી. વાતાવરણ અદ્ભુત હતું અને મેં આ ક્ષણનો પૂરો આનંદ લીધો.' ઈજામાંથી સાજા થઈને દિમિત્રોવનું શાનદાર કમબેક, સીધા સેટમાં જીત નોંધાવી બલ્ગેરિયાના 35 વર્ષીય ખેલાડી ગ્રિગોર દિમિત્રોવે ઓસ્ટ્રેલિયાના ડેન સ્વીનીને સીધા સેટમાં 7-6, 6-3, 7-5થી હરાવ્યો. ગયા વર્ષે આ જ કોર્ટ પર વિશ્વના નંબર વન ખેલાડી જેનિક સિનર સામે બે સેટની લીડ બનાવ્યા પછી દિમિત્રોવ પેક્ટોરલ ઈજા (છાતીના સ્નાયુમાં ઈજા)ને કારણે મેચમાંથી ખસી ગયો હતો.

## ફૂટબોલ વર્લ્ડકપમાં એમબાપ્પેના ડબલ ગોલથી ફ્રાન્સ જીત્યું

### નોર્વે પહેલીવાર પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં, મેક્સિકો 40 વર્ષ પછી નોકઆઉટ મેચ જીતી

મેક્સિકો સિટી

ગયા વખતના ફાઈનલિસ્ટ ફ્રાન્સે બુધવારની પહેલી મેચમાં સ્વીડનને 3-0થી હરાવીને ફૂટબોલ વર્લ્ડ કપના રાઉન્ડ ઑફ-16માં સ્થાન મેળવી લીધું. સાથે જ સહ-યજમાન મેક્સિકોએ ઈક્વાડોરને 2-0થી હરાવીને 40 વર્ષ પછી નોકઆઉટ રાઉન્ડની મેચ જીતી છે. આ પહેલા મંગળવારની છેલ્લી મેચમાં નોર્વેએ આઈવરી કોસ્ટને 2-1થી હરાવ્યું. તેણે પહેલીવાર પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન બનાવ્યું. ન્યૂયોર્કના ન્યૂ જર્સી સ્ટેડિયમમાં ફ્રાન્સ માટે કિલિયન એમબાપ્પેએ બે અને બ્રેડલી બારકોલાએ એક ગોલ કર્યો. ડલાસ સ્ટેડિયમમાં નોર્વે માટે એન્ટોનિયો નુસા અને એર્લિંગ હાલેન્ડે ગોલ કર્યા. આઈવરી કોસ્ટ તરફથી અમાદ ડિયાલોએ એકમાત્ર ગોલ કર્યો. મેક્સિકો સિટી સ્ટેડિયમમાં મેક્સિકોના



જુલિયન ક્વિન્યોનેસે 22મી અને રાઉલ જિમેનેઝે 31મી મિનિટમાં ગોલ કર્યા. ઈન્જરી ટાઈમના પાંચમી મિનિટે પિએરો હિનકાપિએને રેડ કાર્ડ મળ્યો. હવે ફ્રાન્સનો મુકાબલો પેરાગ્વે સાથે 5 જુલાઈએ થશે. જ્યારે, 6 જુલાઈએ નોર્વેની મેચ પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝિલ સાથે થશે. મેક્સિકો 6 જુલાઈએ ઈંગ્લેન્ડ અને કોંગો ડીઆરના વિજેતા સામે રમશે. એમબાપ્પેએ 45મી અને 74મી મિનિટે ગોલ કર્યા. તેણે આ વર્લ્ડ કપમાં ત્રીજી વખત ડબલ ગોલ કર્યા છે. ટુર્નામેન્ટમાં તેના 6 ગોલ થઈ ગયા છે. તેણે આ એડિશનના ટૉપ ગોલ સ્કોરરની યાદીમાં આર્જેન્ટિનાના લિયોનેલ મેસ્સીની બરાબરી કરી લીધી છે. એમબાપ્પે વર્લ્ડ કપની નોકઆઉટ મેચમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બની ગયો છે. તેના 10 ગોલ થઈ ગયા છે. તેણે બ્રાઝિલના દિગ્ગજ લિયોનિડાસ અને રોનાલ્ડોના આઠ-આઠ ગોલના રેકોર્ડને પાછળ છોડી દીધો. એમબાપ્પેએ વર્લ્ડ કપ કારકિર્દીમાં 18મો ગોલ કર્યો છે. તે મેસ્સી (19 ગોલ)ના વર્લ્ડ રેકોર્ડથી માત્ર એક ગોલ પાછળ છે. ફ્રાન્સે આખી મેચમાં પ્રભુત્વ જાળવી રાખ્યું. ટીમે સ્વીડન પર 25-7 શોટ લગાવ્યા, જેમાં પહેલા હાફમાં 15-3ની લીડ રહી. પહેલા એમબાપ્પે અને પછી માઈકલ ઓલિસેની સાયકલ કિક પોસ્ટ સાથે અથડાઈ. ત્યારબાદ એમબાપ્પેએ ઓલિસેના પ્રયાસથી મળેલી તકને ગોલમાં ફેરવી. 53મી મિનિટે ગુસ્તાફ લાગરબિએલ્કે પાસેથી બોલ છીનવી લીધા બાદ ઓરેલિયન ચુઆમેનીએ ઓલિસેને પાસ આપ્યો. ઓલિસેએ શાનદાર મૂવ બનાવતા બારકોલાને બોલ આપ્યો અને તેણે ગોલ કરીને લીડ 2-0 કરી દીધી. ત્રીજો ગોલ પણ ઓલિસે અને બારકોલાની મદદથી એમબાપ્પેએ કર્યો. ફ્રાન્સના કોચ દિદિયે દેશાં પોતાની માતાના અંતિમ સંસ્કાર બાદ ટીમ સાથે જોડાયા. મેચના અંતે જ્યારે એમબાપ્પેને બદલવામાં આવ્યા ત્યારે દેશાંએ ઝૂકીને તેમનું અભિવાદન કર્યું. ફ્રાન્સે અત્યાર સુધી ટુર્નામેન્ટમાં 13 ગોલ કર્યા છે અને માત્ર બે ગોલ ખાધા છે.



### 1 જૂનથી 23 જૂન સુધી ચોમાસું સામાન્ય કરતાં 43% ઓછું રહ્યું

## અલ નીનો : કોર્પોરેટ કમાણી પર પ્રતિકૂળ અસર થશે

મુંબઈ

આ વર્ષના ચોમાસાના વરસાદ પર અલ નીનોની સંભવિત અસર અંગે ચિંતાઓએ કંપનીઓને ચિંતામાં મૂકી છે. ઉદ્યોગ અધિકારીઓ અને અર્થશાસ્ત્રીઓ કહે છે કે ગ્રામીણ વિસ્તારોમાં ઓછી આવક અને આગામી મહિનાઓમાં ખર્ચ કરવાની ક્ષમતામાં ઘટાડો કોર્પોરેટ કમાણી પર પ્રતિકૂળ અસર કરી શકે છે. ટ્રેક્ટર અને એન્ટ્રી-લેવલ ટુ-વ્હીલર ઉત્પાદકો કહે છે કે ચાલુ નાણાકીય વર્ષના શરૂઆતના મહિનાઓમાં વેચાણમાં જોરદાર વધારો જોવા મળ્યો હતો, પરંતુ તેમને વર્ષના અંત સુધીમાં સામાન્ય વૃદ્ધિ સાથે સમાધાન કરવું પડી શકે છે. દૈનિક ગ્રાહક માલનું ઉત્પાદન કરતી એફએમસીજી કંપનીઓ ચિંતિત છે કારણ કે પ્રીમિયમ પર્સનલ કેર પ્રોડક્ટ્સ, પેકેજ્ડ નાસ્તા અને પીણાં, વગેરેના



વેચાણને અસર થઈ શકે છે. અર્થશાસ્ત્રીઓના મતે ગંભીર અલ નીનો કૃષિ ઉત્પાદન વૃદ્ધિમાં ૧.૫ થી ૨ ટકાનો ઘટાડો કરી શકે છે અને એકંદર વાસ્તવિક જીડીપી વૃદ્ધિમાં ૩૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો થવાની શક્યતા છે. નિષ્ણાતો કહે છે કે સરકારી અનાજ બફર સ્ટોક રાહત આપે તેવી શક્યતા છે, પરંતુ ગ્રામીણ વપરાશ પર પ્રતિકૂળ અસર થઈ શકે છે.જ્યારે પણ ચોમાસું નબળું હોય છે, ત્યારે એન્ટ્રી-લેવલ ટુ-વ્હીલર્સની માંગ ધીમી પડી જાય છે.

આ અવલોકન રેટિંગ એજન્સીઓના મંતવ્ય સાથે સુસંગત છે કે જ્યારે કૃષિ આવક દબાણ હેઠળ હોય છે, ત્યારે ઓછી આવક ધરાવતા ગ્રામીણ ગ્રાહકો બિન-આવશ્યક ખરીદી મુલતવી રાખે છે.

રેટિંગ એજન્સીઓ અને ઉદ્યોગ અધિકારીઓ વાવણી, કૃષિ આવક અને વરસાદના વિતરણ પર નજીકથી નજર રાખી રહ્યા છે જેથી નક્કી કરી શકાય કે ગ્રામીણ ખરીદ શક્તિ નાણાકીય વર્ષ ૨૦૨૭ ની શરૂઆતમાં જોવા મળેલી ગતિ જાળવી શકે છે કે નહીં. ભારતમાં ૧ જૂનથી ૨૩ જૂન સુધી દક્ષિણપશ્ચિમ ચોમાસું સામાન્ય કરતાં લગભગ ૪૩% ઓછું હતું, જે ઘણા વર્ષોમાં તેના સૌથી ખરાબ પ્રદર્શનમાંનું એક છે.

### વૈશ્વિક આંચકાઓ છતાં ભારતીય અર્થતંત્ર સ્થિર રહ્યું છે

## બાહ્ય આંચકાઓ છતાં પણ સ્થાનિક નાણાકીય વ્યવસ્થા મજબૂત : RBI

### RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે, AI આધારિત સાયબર હુમલાઓ નજીકના ભવિષ્યમાં સૌથી મોટો પડકાર બની રહેશે. વૈશ્વિક આંચકાઓ છતાં ભારતીય અર્થતંત્ર સ્થિર રહ્યું છે

મુંબઈ

ભારતીય રિઝર્વ બેંકના આજે જાહેર કરાયેલા નાણાકીય સ્થિરતા અહેવાલ (FSR) અનુસાર, સ્થાનિક નાણાકીય વ્યવસ્થા મજબૂત રહે છે, જેને બેંકો અને નોન-બેંકિંગ સંસ્થાઓની મજબૂત બેલેન્સ શીટ્સ દ્વારા ટેકો આપવામાં આવ્યો છે.

શિડયુલ્ડ કોમર્શિયલ બેંકો મજબૂત મૂડી, પર્યાપ્ત પ્રવાહિતા અનામત, સંપત્તિ ગુણવત્તામાં સતત સુધારો અને સ્થિર નફા દ્વારા ટેકો આપવામાં આવ્યો છે.

અહેવાલમાં જણાવાયું છે કે વ્યાપક તાણ પરીક્ષણના પરિણામો સૂચવે છે કે બેંકિંગ સિસ્ટમ સંભવિત આંચકાઓનો સામનો કરવા માટે મજબૂત સ્થિતિમાં છે. અન્ય પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ, એકંદર મૂડી ગુણોત્તર નિયમનકારી ધોરણો કરતાં ઘણો ઉપર રહેવાની અપેક્ષા છે.

બિન-બેંકિંગ નાણાકીય કંપનીઓ (એનબીએફસી) પણ નાણાકીય રીતે મજબૂત છે, જે મજબૂત મૂડીકરણ, સુધારેલ નફાકારકતા અને સુધારેલ




સંપત્તિ ગુણવત્તા દ્વારા સંચાલિત છે.

જોકે, સાયબર ધમકીના દ્રષ્ટિકોણથી, એઆઈ આધારિત સાયબર હુમલાઓ નજીકના ગાળાના સૌથી મહત્વપૂર્ણ પડકાર છે. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ અહેવાલની પ્રસ્તાવનામાં જણાવ્યું હતું કે બે મુખ્ય શક્તિઓ વચ્ચે વધતા ભૌગોલિક રાજકીય વિભાજન અને એઆઈ માં ઝડપી તકનીકી પ્રગતિને કારણે ઉદ્‌ભવતા વિક્ષેપોને કારણે વૈશ્વિક અર્થતંત્ર અને નાણાકીય વ્યવસ્થાનું પુનર્ગઠન કરવામાં આવી રહ્યું છે. વ્યાપક બાહ્ય આંચકાઓ છતાં ભારતીય અર્થતંત્ર અને નાણાકીય વ્યવસ્થાએ નોંધપાત્ર સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. મજબૂત વૃદ્ધિ, નાણાકીય અને બિન-નાણાકીય કંપનીઓની મજબૂત બેલેન્સ શીટે દેશની મેક્રોઈકોનોમિક અને નાણાકીય સ્થિરતા જાળવવામાં મદદ કરી છે. ભારતીય રિઝર્વ બેંકના આજે જાહેર કરાયેલા નાણાકીય સ્થિરતા અહેવાલ (FSR) અનુસાર, સ્થાનિક નાણાકીય વ્યવસ્થા મજબૂત રહે છે, જેને બેંકો અને નોન-બેંકિંગ સંસ્થાઓની મજબૂત બેલેન્સ શીટ્સ દ્વારા ટેકો આપવામાં આવ્યો છે. શિડયુલ્ડ કોમર્શિયલ બેંકો મજબૂત મૂડી, પર્યાપ્ત પ્રવાહિતા અનામત, સંપત્તિ ગુણવત્તામાં સતત સુધારો અને સ્થિર નફા દ્વારા ટેકો આપવામાં આવ્યો છે.

### ચોમાસાના નબળા પ્રારંભથી કપાસ, સોયાબીન, મગફળી સહિતના પાકમાં ધીમું વાવેતર

## મોટાભાગના ખરીફ પાકના વાવણી વિસ્તારમાં જોવા મળતી મોટી ઘટ

મુંબઈ

ચોમાસાના પ્રથમ જ મહિનામાં વરસાદની ચાલીસ ટકા જેટલી ખાધની અસર ખરીફ વાવણી પર જોવા મળી રહી છે. પ્રાપ્ત છેલ્લામાં છેલ્લા આંકડા પ્રમાણે વર્તમાન મોસમમાં ખરીફ વાવેતર અત્યારસુધી ૨૩ ટકા જેટલું નીચુ રહ્યું છે. મોટાભાગના ખરીફ પાકમાં વાવેતરમાં ઘટ જોવા મળી રહી છે.

ગઈ મોસમમાં ૨૫ જૂન સુધીમાં ૨૩૬.૪૬ લાખ હેક્ટર વિસ્તારની સરખામણીએ વર્તમાન વર્ષના સમાન ગાળામાં ૧૮૨.૭૨ લાખ હેક્ટર વિસ્તાર પર ખરીફ વાવેતર પૂરું થયું છે. પ્રારંભમાં નીચા વાવેતરને ધ્યાનમાં રાખતા વર્તમાન વર્ષમાં ખરીફ ઉત્પાદનમાં ઘટ પડવાની શકયતા નકારાતી નથી એમ કૃષિ મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. દેશમાં હવે મોટાભાગના વિસ્તારોમાં ચોમાસુ સક્રિય બની રહ્યું છે ત્યારે ખરીફ વાવણીમાં પ્રગતિની દ્રષ્ટિએ જુલાઈ



મહિનો મહત્વનો બની રહે છે. મોટાભાગના ખરીફ વાવેતર વિસ્તારમાં ઘટ જોવા મળી રહી છે. શેરડીનું વાવેતર વહેલુ શરૂ થયું હોવાથી તેના વાવણી વિસ્તારમાં વધારો થયો છે. મુખ્ય ખરીફ પાક ડાંગર, તુવેર, સોયાબીન, મગફળી, મકાઈ તથા કપાસના વાવેતરમાં ગત વર્ષની સરખામણીએ ઘટ જોવા મળી રહી છે. સામાન્ય રીતે ખરીફ મોસમમાં ૧૧૦૪ લાખ હેક્ટર વિસ્તાર પર ખરીફ વાવેતર થાય છે. વર્તમાન મોસમનું અત્યારસુધીનું વાવેતર સામાન્ય વાવણી વિસ્તારના ૧૬.૫૦ ટકા જેટલું થવા જાય છે. જે ગઈ મોસમમાં ૨૧ ટકા કરતા વધુ રહ્યું હતું. અલ નિનોની અસરને કારણે ચોમાસાનો પ્રારંભ ઢીલમાં પડતા વાવણીની કામગીરી પણ મોડેથી શરૂ થઈ છે. જો કે ચોમાસામાં પ્રગતિ સાથે વાવણીનું કામકાજ જોર પકડવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. છેલ્લા બે વર્ષમાં સારા ચોમાસાને કારણે દેશમાં ખરીફ ઉત્પાદન પ્રોત્સાહક રહેવા પામ્યુ હતું. વર્તમાન વર્ષમાં અલ નિનોની અસરને કારણે ચોમાસુ સામાન્ય કરતા નબળું રહેવાની ધારણાં મૂકવામાં આવી છે.

મુખ્ય ખરીફ પાક ડાંગરનું વાવેતર વાર્ષિક ધોરણે ૨૫ ટકા જેટલું નીચુ રહી ૨૫.૭૫ લાખ હેક્ટર રહ્યું છે જ્યારે, કઠોળના વાવેતરમાં ૩૦ ટકા, તુવેરમાં ૫૮

## સેન્સેક્સ 443 અંક વધીને 76,922 પર બંધ થયો

- નિફ્ટી પણ 140 અંક વધ્યો
- રિયલ્ટી અને FMCG શેરોમાં સૌથી વધુ ખરીદી રહી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 1 જુલાઈએ તેજી જોવા મળી. સેન્સેક્સ લગભગ 443 પોઈન્ટ ઉપર 76,922 ના સ્તરે બંધ થયો. જ્યારે નિફ્ટીમાં પણ લગભગ 140 પોઈન્ટનો વધારો જોવા મળ્યો. તે 24,005 ના સ્તરે બંધ થયો. રિયલ્ટી, FMCG અને મીડિયા શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી. અદ્વૈત જ્વેલ્સના શેરોની આજે શેરબજારમાં સારી એન્ટ્રી થઈ. NSE પર કંપનીનો શેર 188.90 રૂપિયા પર લિસ્ટ થયો. આ તેના 138 રૂપિયાના ઈશ્યૂ પ્રાઈસ કરતાં 36.88% વધુ છે. જ્યારે, BSE પર તેની શરૂઆત 187 રૂપિયા પર થઈ, જે IPO પ્રાઈસ કરતાં 35.51% ઉપર છે. શેરબજારમાં ગઈકાલે એટલે કે 30 જૂને ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 250 પોઈન્ટના ઘટાડા સાથે 76,479 પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ 81 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. તે 23,866 પર બંધ થયો હતો.

આઈશર મોટર્સ, હિન્દુસ્તાન યુનિલિવર અને નેસ્લે ઈન્ડિયા જેવા શેર નિફ્ટી50 પર ટોચના તેજી કરનારાઓમાં સામેલ હતા. એફએમસીજી અને ઓટો સેક્ટરના શેરોમાં જોરદાર ખરીદીએ બજારના ઉપરના વેગને મજબૂત બનાવ્યો. વ્યાપક બજારમાં પણ સકારાત્મક વલણ જોવા મળ્યું. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 0.22% ના વધારા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 0.23% વધ્યો હતો. કયા ક્ષેત્રોમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો? ક્ષેત્રીય સૂચકાંકોની દ્રષ્ટિએ, નિફ્ટી FMCG, નિફ્ટી ઓટો અને નિફ્ટી મીડિયાએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. તેનાથી વિપરીત, નિફ્ટી મેટલ ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો નોંધાયો.

### નદીના પટમાં કરાયું 'કન્ટ્રોલ્ડ ડિમોલિશન'

# સુભાષ બ્રિજના 3 સ્પાનને સુરક્ષિત રીતે તોડી પડાયા



અમદાવાદ

અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતા અત્યંત મહત્વપૂર્ણ એવા જૂના સુભાષ બ્રિજને દૂર કરવાની અતિ જટિલ કામગીરીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને એન્જિનિયરિંગ ટીમને મોટી સફળતા મળી છે. સાબરમતી નદીના પટમાં આવેલા બ્રિજના 3 મહાકાય સ્પાનનું ડિમોલિશન સફળતાપૂર્વક અને સંપૂર્ણ સુરક્ષિત રીતે પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સમગ્ર હાઈ-ટેક ઓપરેશન દરમિયાન તમામ સ્પાનને અત્યંત સાવચેતીપૂર્વક તોડીને 'કન્ટ્રોલ્ડ ડિમોલિશન' પદ્ધતિથી નિયંત્રિત રીતે નીચે નદીના પટમાં ઉતારવામાં આવ્યા હતા. આ મલ્ટી-સ્ટેજ કામગીરી દરમિયાન કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના કે અકસ્માત સર્જાયો નથી, જે તંત્ર માટે મોટી રાહતના સમાચાર છે.

નદીના વહેણ અને આસપાસના સ્ટ્રક્ચરને ધ્યાનમાં રાખીને આ આખી પ્રક્રિયા અત્યંત પડકારજનક હતી. આ સમગ્ર ડિમોલિશન કામગીરી એન્જિનિયરિંગ અને સ્ટ્રક્ચરલ નિષ્ણાતોની સીધી દેખરેખ હેઠળ કોન્ટ્રાક્ટર દ્વારા હાથ ધરવામાં આવી હતી. સાઈટ પર ૨૪ કલાક સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું હતું. આ ઉપરાંત, ધૂળ અને કાટમાળના નિયંત્રણ સહિત ઈન્ટરનેશનલ સેફ્ટી સ્ટાન્ડર્ડના નિર્ધારિત સલામતી ધોરણો અને પ્રોટોકોલનું કડક પાલન કરવામાં આવ્યું હતું. જેના કારણે કલાકો સુધી ચાલેલી આ પ્રક્રિયા કોઈપણ જોખમ વિના સંપન્ન થઈ હતી. ડિમોલિશન શરૂ કરતાં પહેલાં વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી હતી. બ્રિજની આસપાસના સમગ્ર વિસ્તારને પતરાં અને લોખંડી બેરિકેડિંગ કરીને તદ્દન સીલ કરી દેવામાં આવ્યો હતો. આ આખા એરિયાને 'નો એન્ટ્રી ઝોન' એટલે કે પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવામાં આવ્યો હતો. જેથી સામાન્ય નાગરિકો કે વાહનચાલકો ત્યાં પહોંચી ન શકે. ક્રેન અને ભારે મશીનરી ઓપરેટ કરતી વખતે કામદારો અને સ્ટાફની સુરક્ષા માટે ખાસ સુપરવાઈઝર્સ તેનાત રાખવામાં આવ્યા હતા.

**બ્રિજ તૂટ્યા બાદ નદીના પટમાં ભેગા થયેલા વિશાળ ડેબ્રીઝ (કાટમાળ અને કોંક્રિટના ટુકડા)ને હટાવવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી**

ઉલ્લેખનીય છે કે, આજની આ સફળ કામગીરી સાથે જૂના સુભાષ બ્રિજના કુલ ત્રણ અત્યંત મહત્ત્વના ગણાતા સ્પાન જમીનદોસ્ત કરી દેવાયા છે. બ્રિજ તૂટ્યા બાદ નદીના પટમાં ભેગા થયેલા વિશાળ ડેબ્રીઝ (કાટમાળ અને કોંક્રિટના ટુકડા)ને હટાવવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. જેથી નદીનું પર્યાવરણ જોખમાય નહીં. મ્યુનિસિપલ કોર્પોરેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી તબક્કામાં પણ નિર્ધારિત ટાઈમલાઈન અને આયોજન મુજબ, સલામતીના તમામ કડક માપદંડોનું પાલન કરીને બ્રિજના બાકીના હિસ્સાને તોડવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવશે.

### ■ આગામી મે મહિનામાં નવો બ્રિજ તૈયાર થઈ શકે

સંપૂર્ણ બ્રિજને તોડીને હવે નવો બનતાં હવે 9 મહિનાની જગ્યાએ અંદાજિત 16 મહિના એટલે એપ્રિલ અથવા મે-27માં બ્રિજ બનીને તૈયાર થશે. શહેરના સુભાષબ્રિજમાં ખામીના કારણે બ્રિજને સંપૂર્ણપણે ડિમોલિશન કરવાની જગ્યાએ માત્ર સુપર સ્ટ્રક્ચર તોડવાનો નિર્ણય અગાઉથી લઈ લેવામાં આવ્યો હતો. પરંતુ ડિમોલેશનની પ્રક્રિયા દરમિયાન હયાત બ્રિજમાં સ્પાન અને પિલ્લરમાં નુકસાન થઈ શકે તેવી પરિસ્થિતિ ઉભી થતા આખો બ્રિજ તોડીને નવો બનાવવામાં આવી રહ્યો છે.

### ■ 4 ડિસેમ્બરે સુભાષ બ્રિજમાં તિરાડ અને સ્પાનનો ભાગ બેસી ગયો હતો

ગઈ 4 ડિસેમ્બર, 2025ના રોજ અમદાવાદના સુભાષ બ્રિજમાં તિરાડ હોવાનો અને સ્પાનનો ભાગ બેસી જવાની ઘટના સામે આવી હતી. એ બાદ તંત્ર દ્વારા બ્રિજને બંધ કરીને તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરાવવામાં આવી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશને અમુક એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ એજન્સીઓને બ્રિજની મજબૂતાઈ ચકાસવાનું તેમજ રિપેરિંગ માટેના રસ્તા સૂચવવાનું કામ સોંપ્યું હતું. આ ઉપરાંત IIT રૂડકી, IIT મુંબઈ તેમજ SVNIT જેવી સંસ્થાઓ પાસે ટેસ્ટ કરાવવામાં આવ્યા હતા.

---

### અમદાવાદમાં AMCના ડમ્પરનો કહેર

## વિશાલા-પીરાણા રોડ પર ડમ્પરની ટક્કરે 16 વર્ષના કિશોરનું કરુણ મોત

મહત્ત્વનું છે કે, આ ઘટનામાં પરિવારે વ્હાલસોયો ગુમાવતા ભારે માતમ છવાઈ ગયો છે, ડમ્પરચાલક આ અકસ્માત સર્જીને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો

અમદાવાદ

વિશાલા-પીરાણા રોડ પર આજે વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક નિર્દોષ કિશોરે પોતાનો જીવ ગુમાવ્યો છે. દેવ હોટલ પાસે પૂરઝડપે આવી રહેલા એક ડમ્પરના ચાલકે રસ્તા પરથી પસાર થઈ રહેલા ઈલેક્ટ્રિક સ્કૂટરને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે સ્કૂટર સવાર કિશોર રસ્તા પર પટકાતા તેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેને જોતા આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા.



આ અકસ્માતમાં ભોગ બનનાર કિશોરની ઓળખ ૧૬ વર્ષીય રુદ્રેશ રતિલાલ ભરવાડ તરીકે થઈ છે. રુદ્રેશ પોતાનું ઈલેક્ટ્રિક સ્કૂટર લઈને જઈ રહ્યો હતો ત્યારે વિશાલાથી પીરાણા તરફ આવતા ડમ્પરે તેને અડફેટે લીધો હતો. અકસ્માત સર્જ્યા બાદ ડમ્પર ચાલક પોતાની જવાબદારી સમજવાને બદલે ઘટનાસ્થળેથી વાહન લઈને ફરાર થઈ ગયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા રુદ્રેશને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ હોસ્પિટલમાં ટૂંકી સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજતા પરિવારમાં ભારે આક્રંદ છવાઈ ગયો હતો.

આ ઘટના અંગે 'કે' ટ્રાફિક પોલીસ સ્ટેશન દ્વારા કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે ફરાર ડમ્પર ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(a), ૧૨૫(b), ૩૨૪ તથા મોટર વ્હીકલ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ તેજ કરી છે. પોલીસ હાલમાં સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે ડમ્પર ચાલકને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે, જેથી રુદ્રેશના પરિવારને ન્યાય મળી શકે.

---

## વિધવાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યું લાખો રૂપિયાની ઠગાઈ કરી, મેરેજના દિવસે જ મિત્ર ફરાર

અમદાવાદ

હૈદરાબાદથી અમદાવાદ રહેવા આવેલી એક 36 વર્ષીય વિધવા મહિલા ફેસબુક પર સંપર્કમાં આવેલા યુવકની પ્રેમજાળમાં ફસાઈ હતી. આરોપીએ મહિલાને પોતાની પત્ની સાથે છૂટાછેડા થવાના છે તેવી માહિતી આપીને લગ્નની લાલચ આપીને અમદાવાદ બોલાવી હતી. અહીં આરોપીએ પીડિત મહિલા સાથે અલગ-અલગ જગ્યાએ અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. ત્યારબાદ ધંધામાં રોકાણના બહાને મહિલા પાસેથી 19.91 લાખ રૂપિયા રોકડા અને સોનાના દાગીના મળી પડાવી લીધા હતા. લગ્નના દિવસે કોર્ટમાંથી આરોપી અચાનક ફરાર થઈ જતાં અને ફોન બંધ કરી દીધો હતો. આ ઉપરાંત તેના ભાઈએ મહિલાના દાગીના એક ફાઈનાન્સ કંપનીમાં ગિરો મૂકી દીધા હતા અને પાછા આપ્યા નહોતા. જે અંગે પીડિતાએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

સોશિયલ મીડિયા પર અજાણ્યા લોકો સાથેની મિત્રતા કેટલી હદ સુધી ઘાતક સાબિત થઈ શકે છે, તેનો વધુ એક ચોંકાવનારો કિસ્સો અમદાવાદમાં સામે આવ્યો છે.

હૈદરાબાદથી અમદાવાદ રહેવા આવેલી એક 36 વર્ષીય વિધવા મહિલા ફેસબુક પર સંપર્કમાં આવેલા મહેસાણાના યુવકની પ્રેમજાળમાં ફસાઈ હતી. આરોપીએ મહિલાને લગ્નની ખોટી લાલચ આપી અલગ-અલગ જગ્યાએ દુષ્કર્મ આચર્યું હતું. આટલું જ નહીં, ધંધાના બહાને મહિલા પાસેથી 19.91 લાખ રૂપિયા રોકડા અને 18 તોલા સોનાના દાગીના પડાવી લીધા હતા. અંતે લગ્નના દિવસે જ આરોપી કોર્ટમાંથી ફરાર થઈ જતાં પીડિતાએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં બે ભાઈઓ સામે ફરિયાદ નોંધાવી છે.


---


## 22 ફૂડ પેકેટ્સમાં 4 કરોડના ગાંજા સાથે મહારાષ્ટ્રનો શખસ પકડાયો..!

ટ્રોલી બેગની અંદર રાખેલા સામાન્ય ખાધ પદાર્થોના પેકેટોની અંદર ડ્રગ્સ છુપાવવામાં આવ્યું હતું

અમદાવાદ

અમદાવાદના ફોરેન પોસ્ટ ઓફિસમાં પાર્સલ મારફતે ગાંજો મંગાવવાના રેકેટની શાહી હજુ સુકાઈ નથી, ત્યાં જ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ પકડાતા સળવળાટ મચી ગયો છે. કસ્ટમ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) એ એક મોટી કાર્યવાહી કરતા બેંગકોકથી અમદાવાદ આવેલા એક મુસાફર પાસેથી અંદાજે 4 કરોડની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે કિંમતી ગણાતા આ ડ્રગ્સ સાથે મહારાષ્ટ્રના ઉલ્હાસનગરના એક 40 વર્ષીય શખ્સની ધરપકડ કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર 1 જુલાઈ, 2026ના રોજ બેંગકોકથી ફ્લાઈટ નંબર TG-343 દ્વારા અમદાવાદ એરપોર્ટ પર એક પુરુષ મુસાફર ઉતર્યો હતો. આ 40 વર્ષીય આરોપી મહારાષ્ટ્રના ઉલ્હાસનગરનો રહેવાસી છે અને તે પ્રથમ વખત જ વિદેશ પ્રવાસ કરીને અમદાવાદ એરપોર્ટ પર આવ્યો હતો. તેની શંકાસ્પદ હિલચાલને પગલે કસ્ટમ્સના AIU યુનિટે તેને અટકાવ્યો હતો. જ્યારે કસ્ટમ્સ વિભાગના અધિકારીઓએ મુસાફરની ચેક-ઈન કરેલી ટ્રોલી બેગની ઝીણવટભરી તપાસ કરી, ત્યારે તેઓ પણ ચોંકી ઉઠ્યા હતા. ટ્રોલી બેગની અંદર રાખેલા સામાન્ય ખાદ્ય પદાર્થોના પેકેટોની અંદર ડ્રગ્સ છુપાવવામાં આવ્યું હતું.





---

### મહાઠગ પિયુષ પટેલને ક્રાઈમ બ્રાન્ચે ઝડપ્યો

## ED અને CBIમાં સેટિંગ કરાવી આપવાના બહાને કરોડોની ઠગાઈ



અમદાવાદ

સાવધાન! અમદાવાદમાં ED અને CBI જેવી કેન્દ્રીય એજન્સીઓમાં 'સેટિંગ' કરાવી આપવાના બહાને કરોડો રૂપિયા પડાવનાર મહાઠગ પિયુષકુમાર ઉર્ફે સુનિલ પટેલની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આરોપીએ એક ફરિયાદીને ED દ્વારા જપ્ત કરાયેલા રૂપિયા 11.90 કરોડ છોડાવી આપવાની લાલચ આપી હતી અને EDના ઉચ્ચ અધિકારીઓ સાથે મજબૂત સંપર્કો હોવાનો ખોટો દાવો કર્યો હતો. આ કામ કરાવી આપવાના નામે આરોપીએ ફરિયાદી પાસેથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા 3.98 કરોડ પડાવી લીધા હતા. જોકે, આટલી મોટી રકમ લીધા બાદ પણ તેણે કામ નહોતું કર્યું અને પૈસા પરત ન આપીને મોટો વિશ્વાસઘાત કર્યો હતો. આ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, ઠગાઈથી મેળવેલા નાણાં સગેવગે કરવા માટે આરોપી પિયુષ પટેલે ખૂબ ચાલાકીપૂર્વક અન્ય એક વ્યક્તિ સાથે રૂપિયા 3.32 કરોડનો બોગસ લોન કરાર પણ કર્યો હતો. આ ઉપરાંત, કાયદાના સિકંજામાંથી બચવા માટે આરોપીએ દેશ છોડી દીધો હતો. તે વર્ષ 2021માં વનુઆતુ દેશમાં ભાગી ગયો હતો અને ત્યાંનું નાગરિકત્વ પણ મેળવી લીધું હતું.

ત્યારબાદ, કાયદાની આંખમાં ધૂળ ઝોંકીને તે વર્ષ 2022થી ભારતમાં OCI (Overseas Citizen of India) કાર્ડ ધારક તરીકે રહેતો હતો અને સરકારી વિભાગોમાં અટકેલા કામો કઢાવી આપવાના નામે લોકોને પોતાના શિકાર બનાવતો હતો.

આરોપી પિયુષ પટેલ કોઈ નાનો-મોટો ગુનેગાર નથી, તેનો મોટો ક્રિમિનલ ટ્રેક રેકોર્ડ છે. અગાઉ વર્ષ 2020માં તેની સામે સાંથલ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધાયો હતો.

---

## હવે અમદાવાદનાં ખેડૂતો પણ વિફર્યા, પોલીસ સ્ટેશનની આગળ જ માંડવો નાખી ધરણા પર બેઠા

મળતી માહિતી મુજબ, બે દિવસ પહેલાં બાવળામાં ખેડૂત આગેવાન શૈલેષ મેર પર અજાણ્યા શખ્સોએ છરી વડે હુમલો કર્યો હતો

અમદાવાદ

બાવળાના ખેડૂત આગેવાન શૈલેષ મેર પર જીવલેણ હુમલા અને કથિત અપહરણના પ્રયાસના કેસમાં હજુ સુધી આરોપીઓની ધરપકડ ન થતાં ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. આ ઘટનાના વિરોધમાં વિરમગામના ખેડૂત આગેવાન પીન્ટુ કોળીની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં ખેડૂતો અને મહિલા ખેડૂતોએ આજે કેરાળા GIDC પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો. ખેડૂતોએ આરોપીઓને ઝડપવામાં નહીં આવે ત્યાં સુધી પોલીસ સ્ટેશન બહાર જ ધરણા ચાલુ રાખવાની ચેતવણી આપી છે. મળતી માહિતી મુજબ, બે દિવસ પહેલાં બાવળામાં ખેડૂત આગેવાન શૈલેષ મેર પર અજાણ્યા શખ્સોએ છરી વડે હુમલો કર્યો હતો. હુમલાખોરોએ કથિત રીતે તેમનું અપહરણ કરવાનો પણ પ્રયાસ કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ બાદ કેરાળા GIDC પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. ખેડૂત આગેવાનોના જણાવ્યા અનુસાર, સાણંદ તાલુકાના ડરણ ગામે ખેડૂતોની જમીનમાં પાણી નિકાલ માટે પાઈપલાઈન નાખવાના વિરોધમાં શૈલેષ મેર અને પીન્ટુ કોળીએ આગેવાની લીધી હતી. ત્યારબાદ સાણંદના ધારાસભ્ય કનુભાઈ પટેલ સહિતના આગેવાનો સ્થળ પર પહોંચ્યા હતા અને ખેડૂતોના હિતમાં કામ અટકાવવામાં આવ્યું હતું. ખેડૂતોનો આક્ષેપ છે કે આ ઘટનાથી નારાજ તત્વોએ રાજકીય ઈશારે શૈલેષ મેર પર હુમલો કરાવ્યો હતો.





પોલીસના જણાવ્યા અનુસાર, હુમલાના કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને 15 જેટલી અલગ-અલગ ટીમો આરોપીઓની શોધખોળમાં લાગી છે.

---

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI